૨૦૪ વર્ષ

દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર

R.N.I. No. GUJ GUJ/2013/58486

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 303 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ સુદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 December 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20

બુધવાર, ૨૪ ડિસેમ્બર ૨૦૨૫ (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# દેશભરમાં બાંગ્લાદેશ વિરોધી દેખાવ

## પ્રદર્શનકારીઓ બેરિકેડ તોડી હાઈ કમિશનમાં ઘૂસ્યાઃ મોહમ્મદ યુનુસનું પૂતળું સળગાવ્યું








**હિંદુઓનો વિરોધઃ બાંગ્લાદેશના ભારત અને હિંદુઓ વિરોધી વલણ તેમ જ ત્યાં હિંદુઓ પર થતાં અત્યાચારના વિરોધમાં વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળના કાર્યકર્તાઓએ નવી દિલ્હી, મુંબઈ, કોલકાતા, જમ્મુ અને કાશ્મીર સહિત દેશભરમાં બાંગ્લાદેશ હાઈ કમિશન અને ડેપ્યુટી હાઈ કમિશન ખાતે દેખાવ કર્યા હતા. (પીટીઆઈ)**

નવી દિલ્હીઃ બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ હિંસા અને દીપુ ચંદ્ર દાસની ભીડ દ્વારા હત્યાના વિરોધમાં ભારતમાં અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શનો થયાં હતાં. નવી દિલ્હી, કોલકત્તા, મુંબઈ, કાશ્મીરથી લઈને સિલિગુડીમાં પણ બાંગ્લાદેશના વિરોધમાં પ્રદર્શન થયાં હતાં. વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી), બજરંગ દળ અને અન્ય હિન્દુ સંગઠનોના કાર્યકરોએ નવી દિલ્હીમાં મંગળવારે બાંગ્લાદેશ હાઇ કમિશનની બહાર વિશાળ વિરોધ પ્રદર્શન કર્યું હતું. બેનરો અને પોસ્ટરો સાથે બાંગ્લાદેશના વિરોધમાં સૂત્રોચ્ચાર કર્યા હતા અને બાંગ્લાદેશમાં હિન્દુઓની સુરક્ષાની માગ કરી હતી. પ્રદર્શનકારીઓએ બેરિકેડ તોડી નાખ્યા હતા અને પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. પોલીસ ભીડને રોકવા માટે સંઘર્ષ કરી રહી હતી ત્યારે પ્રદર્શનકારીઓએ અનેક બેરિકેડ તોડી નાખ્યા હતા.

એક પ્રદર્શનકારીએ કહ્યું હતું કે , ‘‘જો આપણે આજે અવાજ નહીં ઉઠાવીએ, તો કાલે બધા દીપુ બની જશે.’’ પ્રદર્શનકારીઓ હાથમાં પોસ્ટર અને બેનરો લઈને પહોંચ્યા હતા અને બાંગ્લાદેશ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. ‘‘બાંગ્લાદેશ બોયકોટ’’, ‘‘હિન્દુઓ પર અત્યાચાર બંધ કરો’’ અને ‘‘બાંગ્લાદેશના હિન્દુઓ માટે એક અવાજ’’ જેવા સૂત્રો લગાવ્યાં હતાં. પ્રદર્શનકારીઓએ ‘‘ભારત માતા કી જય’’, ‘‘યુનુસ સરકાર, હોશમાં આવો’’ અને ‘‘હિન્દુ હત્યા બંધ કરો’’ જેવા નારા પણ લગાવ્યા હતા. બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસનું પૂતળું પણ બાળવામાં આવ્યું હતું. નોંધનીય છે કે બાંગ્લાદેશમાં ગુસ્સે ભરાયેલાં ટોળાએ દીપુ ચંદ્ર દાસને માર માર્યો હતો અને તેના મૃતદેહને ઝાડ સાથે લટકાવીને સળગાવી દીધો હતો.

દિલ્હીમાં બાંગ્લાદેશ હાઈ કમિશન પાસે મોટી સંખ્યામાં સંતો, ઋષિઓ અને હિન્દુ સંગઠનોના સભ્યો, સામાન્ય લોકો એકઠા થયા હતા અને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો અને ભારત સરકાર પાસેથી કડક કાર્યવાહીની માગ કરી હતી. દિલ્હી, ગાઝિયાબાદ, નોઈડા, હરિયાણા અને અન્ય રાજ્યોના લોકો પણ પ્રદર્શનમાં જોડાયા હતા.

બીજી તરફ પશ્ચિમ બંગાળના કોલકત્તામાં પણ લોકોએ હવે બાંગ્લાદેશમાં વધી રહેલી અશાંતિ અને લઘુમતીઓ પરના અત્યાચારો સામે અવાજ ઉઠાવ્યો હતો. કોલકાતામાં વિપક્ષી નેતા સુવેન્દુ અધિકારીએ દીપુ ચંદ્ર દાસની હત્યાના વિરોધમાં બાંગ્લાદેશ હાઈ કમિશન તરફ કૂચનું નેતૃત્વ કર્યું હતું. તેઓએ સાધુઓ અને સંતો સાથે પાર્ક સર્કસ-બેક બાગાન ચોક પર બાંગ્લાદેશ ડેપ્યુટી હાઈ કમિશન બિલ્ડિંગ તરફ કૂચ કરી હતી. જોકે, જ્યારે પોલીસે તેમનો રસ્તો રોક્યો, ત્યારે સુવેન્દુ, શંકર ઘોષ અને અન્ય ઘણા ભાજપના નેતાઓ અને સાધુઓ રસ્તા પર બેસી ગયા. દીપુ ચંદ્ર દાસની હત્યાના વિરોધમાં મુહમ્મદ યુનુસ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા હતા.

‘હિન્દુ હુંકર પદયાત્રા’ નામની આ વિરોધ કૂચ ‘બોંગિયો હિન્દુ જાગરણ’નાં બેનર હેઠળ યોજાઈ હતી. આ કૂચ સિયાલદાહથી શરૂ થઈને બાંગ્લાદેશ ડેપ્યુટી હાઈ કમિશન ઓફિસ તરફ આગળ વધી રહી હતી ત્યારે બેકબાગન વિસ્તારમાં પોલીસે તેને અટકાવી હતી. અહીં બાંગ્લાદેશ ડેપ્યુટી હાઈ કમિશન ઓફિસ નજીક વિશાળ પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું હતું. પ્રદર્શનકારીઓએ ‘‘હિન્દુ હિન્દુ ભાઈ ભાઈ’’, ‘‘બાંગ્લાદેશમાં હિન્દુઓની સુરક્ષા’’ અને બાંગ્લાદેશમાં એક હિન્દુ વ્યક્તિની લિંચિંગના વિરોધમાં નારા લગાવ્યા હતા.

બેકબાગન વિસ્તારમાં તણાવ વધી ગયો જ્યારે પ્રદર્શનકારીઓના એક જૂથે ડેપ્યુટી હાઇ કમિશન ઓફિસની નજીક જવાનો પ્રયાસ કરીને પોલીસ બેરિકેડ તોડવાનો પ્રયાસ કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે પોલીસે પ્રદર્શનકારીઓને પાછળ ધકેલી દીધા અને ભીડને વિખેરવા માટે હળવો લાઠીચાર્જ કર્યો હતો.

સિલિગુડીમાં વિવિધ તબક્કામાં વિરોધ પ્રદર્શનો અને દેખાવો શરૂ થયા હતા. બંગિયા હિન્દુ જાગરણ મંચે રવિવારે રાત્રે વિરોધ પ્રદર્શન શરૂ કર્યા હતા. ભારતમાં બાંગ્લાદેશીઓ માટે તમામ તબીબી, શૈક્ષણિક અને અન્ય સુવિધાઓ સ્થગિત કરવાની માગણી સાથે તેઓએ શહેરમાં મશાલ રેલી કાઢી હતી. વિશ્વ હિન્દુ પરિષદના દાર્જિલિંગ જિલ્લા એકમના પ્રમુખ લક્ષ્મણ બંસલે જણાવ્યું હતું કે, ‘‘બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર સતત વધી રહ્યા છે. એક લાચાર હિન્દુને ટોળાએ નિર્દયતાથી જીવતો સળગાવી દીધો. કેન્દ્ર સરકારે હવે બાંગ્લાદેશ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ.’’

જમ્મુ અને કાશ્મીર હાઈ કોર્ટ બાર એસોસિએશને મંગળવારે બાંગ્લાદેશમાં એક હિન્દુ વ્યક્તિની હત્યાનો વિરોધ કર્યો હતો અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને હિન્દુઓને ભારતમાં લાવવા અથવા ત્યાં તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી.

વકીલોએ એવી પણ માગ કરી કે ગેરકાયદેસર બાંગ્લાદેશી અને રોહિંગ્યા પ્રવાસીઓને જમ્મુમાંથી બહાર કાઢવામાં આવે. બાર એસોસિએશનના પ્રમુખ નિર્મલ કે કોટવાલે કહ્યું હતુ કે અમે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર વારંવાર થઈ રહેલા હુમલાઓ અને હત્યાઓની નિંદા કરીએ છીએ. અમે હિન્દુઓનું રક્ષણ ઇચ્છીએ છીએ. અમે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહજીને સંદેશ આપવા માગીએ છીએ કે બાંગ્લાદેશમાં હિન્દુઓ પરના અત્યાચારો રોકવા માટે કડક પગલાં લેવા માટે આખો દેશ તેમની સાથે ઊભો છે. હિન્દુઓને ભારતમાં લાવો અથવા ત્યાં તેમની સુરક્ષા સુનિશ્ચિત કરો. આપણો દેશ તે કરવા સક્ષમ છે.’’

**ભારત અને બાંગ્લાદેશને તણાવ ઓછો કરવા રશિયાની સલાહ**

ઢાકાઃ બાંગ્લાદેશમાં પરિસ્થિતિ તણાવપૂર્ણ છે અને ભારત સાથે દ્વિપક્ષીય સંબંધો જોખમમાં છે. તાજેતરના દિવસોમાં બાંગ્લાદેશમાં ભારતીય દૂતાવાસને નિશાન બનાવવા અને ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરવા સહિત અનેક વિરોધ પ્રદર્શન થયા હતા. બાંગ્લાદેશમાં લઘુમતીઓ સામે ચાલી રહેલી હિંસાથી ભારત પણ ખૂબ ગુસ્સામાં છે. દરમિયાન, બાંગ્લાદેશમાં રશિયન

(જુઓ પાનું ૨) ▶▶

## સોના, ચાંદીના ભાવમાં બીજા દિવસે પણ ભારે તેજી

નવી દિલ્હી : સોના અને ચાંદીમાં સતત બીજા દિવસે તેજી જોવા મળી હતી. સોનાનો દસ ગ્રામનો ભાવ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ૨,૬૫૦ રૂપિયાના ઉછાળા સાથે ૧,૪૦,૮૫૦ રૂપિયા પર પહોંચ્યો હતો. ઓલ ઈન્ડિયા સરાફ એસોસિયેશનના જણાવ્યા પ્રમાણે ગ્લોબલ માર્કેટમાં ઊંચા ટ્રેન્ડને લીધે ભારતમાં પણ ભાવ વધ્યા હતા. ૯૯.૯ ટકા શુદ્ધ સોનાનો ભાવ દસ ગ્રામદીઠ સોમવારે રૂપિયા ૧,૩૮,૨૦૦ થયો હતો. આ વર્ષે સ્થાનિક બજારમાં સોનાનો ભાવ ૬૧,૯૦૦ રૂપિયા એટલે કે ૭૮.૪૦ ટકા વધ્યો હતો. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪એ સોનાનો દસ ગ્રામનો ભાવ ૭૮,૯૫૦ રૂપિયાનો હતો.

એક કિલો ચાંદીનો ભાવ સતત બીજા દિવસે ૨,૭૫૦ રૂપિયા વધીને ૨,૧૭,૨૫૦ રૂપિયા (બધા વેરા સાથે)ની વિક્રમી સપાટીએ પહોંચ્યો હતો. મુંબઈમાં વેરારહિત ધોરણે ચાંદીનો ભાવ રૂપિયા ૩,૨૭૩ વધીને રૂ. ૨,૧૧,૦૦૦, સોનાનો ભાવ (૯૯૫) ભાવ રૂ. ૨,૩૦૩ વધીને રૂ. ૧,૩૫, ૭૩૭ અને ૯૯૯ના સોનાનો ભાવ રૂ. ૨,૩૧૩ વધીને રૂ.૧,૩૬,૨૮૩ થયો હતો. દિલ્હીમાં અગાઉના સત્રમાં ચાંદીનો ભાવ કિલોદીઠ ૨,૧૪,૫૦૦ રૂપિયા થયો હતો. આમાં ૧૦,૪૦૦ રૂપિયાનો ઉછાળો આવ્યો હતો.

સોના-ચાંદીના ભાવ વધવાનું કારણ એ છે કે ફેડરલ રિઝર્વ બૅન્ક ૨૦૨૬માં વધુ રેટ કટ કરે એવી અપેક્ષા છે. કેલેન્ડર યરમાં ચાંદીના ભાવ ૩૧ ડિસેમ્બર,૨૦૨૪ના એક કિલોના ૮૯,૭૦૦ રૂપિયાની સરખામણીમાં ૧,૨૭,૫૫૦ રૂપિયા એટલે કે ૧૪૨.૨ ટકા વધ્યા હતા. (એજન્સી)

## વૈષ્ણોદેવી યાત્રાના નિયમોમાં ફેરફાર

નવી દિલ્હીઃ દર વર્ષે વધતી જતી ભીડને ધ્યાનમાં રાખીને, શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બૉર્ડે મુસાફરીના નિયમોમાં નોંધપાત્ર ફેરફાર કર્યા છે. નવા નિયમો અનુસાર, ભક્તોએ હવે તેમના આરએફઆઈડી યાત્રા કાર્ડ પ્રાપ્ત થયાના ૧૦ કલાકની અંદર તેમની યાત્રા શરૂ કરવાની રહેશે. તેમને દર્શનના ૨૪ કલાકની અંદર કટરા બેઝ કેમ્પ પરત ફરવાનું પણ જરૂરી છે. નવા વર્ષની પૂર્વ સંધ્યાએ માતા વૈષ્ણોદેવીના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભક્તો કટરા પહોંચે છે. બૉર્ડ જણાવ્યું હતું કે એમણે શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બૉર્ડે મુસાફરીના નિયમોમાં નોંધપાત્ર ફેરફાર કર્યા છે.તેનો ઉદ્દેશ્ય ભક્તોને રોકવાનો નથી, પરંતુ તેમની યાત્રાને સુરક્ષિત અને સરળ બનાવવાનો છે, જેથી કોઈ મુશ્કેલી વિના દર્શન કરી શકાય.આ નિયમો તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યા છે અને બધા ભક્તોએ તેનું પાલન કરવું પડશે.શ્રાઈન બૉર્ડે સ્પષ્ટતા કરી છે કે આ નિયમો દરેક ભક્તને લાગુ પડે છે. પગપાળા મુસાફરી કરતા હોય કે હેલિકોપ્ટર અને બેટરી કાર જેવી સુવિધાઓનો ઉપયોગ કરતા હોય, દરેક વ્યક્તિએ નિર્ધારિત સમયની અંદર યાત્રા પૂર્ણ કરવી આવશ્યક છે.

## દાહોદમાં ગોળીબાર અને હિંસા

અમદાવાદઃ દાહોદ શહેરના ગીચ અને સંવેદનશીલ ગણાતા કસ્બા પટરીચોક વિસ્તારમાં ધોળા દિવસે ફાયરિંગની ઘટના બનતા ખળભળાટ મચી ગયો હતો. અગાઉના ઝઘડાનું સમાધાન કરવા ભેગા થયેલા બે પક્ષો વચ્ચે વાત વણસી હતી અને જોતજોતામાં બંદૂકમાંથી ગોળીઓ છૂટતા બે વ્યક્તિઓ લોહીલુહાણ થયા હતા. આ ઘટનાને પગલે આસપાસનાં બજારો બંધ થઈ ગયાં હતાં અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, દાહોદના કસ્બા વિસ્તારમાં સ્થિત કસાઈવાડા પાસે બે મુસ્લિમ જૂથો વચ્ચે જૂના ઝઘડાના સમાધાન માટે બેઠક યોજાઈ હતી. જોકે, ચર્ચા દરમિયાન મામલો બિચક્યો હતો અને ઉશ્કેરાયેલા શખ્સોએ હથિયાર કાઢી પાંચ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

બાદમાં ઘટનાની જાણ થતા જ દાહોદ એ-ડિવિઝન પોલીસ, ડીવાયએસપી જે.પી. ભંડારી, એલસીબી (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) અને એસઓજીની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પોલીસે ફાયરિંગ વાળા સ્થળને કોર્ડન કરી લીધું છે અને ફોરેન્સિક પુરાવા એકત્ર કરવાની તજવીજ હાથ ધરી છે. કોઈ અઘટિત ઘટના ન બને તે માટે વિસ્તારમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ આ ફાયરિંગની ઘટનામાં બે વ્યક્તિઓને ગોળી વાગતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા, જ્યારે આ બંને ઇજાગ્રસ્તોને તાત્કાલિક દાહોદની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જોકે ધોળા દિવસે થયેલા આ ગોળીબારને કારણે સ્થાનિકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

## અમદાવાદમાં ૧૫૦૦ કરોડની કરચોરી પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ૧૫૦૦ કરોડની કરચોરી પકડાતા હડકંપ મચી ગયો હતો. કરચોરી અને આર્થિક ગુનાખોરી ડામવા માટે ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ ઇન્ટેલિજન્સ (ડીજીજીઆઈ) દ્વારા એક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે શંકાસ્પદ કરચોરોના ઘર અને ઓફિસો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. જેમાં અમદાવાદ સ્થિત ‘ટેક્નો વાયર ડેટા સાયન્સ લિમિટેડ’ નામની કંપની શંકાના દાયરામાં હતી. જેમાં તપાસ કરતાં અંદાજે રૂ. ૧૫૦૦ કરોડની જંગી કરચોરી પકડાઈ છે. ડીજીજીઆઈએ કંપનીના ડિરેક્ટર પ્રભાત સોમાણીની ધરપકડ કરી હતી.

ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ ઇન્ટેલિજન્સ (ડીજીજીઆઈ) ની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે કંપની દ્વારા મોટા પાયે ગેરરીતિ આચરીને સરકારી તિજોરીને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. દરોડા દરમિયાન મળી આવેલા દસ્તાવેજો અને પુરાવાઓના આધારે ડીજીજીઆઈની ટીમે આર્થિક ગેરરીતિના પુરાવા એકત્ર કર્યા છે.આ કેસમાં કડક કાર્યવાહી કરતા તપાસ એજન્સીએ કંપનીના ડિરેક્ટર પ્રભાત સોમાણીની ધરપકડ કરી હતી. તેમના પર આરોપ છે કે પ્રભાત સોમાણીએ ડેટા સાયન્સ અને ટેક્નોલોજીના ઓઠા હેઠળ બોગસ બિલિંગ અને ખોટી રીતે ઇનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી) મેળવીને આ કૌભાંડ આચર્યું હતું. કોર્ટે આરોપીને રિમાન્ડ પર સોંપવાની પ્રક્રિયા હાથ ધરી છે, જેથી આ કૌભાંડમાં અન્ય કયા મોટા માથાઓ સામેલ છે અને આ રકમ ક્યાં ટ્રાન્સફર કરવામાં આવી છે તે દિશામાં ઊંડી તપાસ શરૂ કરવામાં આવી છે.

## બસપનો ૨૦૨૬માં એકપણ સાંસદ નહિ હોય

નવી દિલ્હીઃ બહુજન સમાજ પાર્ટીનો રાજકીય આધાર સતત સંકોચાઈ રહ્યો છે. વિધાનસભાથી સંસદ સુધી ધીમે ધીમે નબળો પડી રહ્યો છે. ઉત્તર પ્રદેશ વિધાનસભામાં બસપાનો ફક્ત એક જ ધારાસભ્ય છે અને વિધાનસભા પરિષદમાં કોઈ સભ્ય નથી. લોકસભા પછી ૨૦૨૬માં રાજ્યસભામાં બસપાનો કોઈ સાંસદ રહેશે નહીં.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં બસપા પોતાનું ખાતું ખોલવામાં નિષ્ફળ ગઈ હતી. સંસદમાં બસપાના એકમાત્ર સભ્ય રામજી ગૌતમ રાજ્યસભાના સભ્ય છે. રામજી ગૌતમનો કાર્યકાળ ૨૦૨૬માં સમાપ્ત થશે. આ પછી બસપા સંસદમાં એક પણ સભ્ય વિના રહેશે. બસપાના રાજકીય ઇતિહાસમાં આ પહેલી વાર બનશે કે સંસદના બંને ગૃહો લોકસભા અને રાજ્યસભામાં બસપાના સભ્યોની સંખ્યા શૂન્ય હશે.

ઉત્તર પ્રદેશના ૧૦ રાજ્યસભા સાંસદોનો કાર્યકાળ નવેમ્બર ૨૦૨૬માં સમાપ્ત થઈ રહ્યો છે. આ ૧૦ રાજ્યસભા સાંસદોમાંથી ૮ ભાજપના છે, એસપી અને બીએસપીના એક-એક છે, જેમનો કાર્યકાળ ૨૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સમાપ્ત થાય છે. ૨૦૨૬માં નિવૃત્ત થનારા રાજ્યસભા સાંસદોમાં ભાજપના બ્રૃજલાલ, સીમા દ્વિવેદી, ચંદ્રપ્રભા ઉર્ફે ગીતા, હરદીપ સિંહ પુરી, દિનેશ શર્મા, નીરજ શેખર, અરુણ સિંહ અને બી.એલ. વર્માનો સમાવેશ થાય છે. પ્રોફેસર રામગોપાલ યાદવ એસપીના અને રામજી ગૌતમ બીએસપીના છે.

બીએસપીના રાષ્ટ્રીય સંયોજક રામજી ગૌતમ હાલમાં બીએસપીના એકમાત્ર રાજ્યસભા સભ્ય છે, જે ૨૦૧૯માં ભાજપના સમર્થનથી ચૂંટાયા હતા. રામજી ગૌતમ ૨૦૨૬ના અંતમાં નિવૃત્ત થઈ રહ્યા છે, જે તેમના છ વર્ષના કાર્યકાળના અંતને ચિહ્નિત કરે છે.

યુપી વિધાનસભાની વર્તમાન સંખ્યાબળની વાત કરીએ તો ભાજપ પાસે ૨૫૮ સભ્યો છે, સપા ૧૦૩, અપના દળ ૧૩, આરએલડી ૯, નિષાદ પાર્ટી ૫, સુભાસ્પા ૬, કોંગ્રેસ ૨, જનસત્તા દળ લોકતાંત્રિક ૨, બસપા ૧ અને સપા બળવાખોરો ૩ છે. આનો અર્થ એ છે કે કુલ સભ્યોની સંખ્યા ૪૦૨ છે, જેમાં ૧ બેઠક ખાલી છે. આના આધારે એક રાજ્યસભા બેઠક માટે ૩૭ ધારાસભ્યોનો ટેકો જરૂરી છે. આ ગણતરીના આધારે સપા ૨ રાજ્યસભા બેઠકો અને ભાજપ ૮ બેઠકો જીતી શકે છે.

હાલમાં બસપા એક પણ રાજ્યસભા બેઠક જીતવાની સ્થિતિમાં નથી. માત્ર એક ધારાસભ્ય હોવાથી તે રાજ્યસભા બેઠક જીતવાની વાત તો દૂર, ઉમેદવારી પણ દાખલ કરી શકતી નથી. આ સંદર્ભમાં ૨૦૨૬માં વિધાનસભા ચૂંટણીઓ યોજાનારી રાજ્યોમાં બસપા પાસે કોઈ સમર્થન આધાર નથી. તેથી બસપાને ૨૦૨૭ની યુપી વિધાનસભા ચૂંટણીઓ સંસદમાં પહોંચવા માટે રાહ જોવી પડશે. જો બસપા ૨૦૨૭માં યુપીમાં ૪૦ બેઠકો જીતવામાં નિષ્ફળ જાય તો તે ૨૦૨૯ સુધી સંસદમાં કોઈ પ્રતિનિધિત્વ વિના રહેશે.બસપા હાલમાં તેના સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહી છે. વિધાનસભા પરિષદ અને લોકસભા પછી હવે બસપા રાજ્યસભામાં જાહેર હિતના મુદ્દાઓ પર પોતાનો અવાજ ઉઠાવી શકશે નહીં, કારણ કે પાર્ટી પાસે હવે કોઈ સાંસદ રહેશે નહીં. સાડા ત્રણ દાયકા પછી સંસદના ઉપલા ગૃહ રાજ્યસભામાં બસપા શૂન્ય પર રહેશે, જ્યાં પાર્ટીના કોઈ સભ્ય નહીં હોય.

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બાંગ્લાદેશીઓની વસતિ રોકવા સરમાએ પોતે શું કર્યું?

**બાંગ્લાદેશમાં** ફરી ભડકો થયો છે અને હિંદુઓને નિશાન બનાવીને હુમલા કરાઈ રહ્યા છે ત્યારે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ ફરી આસામમાં જામી પડેલા બાંગ્લાદેશી ઘૂસણખોરોનો મુદ્દો ઉખેળ્યો છે. એક ટીવી ચેનલના કાર્યક્રમમાં સરમાએ આસામની વસ્તીમાં બાંગ્લાદેશીઓના વધી રહેલા પ્રમાણ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરીને દાવો કર્યો કે, આઝાદી વખતે આસામની વસતીમાં બાંગ્લાદેશીઓનું પ્રમાણ ફક્ત ૧૦-૧૫ ટકા હતું પણ અત્યારે આસામની લગભગ ૪૦ ટકા વસ્તી બાંગ્લાદેશી મૂળની છે.

સરમાના કહેવા પ્રમાણે તો, ૨૦૨૭માં વસતી ગણતરી પૂરી થાય પછી જાહેર થનારા આંકડામાં હિંદુ અને મુસ્લિમોની વસતી સરખી થઈ જશે અને આસામની વસતીમાં થઈ રહેલા ફેરફારોના કારણે આસામમાં વહીવટ કરવો મુશ્કેલ થતો જાય છે. સરમાએ હિંદી ફિલ્મોનો ડાયલોગ ફટકારીને એવો દાવો પણ કરી નાખ્યો કે, આસામ અત્યારે બારૂદ કે ઢેર પર બેઠેલું છે.

સરમાએ બાંગ્લાદેશની સ્થિતિ પર પણ જ્ઞાન પીરસ્યું છે કે, બાંગ્લાદેશની કટોકટીનો કાયમી ઈલાજ ફક્ત સર્જરી દ્વારા જ શક્ય છે અને આ સર્જરી નહીં કરાય તો ઉત્તર-પૂર્વ ભારતમાં ગંભીર જોખમો ઊભાં કરશે. 'ચિકન નેક' તરીકે ઓળખાતો સિલિગુડી કોરિડોર ભારતની સૌથી મોટી વ્યૂહાત્મક ચિંતા છે અને ઉત્તર-પૂર્વ ભારતને સુરક્ષિત રાખવા માટે કળથી કે બળથી એટલે કે રાજદ્વારી રીતે કે પછી લશ્કરી પગલાં દ્વારા ૨૦-૨૨ કિલોમીટર જમીન લઈ લેવી પડે.

નરેન્દ્ર મોદી દેશની દરેક સમસ્યા માટે જવાહરલાલ નહેરૂને જવાબદાર ગણાવીને હાથ ખંખેરી નાખે છે. સરમા નહેરુની વાત કરવામાં નાના પડે એટલે ઈન્દિરા ગાંધી પર દોષનો ટોપલો ઢોળી દીધો છે. સરમાએ ૧૯૭૧ના યુદ્ધનો ઉલ્લેખ કરીને કહ્યું કે, ઈન્દિરા ગાંધી ચિકન નેક સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે બાંગ્લાદેશ પાસેથી જમીન માગી શક્યું હોત પણ ઈન્દિરાએ એવું ના કર્યું તેમાં કાયમ માટે માથાનો દુ:ખાવો થઈ ગયો. સરમાએ બીજી પણ ઘણી વાતો કરી છે ને એ બધી વાતોનો સાર આ બે મુદ્દામાં આવી જ જાય છે.

સરમાની એ વાત સો ટકા સાચી છે કે, ચિકન નેક કોરિડોરમાં ભારતને મોટો ખતરો છે પણ આ વાતમાં નવું કશું નથી. સરમા પહેલાં ઘણા લોકો આ વાત કરી ચૂક્યા છે અને કેટલાક વિશ્લેષકો તો સતત ચીમકી આપ્યા જ કરે છે કે આ સમસ્યાનો ઉકેલ ના લવાય તો ભવિષ્યમાં ભારતની સુરક્ષા સામે ખતરો ઊભો થઈ શકે છે કેમ કે ભારતના બાકીના પ્રદેશો ઉત્તર-પૂર્વનાં રાજ્યો સાથે સિલિગુડી કોરિડોર નામની સાંકડી પટ્ટીથી જોડાયેલાં છે. સિલિગુડી કોરિડોર ૨૦૦ કિલોમીટર લાંબીને ૧૭ કિલોમીટર પહોળી જમીનની પટ્ટી છે અને આ પટ્ટી અમુક ઠેકાણે તો માત્ર ૫ કિલોમીટર પહોળી છે. આ પટ્ટીની એક તરફ નેપાળ ને બીજી તરફ બાંગ્લાદેશ છે.

ચિકેન નેક કોરિડોર એટલે કે સિલિગુડી કોરિડોરની પેલી બાજુ સિક્કિમ, અરૂણાચલ પ્રદેશ, મેઘાલય, નાગાલેન્ડ, મિઝોરમ, ત્રિપુરા ને મણિપુર એ ૭ સિસ્ટર સ્ટેટ્સ ને આસામ મળી ૮ રાજ્યો આવેલાં છે. આપણું દોસ્ત ભૂતાન પણ આ કોરિડોરને પેલે પાર છે. ભૂતાન સ્વતંત્ર દેશ છે પણ તેના સંરક્ષણની જવાબદારી આપણી છે. ચીન આપણા આખા ઉત્તર-પૂર્વનાં રાજ્યોને ભારતથી અલગ પાડીને તેને હડપ કરવા માગે છે ને એ માટે તેણે બાંગ્લાદેશને બગલમાં ઘાલવા માંડ્યું છે. બાંગ્લાદેશમાં ભારત વિરોધી માહોલ જ રહે તો ભવિષ્યમાં સિલિગુડી કોરિડર મારફતે ચીન ભારતના પ્રદેશો હડપ કરવાની કોશિશ કરી શકે છે તેથી ખતરો તો છે જ. ચીને સિલિગુડી કોરિડોરની નજીકના પ્રદેશો પર કબજો કર્યો ત્યારે ધારે ત્યારે આપણા પ્રદેશમાં ઘૂસી શકે ને ભૂતાનમાં પણ ઘૂસી શકે.

આ ખતરાનો ઉપાય સર્જરી છે એ પણ સરમાની વાત સાચી છે પણ આ સર્જરી કોણે કરવાની હોય ? કેન્દ્ર સરકારે જ કરવાની હોય ને ? કેન્દ્રમાં ભાજપની સરકાર છે ને સરમા પોતે ભાજપના મુખ્યમંત્રી છે ત્યારે સરમા જાહેર જનતાને જ્ઞાન પીરસવાના બદલે પોતાની સરકારને આ વાત કેમ નથી કરતા ? ને મોટી વાત એ છે કે, કેન્દ્ર સરકાર આ સર્જરી કેમ નથી કરતી ?

સિલિગુડી કોરિડોરનો ખતરો રાતોરાત ઊભો થયો નથી પણ દાયકાઓથી છે. કેન્દ્રમાં ભાજપની સરકાર એક દાયકાથી વધારે સમયથી છે તો આ ખતરાને પહોંચી વળવા પોતાની સરકારે શું કર્યું તેનો હિસાબ આપવાના બદલે સરમા લોકોને બિવડાવે છે એ હાસ્યાસ્પદ લાગે છે.

સરમાએ ૧૯૭૧ના યદ્ધ વખતે ઈન્દિરા ગાંધીએ લીધેલા નિર્ણયો સામે સવાલ કર્યા એ પણ હાસ્યાસ્પદ છે. સરમા સવાલ કરે છે કે, ઈન્દિરા એ વખતે સિલિગુડી કોરિડોર પાછો કેમ ના લઈ શક્યાં ? કોઈ દેશની જમીન રોડ પર પડેલો રૂમાલ નથી કે ગમે તે લઈને ચાલતી પકડી શકે. બીજી વાત એ કે, ભારતે બાંગ્લાદેશમાં પોતાની મરજી પ્રમાણેની સરકાર બનાવડાવી હતી તેથી ભવિષ્યમં કોઈ સમસ્યા ઊભી નહીં થાય એવું માની લીધેલું. સંજોગો બદલાયા ને આ ગણતરી ઊંધી પડી ગઈ તેમાં ઈન્દિરાનો નિર્ણય ભૂલભરેલો ના કહેવાય.

સરમાનું લોજિક લાગું પાડીએ તો શેખ હસીનાના સમયમાં ભારત સાથે બાંગ્લાદેશના સંબંધો સારા જ હતા તો એ વખતે કેમ ૨૦-૨૨ કિલોમીટર જમીન ભારતે પાછી ના લીધી ? મોદીએ ૨૦૧૫માં બાંગ્લાદેશ સાથે સરહદી કરાર કર્યા ત્યારે ૫૧ ગામો લઈને ૧૧૧ ગામો બાંગ્લાદેશને આપી દીધેલાં. એ વખતે આ જમીન કેમ ના લીધી ?

સરમાને સામો સવાલ એ પણ છે કે, ઓપરેશન સિંદૂર વખતે નરેન્દ્ર મોદી સરકાર પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) કેમ પાછું ના લઈ શક્યું ? મોદી સરકારના દાવા પ્રમાણે, ઓપરેશન સિંદૂર વખતે ભારત જીતી રહ્યું હતું. આ વાત સાચી હોય તો પાકિસ્તાન પર દબાણ સર્જીને ભારત પીઓકે કેમ ના લઈ શક્યું ? ભારતે કેમ કશું લીધા વિના યુદ્ધવિરામ સ્વીકારી લીધો ? સરમાએ આ સવાલોના જવાબ આપવા જોઈએ.

સરમાએ બાંગ્લાદેશમાં ૪૦ ટકા વસતી બાંગ્લાદેશી મૂળની હોવાનો દાવો કર્યો છે. આસામમાં છેલ્લાં ૧૦ વર્ષથી ભાજપની સરકાર છે ને કેન્દ્રમાં ૧૧ વર્ષથી સરકાર છે તો આ બાંગ્લાદેશીઓને શોધવા કેમ કશું ના કરાયું ? સરમા પોતે ૫ વર્ષથી મુખ્યમંત્રી છે તો તેમણે શું કર્યું ?

ભાજપના નેતાઓ પોતે કેમ જવાબદારી ના નિભાવી તેનો જવાબ નથી આપતા પણ ભૂતકાળના શાસકો પર દોષનો ટોપલો ઢોળીને હાથ ખંખેરી નાખવામાં પાવરધા છે. સરમા પણ એ જ માનસિકતાનું પ્રદર્શન કરી રહ્યા છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ, બુધવાર, તા. ૨૪-૧૨-૨૦૨૫, પંચક પ્રારંભ

- ભારતીય દિનાંક ૩, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ સુદ-૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ સુદ-૪
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૨મો મોહોર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૫મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઘનિષ્ઠા
- ચંદ્ર મકરમાં રાત્રે ક. ૧૯-૪૫ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૯, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૬, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટદ્ધ

- ભરતીઃ બપોરે ક. ૧૪-૧૩, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૦ (તા. ૨૫)
- ઓટઃ સવારે ક. ૦૮-૩૮, રાત્રે ક. ૨૦-૦૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, પૌષ શુક્લ-ચતુર્થી. ભદ્રા સમાપ્તિ ક. ૧૩-૧૧, પંચક પ્રારંભ ક. ૧૯-૪૫.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, મંગળ -બુધ ગ્રહદેવતાનું પૂજન, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, પરગામ પ્રયાણ મધ્યમ, ધાન્ય ભરવું. બી વાવવું. નિત્ય થતાં પશુ લે-વેચના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય અર્ધચતુષ્કોણ કુટુંબ કલેશ, શુક્ર-નેપ્ચૂન ચતુષ્કોણ અસ્થિર મન, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અણધાર્યા ફેરફારો કર્યા કરે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય અર્ધચતુષ્કોણ, શુક્ર-નેપ્ચૂન ચતુષ્કોણ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ (તા. ૨૫)
- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ- વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-ધનુ (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર . ■

# વિરોધ પછી હરિદ્વારમાં નાતાલનો કાર્યક્રમ રદઃ જબલપુરમાં પણ ક્રિસ્મસને લઈને બબાલ

નવી દિલ્હીઃ નાતાલ ૨૦૨૫ પહેલા જ દેશના ઘણા ભાગોમાં તેનો વિરોધ શરૂ થઈ ગયો છે. ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં હિન્દુ નેતા સાધ્વી પ્રાચીનું નાતાલ પરનું નિવેદન ચર્ચામાં છે. બીજી તરફ જબલપુરમાં હિન્દુ સંગઠનોના કાર્યકરો અને ખ્રિસ્તી સમુદાયના સભ્યો વચ્ચે મારપીટ થઈ હતી. હરિદ્વારમાં યાત્રાળુ પૂજારીઓના વિરોધને કારણે નાતાલની ઉજવણી રદ કરવામાં આવી હતી.

મુઝફ્ફરનગરમાં મીડિયા સાથે વાત કરતા સાધ્વી પ્રાચીએ કહ્યું હતું કે ભારતમાં બે ટકા ખ્રિસ્તીઓ છે, જ્યારે હિન્દુઓનો હિસ્સો ૮૫ ટકા છે. જો ખ્રિસ્તીઓ બે ટકા હોવા છતાં હિન્દુ તહેવારો ઉજવતા નથી, તો પછી હિન્દુઓ ક્રિસમસના દિવસે તેમના બાળકોને કાર્ટૂન કેમ દોરે છે? સાધ્વી પ્રાચીએ પૂછ્યું કે લોકો નાતાલના દિવસે બાળકોને ભેટો વહેંચવા માટે ફક્ત શાળાઓમાં જ કેમ જાય છે. તેઓ મસ્જિદો અને મદરેસામાં કેમ નથી જતા? મદરેસાઓમાં પણ શિક્ષણ આપવામાં આવે છે. ઉત્તર પ્રદેશ પ્રવાસન વિભાગ દ્વારા સંચાલિત ગંગા કિનારે આવેલી ભાગીરથી હોટેલમાં નાતાલની ઉજવણીનું આયોજન કરવામાં આવી રહ્યું હતું. ગંગા કિનારે યોજાવાનો આ કાર્યક્રમ તીર્થ પુરોહિત સમુદાયના વિરોધને કારણે રદ કરવામાં આવ્યો હતો. તીર્થ પુરોહિત ઉજ્જવલ પંડિતે આ કાર્યક્રમનો વિરોધ કર્યો હતો ત્યારબાદ સાંજે રદ કરાયો હતો. ઉજ્જવલ પંડિતે કહ્યું હતું કે કોઈપણ સંજોગોમાં ગંગા કિનારે આવા કાર્યક્રમોને મંજૂરી આપવામાં આવશે નહીં. આખો દેશ અને ખાસ કરીને ઉત્તર પ્રદેશ સનાતન પરંપરાઓને પ્રોત્સાહન આપવા માટે પ્રયત્નશીલ છે, ત્યારે ગંગા કિનારે આવા કાર્યક્રમો કેમ યોજાઈ રહ્યા છે? મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથના નેતૃત્વમાં ત્યાંના અધિકારીઓ એટલા હિંમતવાન બની ગયા છે કે તેઓ ગંગા કિનારે આવા ક્રિસમસ કાર્યક્રમોનું આયોજન કરવાની મંજૂરી આપી રહ્યા છે. જબલપુરમાં ખ્રિસ્તી સમુદાયના સભ્યો અને હિન્દુ સંગઠનોના સભ્યો વચ્ચે ઉગ્ર મારપીટ થઈ હતી. નાતાલ નિમિત્તે હવાબાગમાં ચર્ચના પરિસરમાં એક ખ્રિસ્તી સંગઠને ભોજન સમારંભનું આયોજન કર્યું હતું. હિન્દુ સંગઠનોનો આરોપ છે કે નાતાલની ઉજવણીના નામે હવાબાગ ચર્ચની પાછળના કોમ્યુનિટી હોલમાં મોટી સંખ્યામાં લોકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. શહેરની શાળાના દિવ્યાંગ વિદ્યાર્થીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. હિન્દુ સંગઠનોનો આરોપ છે કે તે બધાને ધર્માંતરણના હેતુથી આમંત્રણ આપવામાં આવ્યું હતું. જ્યારે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને ભાજપના સભ્યોને આ વાતની જાણ થઈ, ત્યારે તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા. આના કારણે હિન્દુ સંગઠનો અને ખ્રિસ્તી સમુદાયના સભ્યો વચ્ચે બોલાચાલી થઈ હતી.





**નગર કીર્તનઃ અમૃતસરમાં મંગળવારે 'વીર બાળ દિવસ' પહેલાં નગર કીર્તનમાં શીખોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. (પીટીઆઈ)**

# અમેઠીમાં છ વાહન અથડાયાંઃ બેનાં મોત, ૧૬ ઘાયલ

અમેઠી : ઉત્તર પ્રદેશના અમેઠી જિલ્લામાં મંગળવારે મોડી રાત્રે ગાઢ ધુમ્મસને લીધે હાઈવે પર છ વાહન અથડાતા બે જણનાં મોત થયાં હતાં અને બીજા ૧૬ જણ ઘાયલ થયા હતા. મુસાફરખાના પોલીસ સ્ટેશન એરિયામાં અન્ડરબ્રિજની નજીક રાતના અઢી વાગ્યે અકસ્માત થયો હતો.

સ્ટેશન હાઉસ ઑફિસર વિવેક સિંહે કહ્યું હતું કે અકસ્માત અમેઠી-સુલતાનપુર ટર્નની નજીક બન્યો હતો. ટ્રક ઝાંખા પ્રકાશને લીધે રોડ પરના રેલિંગ સાથે અથડાઈ હતી. પાછળથી આવેલી બીજી ત્રણ ટ્રક, એક કાર અને એક બસ એકબીજા સાથે અથડાઈ હતી. આને લીધે અનેક વાહનોનો ઢગલો થયો હતો.

વિવેક સિંહે વધુમાં જણાવ્યું હતું કે બે ટ્રક ડ્રાઈવર- પિલભિત જિલ્લાના ગજરુલા કાલાનો મનજિત (૨૪) અને જાયસનો શમશાદ (૨૫)નાં મરણ થયાં હતાં. બીજા ૧૬ ઉતારુ ઘાયલ થયા હતા. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોને સુલતાનપુર જિલ્લા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બીજાઓને મુસાફરખાના કમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પોલીસના જણાવ્યા પ્રમાણે અથડામણમાં ઘાયલ થનારા રાજ્યના લખનઊ સહિતના વિસ્તારોના છે. એક ઘાયલ તો ઝારખંડ ગરહવા જિલ્લાનો છે. (એજન્સી) ■

# કાશ્મીરમાં નવેસરથી હિમવર્ષા, વરસાદ

શ્રીનગર : કાશ્મીરના ભાગોમાં નવેસરની હિમવર્ષા અને વરસાદ પડતાં ખીણના મોટા વિસ્તારોમાં લઘુતમ તાપમાન ઠારબિંદુ કરતાં થોડું ઊંચુ રહ્યું હતું, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. ઉત્તર કાશ્મીરના ગુલમર્ગના સ્કી રિસોર્ટ અને ઊંચી ટેકરીઓમાં આખી રાત હિમવર્ષા પડી હતી. હિમવર્ષા સવારે પડી હતી. શોપિયન જિલ્લા, બાંદીપોરાના મુગલ રોડ અને ગુરેજમાં પણ હિમવર્ષા થઈ હતી. ખીણના સપાટ પ્રદેશમાં વરસાદ પડ્યો હતો.

શ્રીનગરમાં સોમવારે રાતે તાપમાન ૨.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જે રવિવારની રાત કરતાં ચાર ડિગ્રી સેલ્સિયસ અને મોસમના સામાન્ય તાપમાન કરતાં ૫.૧ ડિગ્રી નીચું રહ્યું હતું. ખીણના બીજા વિસ્તારોમાં પણ સામાન્ય કરતા નીચું ઉષ્ણતામાન હતું. એની રેન્જ ૩.૮થી ૫.૬ ડિગ્રી સેલ્સિયસ હતી. (એજન્સી)■

# ઇન્ડિગોને માર્ચ ૨૦૨૬ પછી તુર્કીના વિમાન વાપરવાની પરવાનગી નહીંઃ ડીજીસીએ

નવી દિલ્હીઃ ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) એ ઇન્ડિગો દ્વારા તુર્કી પાસેથી લીઝ પર લીધેલા વિમાનના ઉપયોગ પર કડક વલણ અપનાવ્યું છે, અને સોમવારે પુષ્ટિ કરી હતી કે કેરિયરે માર્ચ ૨૦૨૬ સુધીમાં આવા બધા વિમાનો પરત કરવા પડશે અને વધુ વિસ્તરણની પરવાનગીની કોઈ શક્યતા નથી. ડીજીસીએએ જણાવ્યું હતું કે ઇન્ડિગોને તુર્કીથી વેટ લીઝ પર વિમાન ચલાવવાની મંજૂરી આપવામાં આવી છે, જેમાં અંતિમ મુદત માર્ચ ૨૦૨૬ સુધી માન્ય રહેશે, ત્યારબાદ આ વ્યવસ્થા સમાપ્ત થશે.''આ ઇન્ડિગો એરલાઇન્સ દ્વારા રજૂ કરાયેલ બાંયધરી પર આધારિત છે જેમાં તેઓએ છેલ્લે વખત મુદત વધારવાની માગ કરી હતી, કારણ કે તેમના લાંબા અંતરના વિમાન (અ૩૨૧-ડક્ક્ષ્) ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં ડિલિવર થવાના છે. '' તેવું એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.ડીજીસીએ અનુસાર, તુર્કીની કોરેન્ડન એરલાઇન્સ પાસેથી લેવામાં આવેલા પાંચ બોઇંગ ૭૩૭ વિમાનોની લીઝ ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ સમાપ્ત થશે. હાલમાં, ઇન્ડિગો ૧૫ વિદેશી વિમાન વેટ અથવા ડેમ્પ લીઝ ધોરણે ચલાવે છે, જેમાં તુર્કીના સાતનો સમાવેશ થાય છે. આ વર્ષે ઑગસ્ટમાં, ડીજીસીએએ ઇન્ડિગોને ટર્કિશ એરલાઇન્સ પાસેથી બે લીઝ પર લીધેલા બોઇંગ ૭૭૭ વિમાન ચલાવવા માટે ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી છ મહિનાનો વધારો આપ્યો હતો, જે ચોક્કસ શરતોને આધીન હતો.

# દિલ્હીમાં હવાની ગુણવત્તા 'ગંભીર'

નવી દિલ્હીઃ મંગળવારે સવારે પણ ગાઢ ધુમ્મસને કારણે રાષ્ટ્રીય રાજધાનીમાં વિઝિબિલિટીમાં તીવ્ર ઘટાડો થયો હતો અને હવાની ગુણવત્તા 'ગંભીર' શ્રેણીમાં રહી હતી. ધુમ્મસને લીધે અનેક ફ્લાઇટ્સ અને ટ્રેનો મોડી પડી હોવાના સમાચાર જાણવા મળ્યા હતા. સવારે ૭ વાગ્યાની આસપાસ દિલ્હીમાં હવા ગુણવત્તા સૂચકાંક (એક્યુઆઈ) ૪૧૪ હતો. દિલ્હીના ઘણા ભાગોમાં પ્રદૂષણનું સ્તર ચિંતાજનક રીતે ઊંચું નોંધાયું હતું. મુખ્ય વિસ્તારમાં આનંદ વિહાર (૪૬૬), મુંડકા (૪૫૧), અશોક વિહાર (૪૪૪) અને આઇટીઓ વિસ્તાર (૪૩૬)નો સમાવેશ થાય છે.■

પહેલા પાનાનું ચાલુ

## દેશભરમાં

રાજદૂત એલેક્ઝાન્ડર ગ્રિગોરીવિચ ખોઝિને બંને દેશો વચ્ચેના તણાવનો અંત લાવવા અપીલ કરી હતી.

બાંગ્લાદેશમાં રશિયન રાજદૂત એલેક્ઝાન્ડર ગ્રિગોરીવિચ ખોઝિને બાંગ્લાદેશને આગામી વર્ષે ૧૨ ફેબ્રુઆરીએ યોજાનારી રાષ્ટ્રીય ચૂંટણીઓ પહેલાં અનુકૂળ વાતાવરણ બનાવવા માટે તણાવ ઓછો કરવા વિનંતી કરી હતી. તેમણે ભારત સાથે તણાવ ઓછો કરવાના મહત્ત્વ પર પણ ભાર મૂક્યો હતો. બાંગ્લાદેશમાં રશિયન રાજદૂતે જણાવ્યું હતું કે આ જેટલા વહેલા થઈ જાય તેટલું સારું રહેશે.

તેમણે કહ્યું હતું કે તેઓ બંને દેશોના સંબંધોમાં દખલ કરી રહ્યા નથી પરંતુ તેમનું માનવું છે કે તણાવને તેમના વર્તમાન સ્તરથી આગળ વધતા અટકાવવાનો માર્ગ શોધવો સમજદારીભર્યું રહેશે. સંબંધો પરસ્પર વિશ્વાસ પર આધારિત હોવા જોઈએ. બાંગ્લાદેશમાં ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ યોજાનારી ચૂંટણી અંગે તેમણે આશા વ્યક્ત કરી કે મતદાન સમયસર થશે. ચૂંટણી નિરીક્ષકોની તૈનાતી અંગે રાજદૂતે જણાવ્યું હતું કે તેઓ ચૂંટણી પંચના સંપર્કમાં છે અને કમિશન તરફથી સત્તાવાર આમંત્રણની રાહ જોઈ રહ્યા છે.

ઢાકામાં રશિયન રાજદૂતે જણાવ્યું હતું કે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે તણાવ ઓછો થવો જોઈએ. તેમણે યાદ અપાવ્યું હતું કે ૧૯૭૧માં બાંગ્લાદેશની સ્વતંત્રતામાં ભારતે મુખ્ય ભૂમિકા ભજવી હતી અને તે સમયે રશિયાએ પણ તેને ટેકો આપ્યો હતો.

તેમણે કહ્યું હતું કે ભારત, બાંગ્લાદેશ અને રશિયાએ ખભે ખભો મિલાવીને કામ કર્યું છે. રશિયન રાજદૂતે એમ પણ કહ્યું કે વર્તમાન પરિસ્થિતિમાં તણાવ વધારવો અયોગ્ય રહેશે. રશિયન રાજદૂતે સ્પષ્ટતા કરી કે તેમનો દેશ ભારત અને બાંગ્લાદેશના પરસ્પર બાબતોમાં દખલ કરી રહ્યો નથી, પરંતુ માને છે કે બંને દેશોએ વર્તમાન તણાવને વધુ વધતો અટકાવવા માટે સમજદારીપૂર્વક કાર્ય કરવું જોઈએ.

અમેરિકાના સાંસદોએ બાંગ્લાદેશમાં એક હિન્દુ વ્યક્તિની ભીડ દ્વારા હત્યાની નિંદા કરી હતી. સાંસદ રાજા કૃષ્ણમૂર્તિએ વધતી જતી અસ્થિરતા અને અશાંતિ વચ્ચે દિપુ ચંદ્ર દાસની હત્યાની નિંદા કરી હતી. બાંગ્લાદેશની પરિસ્થિતિ અંગે ભૂતપૂર્વ મંત્રી મોહિબુલ હસન ચૌધરીએ જણાવ્યું હતું કે, ''બાંગ્લાદેશમાં પરિસ્થિતિ ખૂબ જ તંગ છે, ખાસ કરીને રાજધાની ઢાકા અને ચિત્તાગોંગમાં સ્થિતિ તણાવપૂર્ણ છે. તેને શાસક સરકાર તરફથી સમર્થન મળી રહ્યું છે. તેઓ કેટલાક ઉગ્રવાદી પક્ષો અને સંગઠનોને દરરોજ બહાર આવવા અને અરાજકતા ફેલાવવા માટે મદદ કરી રહ્યા છે અથવા પ્રોત્સાહન આપી રહ્યા છે. તેથી ચૂંટણીઓ નજીક આવી રહી છે તેમ પરિસ્થિતિ ખૂબ જ અસ્થિર રહે છે.''

### નવી દિલ્હીમાં બાંગ્લાદેશ હાઈકમિશનમાં ઘૂસ્યા પ્રદર્શનકારીઓ

નવી દિલ્હીઃ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે તણાવ વધતો જોવા મળી રહ્યો છે. નવી દિલ્હીમાં બાંગ્લાદેશ હાઈ કમિશનની બહાર વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી), બજરંગ દળ સહિતના હિંદુ સંગઠનોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. બાંગ્લાદેશમાં હિન્દુ યુવક દિપુ ચંદ્ર દાસની હત્યાના વિરોધમાં સમગ્ર ભારતમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. રાષ્ટ્રીય રાજધાનીમાં બાંગ્લાદેશ હાઈ કમિશનની સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. જ્યારે પ્રદર્શનકારીઓએ બેરિકેડ તોડવાનો પ્રયાસ કર્યો ત્યારે પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. અનેક પ્રદર્શનકારીઓ બાંગ્લાદેશ હાઈકમિશનમાં ઘૂસ્યા હતા. ત્યારબાદ પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે લાઠીચાર્જ કરવો પડ્યો હતો.

બીજી તરફ કોલકાતામાં હિન્દુ સંગઠનોએ દીપુ દાસની હત્યાનો વિરોધ કર્યો હતો. બાંગ્લાદેશ ડેપ્યુટી હાઈ કમિશન તરફ કૂચ કરતા પોલીસે પ્રદર્શનકારીઓને રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ પ્રદર્શનકારીઓએ બેરિકેડ તોડવાનો પ્રયાસ કર્યો હતો. ભાજપે કોલકાતામાં હિન્દુ સંગઠનો પર પોલીસ દ્વારા કરવામાં આવેલા લાઠીચાર્જની નિંદા કરી હતી. ભાજપના નેતા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું, એવું લાગે છે કે જો જમાત-એ-ઈસ્લામી બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ હિંસા કરી રહી છે, તો પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ સરકાર હિન્દુઓ વિરુદ્ધ કાર્યવાહી કરી રહી છે.

બાંગ્લાદેશની જેમ, રાજકીય સંજોગોના આડમાં હિન્દુઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. વીએચપીએ મુંબઈમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. પોલીસે વિરોધ દરમિયાન ઘણા સભ્યોની અટકાયત કરી હતી.

### મુંબઈમાં હિંદુ સંગઠનોનું વિરોધ પ્રદર્શન

મુંબઈઃ બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી) ના કાર્યકર્તાઓએ મંગળવારે મુંબઈમાં બાંગ્લાદેશ ડેપ્યુટી હાઈ કમિશન બહાર વિરોધ પ્રદર્શનો કર્યા હતા. બાંગ્લાદેશમાં હિંદુ યુવકની ટોળા દ્વારા હત્યાના વિરોધમાં પ્રદર્શનો કરવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની બહાર પણ આ પ્રકારનો વિરોધ કરવામાં આવ્યો હતો.

ભગવા ધ્વજ અને 'હિંદુઓ બચાવો'ના પોસ્ટર સાથે હિંદુ સંગઠનોના લગભગ ૫૦ કાર્યકરો બાંગ્લાદેશ ડેપ્યુટી હાઈ કમિશનની બહાર એકઠા થયા હતા અને સૂત્રોચ્ચાર કર્યો હતો. પોલીસ કર્મચારીઓએ પ્રદર્શનકારીઓને દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં મોકલી દીધા હતા. દરમિયાન ૧૦૦થી વધુ કાર્યકરો દ્વારા બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ઇમારતની બહાર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પ્રદર્શનકારીઓએ 'જય શ્રીરામ' ના નારા લગાવતા બીએમસી ભવન અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનલ રેલવે સ્ટેશન વચ્ચેના રસ્તા પર બેસી ગયા હતા અને ટ્રાફિકને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે પોલીસે તેમને ત્યાંથી હટાવીને આઝાદ મેદાનમાં મોકલ્યા હતા. ડેપ્યુટી પોલીસ કમિશનર પ્રવીણ મુંધે ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને પ્રદર્શનકારીઓને રસ્તો ખાલી કરવા વિનંતી કરી હતી.

# ગુજરાતમાં ૨૬ આઈએએસ અધિકારીઓની બદલી

## સંજીવ કુમાર મુખ્ય પ્રધાનના નવા અગ્ર સચિવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા મંગળવારે મોડી સાંજે રાજ્યના વહીવટી માળખામાં વ્યાપક ફેરફાર કરતા ૨૬ જેટલા ભારતીય વહીવટી સેવા (આઈએએસ)ના અધિકારીઓની બદલી અને નિમણૂકના આદેશો જાહેર કરવામાં આવ્યા હતા. આ ફેરફારમાં મુખ્ય પ્રધાન કાર્યાલય (સીએમઓ)થી લઈને શિક્ષણ અને ઊર્જા જેવા મહત્ત્વના વિભાગોમાં નવા અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે.

મુખ્યપ્રધાન કાર્યાલય અને સચિવાલયમાં કરાયેલા ફેરફારની વિગત નીચે મુજબ છે.

(૧) સંજીવ કુમાર: વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ પદેથી બદલી કરીને મુખ્ય પ્રધાનના અગ્ર સચિવ તરીકે નિયુક્ત કરાયા છે. આ ઉપરાંત સંજીવ કુમાર પાસે ગૃહ વિભાગના અગ્ર સચિવ તરીકેનો વધારાનો હવાલો પણ રહેશે. આમ તેઓ મુખ્ય સચિવ એમ. કે. દાસને રિલિવ કરશે.

(૨) ડો. વિક્રાંત પાંડે: તેમને મુખ્ય પ્રધાનના સચિવમાંથી 'અગ્ર મુખ્ય સચિવ' તરીકે બઢતી આપવામાં આવી છે અને માહિતી-પ્રસારણ વિભાગનો વધારાનો હવાલો સોંપાયો છે.

(૩) અજય કુમાર: કેન્દ્રમાંથી પરત ફરતા તેમને મુખ્ય મંત્રીના સચિવ બનાવવામાં આવ્યા છે, સાથે જ ગુજરાત મેરીટાઇમ બોર્ડના સીઈઓનો વધારાનો હવાલો સોંપાયો છે.

જ્યારે શિક્ષણ અને પંચાયત વિભાગમાં (૧) મુકેશ કુમાર: હવે શિક્ષણ વિભાગમાં (ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ) અગ્ર સચિવ તરીકે સેવા આપશે. (૨) મિલિંદ તોરવણે: પંચાયત વિભાગમાંથી બદલી કરીને શિક્ષણ વિભાગમાં (પ્રાથમિક અને માધ્યમિક) અગ્ર સચિવ બનાવાયા છે. (૩) ધનંજય દ્વિવેદી: આરોગ્ય વિભાગમાંથી પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ તરીકે મુકાયા છે.

કૃષિ અને અન્ય મહત્ત્વના વિભાગોમાં (૧) રમેશચંદ મીના: બંદરો અને પરિવહન વિભાગમાંથી કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના અગ્ર સચિવ તરીકે નિયુક્ત થયા. (૨) અરુણકુમાર એમ. સોલંકી: તેમને કૃષિ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ (એસીએસ) તરીકે જવાબદારી અપાઈ છે.(૩) ડો. અંજુ શર્મા: કૃષિ વિભાગમાંથી બદલી કરીને સામાન્ય વહીવટ વિભાગ (પર્સનલ)ના અધિક મુખ્ય સચિવ બનાવાયા છે.

ઊર્જા, નાણાં અને આરોગ્ય વિભાગમાં (૧) અશ્વિની કુમાર: રમતગમત વિભાગમાંથી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અગ્ર સચિવ તરીકે મુકાયા છે. (૨) અવંતિકા સિંઘ ઔલખ: તેમને જીએસપીસીના મેનેજિંગ ડિરેક્ટર (એમડી) બનાવવામાં આવ્યાં છે, આ સાથે જ ગુજરાત ગેસ અને જીએસપીસી એલએનજીનો હવાલો પણ સોંપાયો છે. (૩) સંદીપ કુમાર: નાણાં વિભાગમાં (આર્થિક બાબતો) સચિવ તરીકે નિયુક્ત થયા. (૪) જેનુ દેવન: નાણાં વિભાગમાં (ખર્ચ) સચિવ તરીકે મુકાયા છે.(૫) રાજીવ ટોપનો: સ્ટેટ ટેક્સ કમિશનર પદેથી બદલી કરીને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ બનાવાયા છે.

અન્ય મહત્ત્વની નિમણૂકો પર એક નજર કરીએ તો એમ.એસ. આરતી કન્વર: રાજ્ય વેરા મુખ્ય કમિશનર (અમદાવાદ) તરીકે નિયુક્ત. ડો. વિનોદ રાવ: વન અને પર્યાવરણ વિભાગના નવા અગ્ર સચિવ બનશે. હારીત શુક્લા: મુખ્ય ચૂંટણી અધિકારીની સાથે બંદરો અને પરિવહન વિભાગનો વધારાનો હવાલો સંભાળશે. ડો. સંધ્યા ભુલ્લર: કેન્દ્રથી પરત ફરી આરોગ્ય કમિશનર (અર્બન) તરીકે નિયુક્ત. ડો. રાજેન્દ્ર કુમાર: ટ્રાન્સપોર્ટ કમિશનર તરીકે નિમણૂક. ડો. કુલદીપ આર્ય: પ્રવાસન અને નાગરિક ઉડ્ડયન વિભાગના સચિવ બનાવાયા. લોચન સેહરા: શ્રમ અને રોજગાર વિભાગના સચિવ તરીકે નિયુક્ત. રાજકુમાર બેનીવાલ: જીએનએફસીના નવા મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરાયા. હર્ષદકુમાર આર. પટેલ: સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સચિવ બનશે. રાહુલ ગુપ્તા: રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સચિવ તરીકે મુકાયા છે.

તે જ પ્રકારે મોહમ્મદ શાહિદ: આદિજાતિ વિકાસ વિભાગના અગ્ર સચિવ તરીકે નિયુક્ત થયા છે. રાજેશ માંઝુ: મહેસૂલ નિરીક્ષણ કમિશનરની સાથે સુપરિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સનો વધારાનો હવાલો સંભાળશે.

આ બદલીઓના આદેશ રાજ્યપાલના આદેશથી અગ્ર સચિવ ધનંજય દ્વિવેદી દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા. વહીવટી સરળતા અને નવા લક્ષ્યાંકોને પૂર્ણ કરવા માટે આ ફેરફારો કરવામાં આવ્યા હોવાનું માનવામાં આવે છે.

# અમદાવાદના રંગારંગ કાંકરિયા કાર્નિવલનો ૨૫ ડિસે.થી શુભારંભ, સાત દિવસમાં ૨૫ લાખ જેટલા લોકો આવવાનો અંદાજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના લોકપ્રિય એવા કાંકરિયા કાર્નિવલની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ૨૫ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર દરમિયાન કાંકરિયા કાર્નિવલ-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. આ વખતે કાર્નિવલમાં ડ્રોન શો, પેટ ફેશન શો, જગલર શો તથા દુબઇમાં યોજાતો પાયરો શો (આગ સાથે ડાન્સ) પણ યોજાશે અને દુબઈ જેવો જલસો અમદાવાદમાં જોવા મળશે. સાત દિવસ સુધી યોજાનારા કાર્નિવલમાં ગુજરાતી ગાયક કલાકારો પર્ફોમન્સ કરશે. ઉપરાંત, બેન્ડ શો સહિતના અન્ય આકર્ષણો પણ લોકોને મંત્રમુગ્ધ કરશે. કાર્નિવલમાં લોકોને વહેલી સવારથી રાત સુધી ફ્રીમાં એન્ટ્રી મળશે. કાંકરિયા પરિસરમાં ભીડ ન થાય અને ભાગદોડથી કોઈ દુર્ઘટના ન થાય એના માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ક્રાઉડ મેનેજમેન્ટ કરવા સૌપ્રથમ વખત ટેક્નોલોજીનો ઉપયોગ કરાશે. ૨૫ ડિસેમ્બરના રોજ સાત વાગ્યે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે કાંકરિયા કાર્નિવલને ખુલ્લો મુકાશે.

કાંકરિયાના એન્ટ્રી અને એક્ઝિટ ગેટ પર હેડ કાઉન્ટ કેમેરા લગાવી એની મદદથી કાંકરિયા પરિસરમાં કેટલા લોકોએ પ્રવેશ કર્યો અને કેટલા હાલમાં હાજર છે એનું લાઈવ મોનિટરિંગ પણ કરવામાં આવશે. જો ભીડ ૮૦ હજારથી એક લાખ આસપાસ થઈ જાય તો તાત્કાલિક ધોરણે ગેટ બંધ કરવા માટેની સૂચના અપાય એ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે.

કાંકરિયા લેકફ્રન્ટના અને ઈ-ગવર્નન્સ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ, કાંકરિયા કાર્નિવલમાં દર વર્ષે મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે. ત્યારે કોઈપણ પ્રકારની ભાગદોડ ન થાય અને ભીડ ન વધે એના માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા ક્રાઉડ મેનેજમેન્ટ સિસ્ટમ ગોઠવવા માટે સૂચના આપવામાં આવી હતી. જે અંતર્ગત કાંકરિયા કાર્નિવલમાં કેટલા લોકો પ્રવેશ કરે છે અને કેટલા લોકો હાજર છે એ અંગે લાઇવ માહિતી મેળવવા હેડ કાઉન્ટ કેમેરા લગાવવામાં આવશે.

કાંકરિયાના સાત એન્ટ્રી અને એક્ઝિટ ગેટ સહિત ૩૪ જગ્યા પર સીસીટીવી કેમેરા લાગશે. જેનાથી કેટલા લોકો દ્વારા પ્રવેશ કરવામાં આવ્યો છે અને હાલમાં કેટલા લોકો હાજર છે એનું લાઈવ ફીડ કાંકરિયા ખાતે ઊભા કરવામાં આવનારા પોલીસ કંટ્રોલરૂમ અને પાલડી કમાન્ડ કંટ્રોલરૂમ સેન્ટરથી મળશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કાંકરિયા લેક ફ્રન્ટ વિભાગ સહિત અલગ અલગ વિભાગો દ્વારા કાંકરિયા ખાતે કાર્નિવલની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. કાંકરિયા પરિસરમાં સાફ-સફાઈ તેમજ ૨૫ ડિસેમ્બરના રોજ સાંજે ઉદઘાટન કાર્યક્રમને લઈને તૈયારીઓ કરવામાં આવી છે. દરેક ગેટ પાસે એલઈડી પણ લગાવવામાં આવ્યો છે, જ્યાં બેસીને લોકો કાર્યક્રમ માણી શકશે.

કાંકરિયા ખાતે આવેલા વ્યાયામ વિદ્યાલયમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અલગથી એક કંટ્રોલરૂમ ઊભો કરવામાં આવ્યો છે, જ્યાંથી કાંકરિયા કાર્નિવલની તમામ કામગીરી કરવામાં આવશે.

કાંકરિયા કાર્નિવલમાં સાત દિવસ દરમિયાન ગુજરાતી ગાયક કલાકારો, જેમાં કીર્તિદાન ગઢવી, ગીતા રબારી, ઈશાની દવે, બ્રીજદાન ગઢવી સહિતના કલાકારો પર્ફોર્મન્સ કરશે. કાંકરિયા કાર્નિવલમાં તમામ લોકોને વહેલી સવારે ચાર વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ફ્રીમાં એન્ટ્રી મળશે. અલગ અલગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે અને રાત્રે ૧૦ વાગ્યે ડ્રોન શો થશે.

અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલમાં રૂ. પાંચ હજાર કરોડનો વીમો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેવામાં આવ્યો છે. કાંકરિયા કાર્નિવલમાં સાત દિવસમાં ૨૫ લાખ જેટલા લોકો આવવાનો અંદાજ છે. ત્યારે આગ-અકસ્માતની કોઈ ઘટના બને, જેમાં જાનહાનિ થાય તો તેના માટે વીમો ઉતારવામાં આવ્યો છે. એના પેટે રૂ. ૩ લાખથી વધુનું પ્રીમિયમ ભરવામાં આવ્યું છે. જેથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લોકોની સુરક્ષાને લઈને વીમો ઊતરાવવામાં આવ્યો છે.

# ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાનના હસ્તે ૧૧,૬૦૭ એલઆરડી જવાનને નિમણૂક પત્રો એનાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકાર દ્વારા લોકરક્ષક કેડરની ભરતી પ્રક્રિયામાં પૂર્ણ કરની નવનિયુક્ત જવાનોને નિમણૂક પત્ર આપવામાં આવ્યા હતા. આ ભરતી અંતર્ગત પસંદગી પામેલા ઉમેદવારોને ૨૩ ડિસેમ્બરે ગાંધીનગરના સેક્ટર-૧૧ના રામકથા મેદાનમાં યોજાયેલા કાર્યક્રમમાં ૧૧,૬૦૭ એલઆરડી જવાનને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં યુવક-યુવતીઓ કાર્યક્રમમાં હાજર રહ્યાં હતાં. નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવીએ ૧૧ હજારથી વધુ નવનિયુક્ત લોકરક્ષક દળ (એલઆરડી) જવાનોને અભિનંદન પાઠવતા કહ્યું હતું કે, આજે જે ઉમેદવારો ગામોમાં પરત ફરશે તેઓને હવે સામાન્ય નાગરિક તરીકે નહીં પરંતુ 'દિનેશભાઈ' કે 'સાહેબ' કહીને ઓળખવામાં આવશે. તેમણે નવનિયુક્ત જવાનોને સંબોધતા કહ્યું હતું કે, પોલીસની ખાખી વર્દી સાથે મોટી જવાબદારી જોડાયેલી છે. ધરતી અને સમાજે તમને શું આપ્યું છે તે હંમેશાં યાદ રાખજો. હર્ષ સંઘવીએ વધુમાં કહ્યું હતું કે, મિત્રો સાથે ગળે મળીને પ્રેમ વહેંચજો, પોલીસ બન્યા પછી અનાવશ્યક કડકાઈ ન દાખવશો. હોદ્દાનો સંબંધ માત્ર હોદ્દા પૂરતો જ રહેશે, માનવતા અને સંવેદના ક્યારેય છૂટવી જોઈએ નહીં. ખાખી વર્દી સાથે સમાજમાંથી દૂષણો દૂર કરવાની, રાત-દિવસ નિષ્ઠાપૂર્વક સેવા કરવાની શક્તિ મળી છે. ખાખીની શાન અને ગૌરવ વધે તેવા કાર્યો કરવા માટે તેમણે જવાનોને અપીલ કરી હતી. નાયબ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, આજે પાસ થયેલા ઉમેદવારોના માતા-પિતાનાં સ્વપ્નો સાકાર થયાં છે. રાજ્યના નાગરિકોની મદદ કરવાનો અને તેમના દુ:ખમાં સહભાગી થવાનો ભાવ પોલીસ કર્મચારીમાં હોવો જરૂરી છે. આ વખતે ભરતી બાદ પહેલી વખત જિલ્લા પોસ્ટિંગ માટે વિકલ્પ આપવામાં આવશે. જોકે, પોસ્ટિંગના લાભ સાથે કેટલાક નિયમો પણ લાગુ કરવામાં આવ્યા છે. આ સાથે જ, નવી ભરતી માટે પણ સંપૂર્ણ આયોજન કરવામાં આવ્યું છે. જાન્યુઆરી મહિનાના અંત સુધીમાં દોડની પરીક્ષા તેમજ ગ્રાઉન્ડ પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, નવનિયુક્ત ઉમેદવારોની તાલીમ આજથી જ શરૂ થઈ ગઈ છે. કોઈપણ પરિસ્થિતિમાં અડગ રહી ફરજ બજાવવાની તાલીમ આપવામાં આવશે. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, શાંતિ, સલામતી અને સુરક્ષાના ક્ષેત્રે ગુજરાત આજે દેશ માટે રોલ મોડલ બની રહ્યું છે અને ગુજરાત પોલીસ દળ હંમેશાં અગ્રિમ ભૂમિકા ભજવી રહ્યું છે.મુખ્ય પ્રધાને વધુમાં કહ્યું હતું કે, આજે ૧૧ હજારથી વધુ હોશિયાર યુવાનોને નવી નિમણૂક મળી છે. આ નિમણૂક પત્ર માત્ર નોકરી નથી, પરંતુ રાષ્ટ્રસેવાના સંકલ્પનો અવસર છે. રાજ્યના પોલીસ દળમાં જોડાયેલો નવો વર્ગ 'નાગરિક દેવો ભવ'ના મંત્રને સાકાર કરશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો. રાજ્ય સરકાર સમયબદ્ધ રીતે ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી રહી છે અને સાયબર ક્રાઈમ જેવા અપરાધોને ડામવા માટે પોલીસ દળના આધુનિકીકરણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. ગુનેગારોને પકડવા આધુનિક ટેક્નોલોજી અપનાવવામાં આવી રહી છે.

# ક્રિસ્ટ્મસ ઉપર અમદાવાદમાં માત્ર ૩૫ મિનિટ ફટાકડા ફોડવાનું ફરમાન

અમદાવાદ: ક્રિસમસના તહેવારોની યુવાનો ખાસ રાહ જોઈ રહ્યા હોય છે ત્યારે અમદાવાદ પોલીસે તેમને થોડા નિરાશ કરી નાખ્યા છે. શહેર પોલીસ કમિશનર જી.એસ. મલિકે જાહેરનામું બહાર પાડી જણાવ્યું હતું કે ક્રિસમસ અને નવા વર્ષ પર ફક્ત ૩૫ મિનિટ માટે ફટાકડા ફોડવાની મંજૂરી આપવામાં આવશે. આ આદેશ અનુસાર, ૨૪-૨૫ ડિસેમ્બર અને ૩૧ ડિસેમ્બર-૧ જાન્યુઆરીની રાત્રે રાત્રે ૧૧.૫૫ થી ૧૨.૩૦ વાગ્યા સુધી જ ફટાકડા ફોડી શકાશે. આ સમયની બહાર કોઈ પણ પ્રકારના ફટાકડા ફોડવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩, ગુજરાત પોલીસ અધિનિયમ અને સુપ્રીમ કોર્ટ અને રાષ્ટ્રીય ગ્રીન ટ્રિબ્યુનલ માર્ગદર્શિકા અનુસાર આ આદેશ જારી કરવામાં આવ્યો હતો. આ સાથે માત્ર અધિકૃત એજન્સીઓ દ્વારા માન્ય ગ્રીન ક્રેકર્સને જ મંજૂરી આપવામાં આવશે. હાઇ-ડેસિબલ, સીરીઝ ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ છે. ફટાકડા ફક્ત લાઇસન્સ પ્રાપ્ત વેપારીઓ દ્વારા જ વેચી શકાય છે, જ્યારે ઓનલાઈન વેચાણ પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે. હોસ્પિટલો, શાળાઓ, કોર્ટ, ધાર્મિક સ્થળો, બજારો, સાંકડી ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલ પંપ અને એરપોર્ટ નજીક ફટાકડા ફોડવા પર પ્રતિબંધ છે. આ સાથે તુક્કલ પર પણ પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસે જણાવ્યું હતું કે અમદાવાદમાં ૨૪ ડિસેમ્બરથી ૨ જાન્યુઆરી સુધી પ્રતિબંધો અમલમાં રહેશે અને ઉલ્લંઘન કરનારાઓ સામે કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

# અમદાવાદમાં ૪,૬૦૪ હેક્ટર જગ્યા ઔડાએ ટ્રાન્ઝિટ ઓરિએન્ટેડ ઝોન માટે મંજૂર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના વિકાસ માટે કામ કરતી સરકારી એજન્સી અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (ઔડા)એ શહેરના ૧૦ મુખ્ય માર્ગ પર ૪,૬૦૪ હેક્ટર જમીન પર ટ્રાન્ઝિટ ઓરિએન્ટેડ ઝોનના એક્સટેન્શનને મંજૂરી આપી છે.

આ ડેવલપમેન્ટમાં ૪.૦ ફ્લોર સ્પેસ ઇન્ડેક્સ (એફએસઆઈ) અને પાર્કિંગ કન્સેશનનો સમાવેશ થાય છે. આ લાભ એવા વિસ્તારોમાં પણ મળશે, જ્યાં બસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (બીઆરટીએસ) કોરિડોર અવેલેબલ નથી. ટ્રાન્ઝિટ ઓરિએન્ટેડ ઝોન (ટીઓઝેડ) દ્વારા મેટ્રોરેલ અથવા બીઆરટીએસ જેવા માસ ટ્રાન્સપોર્ટ કોરિડોરની લાઈનમાં ૭૦થી ૧૦૦ મીટર ઊંચી ઈમારતોને એક રીતે પ્રોત્સાહન આપવામાં આવે છે.

આ નિર્ણય ૧૭ ડિસેમ્બરના રોજ ઔડાની ૩૦૯મી બોર્ડ મીટિંગમાં લેવામાં આવ્યો હતો અને હવે તેને અંતિમ મંજૂરી માટે રાજ્ય સરકારને મોકલવામાં આવશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. આ દરખાસ્ત હેઠળ, મુખ્ય રસ્તાઓની બંને બાજુએ ૨૦૦ મીટર બફર ઝોનની અંદરની જમીનને જાહેર કરવામાં આવશે. રસ્તાઓમાં બોપલ ગામ-ઘુમા ગામ; સાયન્સ સિટી સર્કલ-સોલા બ્રિજ, વસંતનગર ટાઉનશીપ સુધી સોલા બ્રિજ-ગોતા ક્રોસરોડ્સ, બોપલ ગામ-સોબો સેન્ટર, ઇસ્કોન સર્કલ વાયા ઉજાલા સર્કલ-વિશાલા જંકશન, સુભાષ બ્રિજ-એરપોર્ટ રોડ, વિસત સર્કલ-વિશ્વકર્મા કોલેજ રોડ, ઝુંડાલ સર્કલ-અંબા ટાઉનશીપ, નરોડા પાટિયા વાયા દેવી સિનેમા-હંસપુરા રિંગ રોડ જંકશન, અને સારંગપુર ગેટ વાયા કાલુપુર ગેટ, ચોખા બજાર અને સિવિલ હોસ્પિટલ વાયા એરપોર્ટ રોડ સુધીનો સમાવેશ થાય છે, તેવી માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

# ગિફ્ટ સિટીમાં વિદેશી અને અન્ય રાજયના મુલાકાતીઓને લીકર પીવાની છૂટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ ટેક સિટી જેને ગિફ્ટ સિટીના નામે ઓળખવામાં આવે છે, ત્યાં લીકર પીવાના નિયમોમાં અગાઉ છૂટછાટ આપવામાં આવી હતી અને ફરી સરકારે નિયમોને વધારે હળવા કર્યા હતા. આ અંગે રાજ્ય સરકારે જણાવ્યું હતું કે ગિફ્ટ સિટીએ ગ્લોબલ ફાઇનાન્સિયલ અને ટેકનોલોજીના હબ તરીકે ઊભરી રહ્યું છે. અહીં ગ્લોબલ ઇનવેસ્ટર, ટેકનિકલ એક્સપર્ટ તેમજ ગિફ્ટ સિટી ખાતે સ્થપાયેલ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરની કંપનીઓ માટે ગ્લોબલ બીઝનેસ ઇકોસિસ્ટમ તથા આર્થિક પ્રવૃત્તિઓમાં વધારો થાય તે હેતુથી ગિફ્ટ સિટી વિસ્તારમાં અપાયેલ વાઈન એન્ડ ડાઈન ફેસિલિટીમાં જરૂરી ફેરફાર કરવામાં આવ્યો છે.

વાઇન ઍન્ડ ડાઇન ફેસિલીટી અંતર્ગત ગિફ્ટ સીટીમાં રહેલ ઔદ્યોગિક એકમોની મુલાકાત અર્થે બહારથી આવતા વિઝીટરોને સરળતાથી ટેમ્પરરી પરમિટ મળે રહે તે હેતુ ફેરફાર કરવામાં આવ્યો હોવાનું સરકારે જણાવ્યું હતું. આ હેતુથી ગિફ્ટ સિટીમાં ઓદ્યોગિક હેતુથી આવતા વિઝિટર્સ વાઈન ઍન્ડ ડાઇન તેમ જ હૉટલ-રેસ્ટારન્ટના અન્ય કોઇ પણ પ્રીમાઇસિસ જેમકે રેસ્ટૉરન્ટ, લોન એરિયા, પુલ સાઇડ, ટેરેસ વગેરેમાં ઉપયોગ કરી શકશે. ગિફ્ટ સિટીમાં મુલાકાત અર્થે આવતા અન્ય દેશના કે રાજ્યના મુલાકાતીઓ સરળતાથી વાઇન ઍન્ડ ડાઇન ફેસિલિટીનો ઉપયોગ કરી શકે તે માટે ગ્લોબલ બિઝનેસ ઇકોસિસ્ટમ ડેવલપ કરવાના હેતુસર ફેરફાર કરવામાં આવ્યો છે.

ગિફ્ટ સિટીમાં યોજાતા આંતરાષ્ટ્રીય-રાષ્ટ્રીય લેવલના કોન્વેશન, કોન્ફરન્સ, બિઝનેસ મીટિંગો જેવી ઇવેન્ટો અંતર્ગત ગ્રુપ પરમિટ સરળતાથી ઇશ્યૂ કરી શકાય તે હેતુથી ઓથોરાઇઝ્ડ ઓફીસરને ઇશ્યૂ કરવાની સત્તા આપવામાં આવી છે. લીકર એક્સેસ પરમિટ-ટેમ્પરરી પરમિટ હોલ્ડર-એક્સટર્નલ પર્સનની મિનિમમ ઉંમર ૨૧ વર્ષ રાખવામાં આવી છે, તેમ પણ સરકારે અખબારી યાદીમાં જણાવ્યું હતું.

ગુજરાતના પ્રવર્તમાન કાયદા કે નશાબંધી નીતિમાં કોઇ પણ પ્રકારનો ફેરફાર કરવામા આવ્યો નથી, તેમ પણ સરકારે સ્પષ્ટ કર્યું હતું. જોકે, સરકારના આ નિર્ણયે વિવાદ પણ છેડ્યો છે. ગુજરાતમાં દારૂબંધી હોવાથી માત્ર ગિફ્ટ સિટી માટે નિયમોમાં ફેરફારનો એક વર્ગ વિરોધ કરી રહ્યો છે.

# દાદરા અને નગરહવેલીમાં ચાઈનીઝ પતંગના દોરાનું આખે આખું કારખાનું પકડાયું, અઢી કરોડનો માલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ રૂરલ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) એ એક ચાઇનીઝ દોરા બનાવતા કારખાના પર છાપો માર્યો હતો અને રૂ. ૨.૩૪ કરોડની સામગ્રી જપ્ત કરી છે, જેમાં પ્રતિબંધિત દોરાનાં ૪૩,૦૦૦ રીલ્સનો સમાવેશ થાય છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

સાણંદમાંથી અગાઉ રૂ.૭.૫ લાખની કિંમતની ચાઇનીઝ પતંગની દોરી જપ્ત કરવામાં આવી હતી તે કેસની તપાસ દરમિયાન, અમદાવાદ રૂરલ એસઓજીએ દાદરા અને નગર હવેલીમાં સપ્લાય ચેઇન શોધી કાઢી હતી અને વંદના ઇન્ડસ્ટ્રીઝ પર દરોડો પાડ્યો હતો. કામગીરી દરમિયાન, પોલીસે મશીનરી અને કાચા માલ સાથે મોટી માત્રામાં પ્રતિબંધિત ચાઇનીઝ પતંગના દોરડા જપ્ત કર્યા હતા.

આ પ્રતિબંધિત દોરા અમદાવાદના વિવિધ સ્થળોએ સપ્લાય કરવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. વાપીના રહેવાસી ફેક્ટરીના માલિક વિરેન પટેલ સામે કેસ નોંધવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે ચાઇનીઝ દોરા પર સમગ્ર ગુજરાતમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે કારણ કે તે જાહેર સલામતી માટે ગંભીર ખતરો છે, જેમાં ઘણા બનાવો નોંધાયા છે જેમાં લોકોને ગળામાં ગંભીર ઇજાઓ થઈ છે, જેમાં જીવલેણ કેસ પણ સામેલ છે. આ માંજો અથવા ચાઈનીઝ દોરોને લીધે પક્ષીઓ પણ મોટા પ્રમાણમાં ઘાયલ થાય છે. આ રેકેટ સંબંધિત ફરિયાદો દાદરા અને નગર હવેલી, સાણંદ, આણંદ અને કોઠ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે, અને પ્રતિબંધિત સામગ્રીના ગેરકાયદેસર ઉત્પાદન અને સપ્લાયમાં સામેલ અન્ય લોકોની શોધ પોલીસ ચલાવી રહી છે.

# સુરતમાં કેબલના કામકાજ દરમિયાન ગેસ પાઈપલાઈનને નુકસાન થતાં ૧૨૦૦ જેટલા ઘરને અસર

અમદાવાદ: ઓપ્ટિકલ ફાઇબર કેબલ નાખવાના કામ દરમિયાન ભૂગર્ભ ગુજરાત ગેસ પાઇપલાઇનને નુકસાન થતાં રવિવારથી રસોઈ ગેસ સપ્લાય ખોરવાઈ જવાથી ભરિમાતા વિસ્તારમાં લગભગ ૧,૨૦૦ ઘરોને અસર થઈ હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

ઘટનાની જાણ થતાં ગુજરાત ગેસની ટીમોએ રવિવારે સમારકામ શરૂ કર્યું હતું, પરંતુ સોમવાર સાંજ સુધીમાં પણ પુરવઠો સંપૂર્ણપણે પુનઃસ્થાપિત કરી શકાયો ન હતો. ડેમેજ ગેસ પાઇપલાઇન શોધવા માટે ખોદકામ દરમિયાન, વરસાદી પાણીના ગટર અને પાણી પુરવઠા લાઇનને પણ આકસ્મિક રીતે નુકસાન થયું હતું, જેના કારણે વિસ્તારમાં પાણી ભરાઈ ગયું હતું. ગેસ પાઇપલાઇનને નુકસાનનું ચોક્કસ પોઈન્ટ શોધી શકાયો ન હોવાથી પાણી ભરાયેલા ખાડાને કારણે સમારકામમાં વિલંબ થયો હતો.

લાંબા સમય માટે ગેસ પાઈપલાઈન બંધ રહેતા શિયાળામાં સવારે પાણી ગરમ કરવાથી માંડી રસોઈ સહિતનાં કામો અટકી પડ્યા હતા. બાળકો માટે ઓવનમાં પાણી ગરમ કર્યાનું અમુક ગૃહિણીઓએ જણાવ્યું હતું.

# સુરેન્દ્રનગરમાં કલેક્ટર અને નાયબ મામલતદારના નિવાસસ્થાને ઈડીની તપાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગર જિલ્લા વહીવટી તંત્રમાં આજે વહેલી સવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની તપાસથી ફફડાટ વ્યાપી ગયો હતો. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા સુરેન્દ્રનગરના કલેક્ટર અને નાયબ મામલતદારના નિવાસસ્થાને અચાનક તપાસ શરૂ કરવામાં આવી હતી. સુરેન્દ્રનગર જિલ્લાના કલેક્ટર ડૉ. રાજેન્દ્ર પટેલ અને નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના નિવાસસ્થાને અચાનક તપાસ શરૂ કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, કેટલીક શંકાસ્પદ નાણાકીય ગતિવિધિઓને આધારે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

મળતી વિગતો અનુસાર સુરેન્દ્રનગર જિલ્લા વહીવટી તંત્રમાં આજે ફફડાટ વ્યાપી ગયો હતો કે જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા સુરેન્દ્રનગરના કલેક્ટર ડૉ. રાજેન્દ્ર પટેલ અને નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના નિવાસસ્થાને અચાનક તપાસ શરૂ કરવામાં આવી હતી.

વહેલી સવારથી જ ઈડીની ટીમોએ બંને અધિકારીઓના રહેઠાણ પર ધામા નાખ્યા હતા અને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, લાંબા સમયથી ચાલી રહેલી કેટલીક શંકાસ્પદ નાણાકીય ગતિવિધિઓને આધારે આ કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ડૉ. રાજેન્દ્ર પટેલ ૨૦૧૫ની બેંચના આઈએએસ અધિકારી છે અને હાલ તેઓ સુરેન્દ્રનગર જિલ્લાના કલેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યા છે. જિલ્લા કલેક્ટર અને નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના નિવાસસ્થાને ઇડી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

બંને અધિકારીઓ સાથે સંકળાયેલા કથિત બેનામી વ્યવહારો અને શંકાસ્પદ નાણાકીય લેવડદેવડ અંગે તપાસ કરવામાં આવી રહી હોવાના અહેવાલો છે. જોકે, ઈડી દ્વારા સત્તાવાર રીતે તપાસ અંગે સ્પષ્ટ માહિતી હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.

## સંસ્થા સમાચાર

### દેવલાલીમાં યુવાચાર્ય પૂ. મહેન્દ્ર ઋષિજી અને પૂ. ધીરગુરુદેવનું પ્રથમવાર મિલન

#### પાંચ કરોડના ખર્ચે સેવા કેન્દ્રનું નૂતનીકરણ

નાશિક નજીક દેવલાલીમાં સાતેક વર્ષ પૂ. શ્રી ધીરગુરુદેવ પધારતાં સૌભાગ્ય - આનંદ સેનેટોરિયમના ઉદ્‌ઘાટન સમારોહમાં શ્રમણ સંઘના યુવાચાર્ય પૂ. મહેન્દ્ર ઋષિજી મ.સા. આદિ તથા પ્રવર્તક પૂ. પ્રકાશમુનિજી મ.સા. આદિ સંતો તથા ૩૫ મહાસતીજીઓનું મંગલ મિલનથી ધર્મોલ્લાસ છવાયો હતો.

સાધ્વીરત્ના પૂ. તરૂલતાજી મ.સ., પૂ. પ્રીતિસુધાજી મ.સ. આદિ, પૂ. કોકિલાજી મ.સ., પૂ. વિભૂતિજી મ.સ., પૂ. જયોતિજી મ.સ. પૂ. જયેશાજી મ.સ., પૂ. દર્શનપ્રભાજી મ.સ. આદિ તથા ઉપાધ્યાય પૂ. ભવ્યમુનિ મ.સા. આદિનું મિલન થયેલ.

કોરલ નેચરોપથી સેન્ટરમાં સારવાર અર્થે પધારતાં કુંદનબેન નવીનભાઈ દોશી, શાંતાબેન ચીમનભાઈ સાવલા, દિનેશભાઈ અને શૈલેશભાઈ ઝવેરી, હર્ષાબેન શરદભાઈ શેઠ, મનીશાબેન નરેશભાઈ દોશી, નૂતનબેન મનસુખભાઈ તુરખીયા, બિમલભાઈ દોશી, રૂપાબેન માંડણભાઈ માલધારી, ભાવનાબેન નિકુંજભાઈ શેઠ વગેરેએ પર્યુપાસનાનો લાભ લીધેલ. આશરે રૂા. પાંચ કરોડના ખર્ચે વૈયાવચ્ચ સેવા કેન્દ્રનં નૂતનીકરણ કાર્ય પૂ. વિનયમુનિ 'વાગીશ', પૂ. ગૌતમમુનિ મ.સા.ના અનુગ્રહથી ચાલુ છે. ■

## મુંબઈમાં સીજીએસટીનો સુપરિન્ટેન્ડેન્ટ પાંચ લાખની લાંચ સ્વીકારતા પકડાયો

મુંબઈઃ ૯૮ લાખ રૂપિયાના ટેક્સની માગણીને લઇ ખાનગી કંપનીને ધમકી આપવા અને બાદમાં કંપની પાસેથી પાંચ લાખ રૂપિયાની લાંચ સ્વીકારવા બદલ સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશને (સીબીઆઇ) સેન્ટ્રલ ગૂડસ એન્ડ સર્વિસીસ ટેક્સ (સીજીએસટી)ના સુપરિન્ટેન્ડેન્ટની ધરપકડ કરી હતી.

મુંબઈમાં સીજીએસટી-૧ ખાતે સુપરિન્ટેન્ડેન્ટ તરીકે કાર્યરત અંકિત અગ્રવાલે કંપની પાસે ૨૦ લાખ રૂપિયાની માગણી કરી હતી, પણ તડજોડને અંતે ૧૭ લાખ રૂપિયા સ્વીકારવાની તૈયારી દર્શાવી હતી અને સોમવારે પાંચ લાખ રૂપિયા પહોંચાડવા માટે કહ્યું હતું. કંપનીના ડિરેક્ટરે સોમવારે ફરિયાદ સાથે સીબીઆઇનો સંપર્ક સાધ્યો હતો, જેને પગલે ગુનો દાખલ કરવામાં આવ્યા બાદ છટકું ગોઠવવામાં આવ્યું હતું. ફરિયાદીની કંપનીનું સુપરિન્ટેન્ડેન્ટે ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ઑડિટ કર્યું હતું. એવો આરોપ કરવામાં આવ્યો હતો કે આરોપીએ ખાનગી કંપની સામે ૯૮ લાખ રૂપિયાના ટેક્સની માગણી ખોટી રીતે કરવાની ધમકી આપી હતી અને મામલાની પતાવટ માટે ૨૦ લાખ રૂપિયાની લાંચ માગી હતી. સીબીઆઇના અધિકારીઓએ અંકિત અગ્રવાલને પાંચ લાખની લાંચ સ્વીકારતાં રંગેહાથ પકડી પાડ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. દરમિયાન સીબીઆઇ દ્વારા આરોપીના મુંબઈના નિવાસસ્થાન તથા ઓફિસમાં સર્ચ કરવામાં આવી હતી. આરોપીના નિવાસેથી ૧૮.૩૦ લાખની રોકડ તથા ખરીદાયેલી મિલકત સંબંધી દસ્તાવેજો મળી આવ્યા હતા. આરોપીની ઓફિસમાંથી ડિજિટલ પુરાવા જપ્ત કરાયા હતા. (પીટીઆઇ)■

## કાંદિવલી-બોરીવલી વચ્ચે છઠ્ઠી લાઈનના કામ માટે ૨૬ અને ૨૭ ડિસેમ્બરે લેવાશે બ્લોક

મુંબઈઃ પશ્ચિમ રેલવેમાં કાંદિવલી-બોરીવલી સેક્શનમાં છઠ્ઠી લાઈનનું કામકાજ પૂરું કરવા માટે ૩૦ દિવસનો મેજર બ્લોક લેવામાં આવશે. આ બ્લોક ૨૦મી ડિસેમ્બરની રાતથી લઈને અઢારમી જાન્યુઆરી સુધી હાથ ધરવામાં આવ્યો છે, જે પૈકી બોરીવલી-કાંદિવલી વચ્ચે મેજર કામકાજ કરવામાં આવશે. આગામી બે નાઈટ બ્લોકને કારણે ૩૦૦થી વધુ ટ્રેનસેવા પર અસર પડી શકે છે, જેથી પ્રવાસીઓને બ્લોકના સમયગાળા દરમિયાન ટ્રાવેલ કરવામાં હાલાકી પડી શકે છે.

પશ્ચિમ રેલવેની અખબારી યાદી અનુસાર બોરીવલીમાં અપ એન્ડ ડાઉન સ્લો લાઈનમાં ઈન્ટરલોકિંગ (ઈઆઈ) પેનલના કમિશનિંગના કામકાજ માટે ૨૬ ડિસેમ્બરના રાતના અગિયાર વાગ્યાથી ૨૭ ડિસેમ્બરના સવારના સાત વાગ્યા સુધી મેજર નોન-ઈન્ટરલોકિંગ બ્લોક હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત ૨૬ ડિસેમ્બરના રાતના અગિયાર વાગ્યાથી ૨૭ અને ૨૮ ડિસેમ્બરના મધ્ય રાત સુધી કાંદિવલી અને દહીસર વચ્ચે ડાઉન ફાસ્ટ લાઈનમાં સ્પીડ રિસ્ક્ટ્રિક્શન પણ લાગુ રહેશે. આ બ્લોકને કારણે અનેક સબર્બનની લોકલ ટ્રેન રદ્ રહેશે, જ્યારે અમુક ટ્રેનોને બોરીવલી/અંધેરી વચ્ચેની લોકલ ટ્રેનને ગોરેગાંવ સુધી દોડાવવામાં આવશે.

બ્લોકને કારણે અપ લાઈનની ૨૨ અને ડાઉન લાઈનની ૧૮ ટ્રેન મળીને કુલ ૪૦ ટ્રેન અને ૨૭ ડિસેમ્બરના ૧૪૯ અપ અને ૧૨૮ ડાઉન ટ્રેન મળીને ૨૭૭ ટ્રેન સર્વિસને અસર થશે. બ્લોકના ત્રણ દિવસ પ્રવાસીઓને નાઈટમાં ટ્રાવેલ કરવામાં હાલાકી પડી શકે છે. આ બ્લોકને કારણે કુલ મળીને ૩૦૦થી વધુ ટ્રેનસેવા પર અસર થવાથી પ્રવાસીઓને મોડી રાતના અથવા વહેલી સવારના ટ્રાવેલ કરવામાં મુશ્કેલી પડી શકે છે, જેથી સિનિયર સિટિઝન પ્રવાસીઓએ શક્ય એટલા પ્રવાસ કરવાનું ટાળવું જોઈએ, એમ પ્રવાસી સંગઠને જણાવ્યું હતું. ■

## મુંબઈ એરપોર્ટ પર ૪૮ કરોડ રૂપિયાનો ગાંજો જપ્તઃ આઠ પ્રવાસીની ધરપકડ

મુંબઈઃ કસ્ટમ્સ વિભાગે મુંબઈ એરપોર્ટ પર ૪૮ કરોડ રૂપિયાનો ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો જપ્ત કરી આઠ પ્રવાસીની ધરપકડ કરી હતી. છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ ૧૮થી ૨૨ ડિસેમ્બર દરમિયાન ઑપરેશન હાથ ધરીને ગાંજાનો જથ્થો જપ્ત કર્યો હતો. બેંગકોક (થાઇલેન્ડ) અને મસ્કત (ઓમાન)થી ફ્લાઇટમાં આવેલા પ્રવાસીઓના સામાનની ઝડતી લેવામાં આવતાં ગાંજો મળી આવ્યો હતો, જે શેમ્પુની બોટલો અને સ્નેક્સના બોક્સમાં છુપવવામાં આવ્યો હતો. બેંગકોકથી આવેલા પાંચ પ્રવાસી પાસેથી ૩૫ કરોડ રૂપિયાનો ૩૫.૦૪૫ કિલો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. અન્ય કેસમાં ૧૮ ડિસેમ્બરે મસ્કતથી આવેલા પ્રવાસીને ૧૬.૨ લાખના એમ્ફેટામાઇન ડ્રગ્સ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો, જ્યારે બે કેસમાં બેંગકોકથી આવેલા પ્રવાસીઓ પાસેથી ૧૩ કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કરાયો હતો. તમામ પ્રવાસીઓને ધરપકડ કરાઇ હતી.ઑપરેશન દરમિયાન કસ્ટમ્સની ટીમે ૩૫.૧૮ લાખ રૂપિયાના હીરાજડિત દાગીના તથા ૨૪.૧૯ લાખ રૂપિયાના હીરા જપ્ત કર્યા હતા. દરમિયાન ૨૨ ડિસેમ્બરે ફુજૈરાથી આવેલા પ્રવાસીઓ પાસેથી ૪૫.૨૬ લાખનું વિદેશી ચલણ મળી આવ્યું હતું. (પીટીઆઇ)■

## નવમા પાનાનું ચાલુ

### પાલિકા ચૂંટણી

કરશે. દરમિયાન બંને એનસીપી એક સાથે આવવાની ચર્ચા બાદ, શરદ પવાર જૂથના પુણે શહેર પ્રમુખ પ્રશાંત જગતાપે ચેતવણી આપી હતી કે જો બંને એનસીપી હાથ મિલાવશે તો તેઓ પક્ષમાંથી રાજીનામું આપી દેશે. જોકે, પ્રશાંત જગતાપની ચેતવણીની બંને એનસીપી પર કોઈ અસર થઈ હોય એવું લાગતું નથી.પુણેમાં ભાજપને સત્તાથી દૂર રાખવા માટે તમામ પક્ષોના ગઠબંધનનો પ્રસ્તાવ તૈયાર કરવામાં આવી રહ્યો છે. એવી ચર્ચા છે કે બંને રાષ્ટ્રવાદીઓ હાથ મિલાવીને ઠાકરેની શિવસેનાને પોતાની સાથે લેશે.

પ્રશાંત જગતાપની ચેતવણી બાદ પુણેમાં બંને એનસીપીના નેતાઓની ગુપ્ત બેઠક ચાલી રહી છે. બંને પક્ષોના સ્થાનિક નેતાઓની બેઠક બાદ, વરિષ્ઠ નેતાઓને માહિતી મોકલવામાં આવશે. ■

### કોલ્હાપુરમાં

જણાવ્યા મુજબ લૂંટની ઘટના સોમવારની મધરાતે ૧૨ વાગ્યાની આસપાસ હાઈવે પર કોલ્હાપુર નજીક કિણી ટોલનાકા પાસે બની હતી. માત્ર પાંચથી સાત મિનિટમાં જ લૂંટને અંજામ અપાયો હોઈ લૂંટારાઓની ઓળખ મેળવવાના પ્રયાસ ચાલી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર કોલ્હાપુરના વેપારીઓના સોના-ચાંદીના દાગીના આંગડિયા દ્વારા મુંબઈમાં લઈ જવામાં આવતા હોવાની માહિતી જાણભેદુએ આપી હતી, જેને આધારે લૂંટની યોજના બનાવાઈ હતી. યોજના મુજબ ત્રણ લૂંટારા પ્રવાસીના સ્વાંગમાં બસમાં જ બેઠા હતા.

મધરાતે કોલ્હાપુરથી મુંબઈ તરફ રવાના થયેલી બસ કિણી ટોલનાકા પાસે પહોંચી ત્યારે એક લૂંટારાએ ડ્રાઈવરને ચાકુની ધાક બતાવી બસ રોકવા કહ્યું હતું. બસ ઊભી રહેતાં જ પાછળથી આવેલી લૂંટારાઓની કાર બસની નજીક આવીને ઊભી રહી હતી. કારમાંથી ઊતરેલા લૂંટારાઓએ બસની ડિકી ખોલાવડાવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ગણતરીની મિનિટમાં જ બસની ડિકીમાંથી ૬૦ કિલો ચાંદી, સોનું અને રોકડ કારમાં ભરવામાં આવ્યા હતા. અંધારાનો લાભ ઉઠાવી લૂંટારા કારમાં ફરાર થઈ ગયા હતા.

બનાવની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. હાઈવે પર ફિલ્મી સ્ટાઈલમાં આટલી મોટી લૂંટ થતાં ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ તપાસમાં લાગી હતી. પોલીસ ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે તપાસ કરી રહી છે. લૂંટારાઓની કારને ટ્રેસ કરવાના પ્રયાસ પોલીસે હાથ ધર્યા હતા.

એક અધિકારીના કહેવા મુજબ લૂંટારા બસમાં જ પ્રવાસ કરતા હતા. વળી, નિર્જન પરિસરમાં બસ રોકી નિયોજનબદ્ધ લૂંટ કરવામાં આવી હોવાથી પહેલાં આરોપીઓએ રૅકી કરી હોવાની શક્યતા નકારી શકાતી નથી. ■

### કૉંગ્રેસ સાથે

ચૂંટણીઓ પોતાના દમ પર લડશે. દિલ્હીમાં કોંગ્રેસ હાઈકમાન્ડ તરફથી સ્પષ્ટ સંકેત મળ્યા પછી જ મુંબઈ કોંગ્રેસે પોતાની તાકાત પર ચૂંટણી લડવા'ના સૂત્રને વધુ આગળ વધારવાનું શરૂ કર્યું છે.

શિવસેના ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉત દિલ્હીમાં કોંગ્રેસ હાઇકમાન્ડનો સંપર્ક કરીને મુંબઈમાં મહા વિકાસ આઘાડીને એક સાથે રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે, તો બીજી તરફ કોંગ્રેસે પોતાનું સ્વતંત્ર વલણ વધુ મજબૂત બનાવ્યું છે. મુંબઈમાં રાજકીય સમીકરણોમાં એવા સંકેતો મળી રહ્યા છે કે કોંગ્રેસ હવે કોઈપણ દબાણને વશ થયા વિના પોતાની તાકાત પર ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યો છે.

તાજેતરમાં યોજાયેલી નગર પંચાયત અને નગર પરિષદની ચૂંટણીઓમાં મહા વિકાસ આઘાડીમાં કોંગ્રેસ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે. આ પરિણામોએ રાજ્યભરમાં કોંગ્રેસને નવું જોમ આપ્યું છે, અને ખાસ કરીને મુંબઈ કોંગ્રેસ છાવણીમાં આત્મવિશ્વાસ વધ્યો હોવાનું ચિત્ર છે. આ સફળતા પછી કોંગ્રેસના નેતાઓ કહી રહ્યા છે કે મુંબઈમાં એકલા લડવાનો નિર્ણય વધુ મજબૂત બન્યો છે.

નગર પંચાયત અને નગર પરિષદના પરિણામો પછી મુંબઈ કોંગ્રેસની તાકાત વધી છે અને કેટલાક કોંગ્રેસના નેતાઓએ જાહેરમાંકહ્યું છે કે સાથી પક્ષોને સાથે લઈને પગ પર કુહાડી મારવાની કોઈ જરૂર નથી. થોડા દિવસો પહેલા, કોંગ્રેસે વંચિત બહુજન આઘાડીના પ્રમુખ પ્રકાશ આંબેડકર સાથે ચર્ચા કરી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે આ બેઠકમાં વંચિતે મુંબઈમાં ૨૦ ટકા બેઠકોની માગ કરી હતી. ■

### નાશિકના

દરમિયાન નાશિકના ચાંદવડ તાલુકાના માલસાને ગામના નમોકાર તીર્થ ખાતે આંતરરાષ્ટ્રીય પંચકલ્યાણક પ્રતિષ્ઠાન ઉત્સવ યોજાવાનો છે. અહીં દેશ-વિદેશમાંથી ૧૦ થી ૧૫ લાખ શ્રદ્ધાળુઓ મુલાકાત લે તેવી સંભાવના છે. કુલ મંજૂર કરાયેલી રકમમાંથી ૨૪ કરોડ ૨૬ લાખ રૂપિયા કાયમી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામો પર ખર્ચ કરવામાં આવશે, જ્યારે ૧૨ કરોડ નવ લાખ રૂપિયા તહેવાર સંબંધિત વ્યવસ્થા માટે ફાળવવામાં આવ્યા છે.

આયોજિત કાર્યોમાં કોંક્રિટના રસ્તાઓ, રક્ષણાત્મક દિવાલો, બોર્ટિંગની સુવિધાઓ, હેલિપેડ, પાર્કિંગ વિસ્તારો, વીજ પુરવઠા માળખાકીય સુવિધાઓ અને સ્વચ્છતા સુવિધાઓનો સમાવેશ થાય છે. ફેસ્ટિવલ માટે કામચલાઉ વ્યવસ્થામાં પાણીની ટાંકીઓની સ્થાપના, ૪૫૦ શૌચાલયનું નિર્માણ, વિદ્યુતીકરણ, સીસીટીવી સર્વેલન્સ, કંટ્રોલ રૂમ અને હંગામી મેડિકલ યુનિટનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ સ્થાનિક રોજગાર પેદા કરવામાં અને નમોકર તીર્થને માત્ર મહારાષ્ટ્રમાં જ નહીં પરંતુ દેશભરમાં એક મુખ્ય જૈન ધાર્મિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવામાં મદદ કરશે એમ પણ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું. (પીટીઆઈ)■

### વિકાસનો

ન્યાયમૂર્તિ ચંદ્રશેખર અને ન્યાયમૂર્તિ ગૌતમ અંખડની ખંડપીઠે અધિકારીઓ પ્રદૂષણ અંગેના નિયમોના પાલનની ખાતરી રાખવામાં નિષ્ફળ ગયા છે એવી ટિપ્પણી કરી મુંબઈ મહાનગરપાલિકા અને મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (એમપીસીબી) ને શહેરમાં વધતા વાયુ પ્રદૂષણને ઘટાડવા માટે ગંભીર પગલાં લેવા નિર્દેશ આપ્યો હતો.

અદાલતના નિર્દેશ બાદ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણી અને એમપીસીબીના સચિવ દેવેન્દ્ર સિંહ મંગળવારે ખંડપીઠ સમક્ષ હાજર થયા હતા. શહેરમાં કથળી રહેલી એર ક્વોલિટી ઇન્ડેક્સ (એક્યુઆઈ) અંગે ચિંતા વ્યક્ત કરતી અરજીઓની સુનાવણી વખતે અદાલતે જણાવ્યું હતું કે 'કૃપા કરીને સૂચનો આપો. આ રીતે કામ નહીં થાય. અધિકારી હોવા ઉપરાંત તમે પણ નાગરિક છો અને તમારી પણ મૂળભૂત ફરજ છે.'

બાંધકામ સ્થળો પર કામ કરતા લોકોને જે પરિસ્થિતિનો સામનો કરવો પડે છે તેની પણ નોંધ લઈ અદાલતે એમપીસીબીને સવાલ કર્યો હતો કે બાંધકામ સ્થળો પર કામ કરતા લોકોના સ્વાસ્થ્ય અંગે કોઈ નિયમો જારી કર્યા છે? લોકોના સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમ હોય છે, પણ તમને ગરીબોની પરવા નથી. તમારે એમને માસ્ક તો આપવું જ જોઈએ.સ્વાસ્થ્યની તકેદારી મૂળભૂત અધિકાર છે. (પીટીઆઈ)■

### મનસે અને શિવસેના

કરી હતી. સંજય રાઉતે કહ્યું કે અમે મુંબઈ મહાનગરપાલિકાની સાથે થાણે, કલ્યાણ ડોંબિવલી, નવી મુંબઈ, મીરા ભાયંદર, પુણે, નાસિક જેવી મહત્વપૂર્ણ મહાનગરપાલિકામાં મનસે સાથે ગઠબંધન કરી રહ્યા છીએ. અન્ય મહાનગરપાલિકામાં પણ સ્થાનિક નેતાઓ એકબીજા સાથે ચર્ચા કરી રહ્યા છે. સ્થાનિક નેતાઓ આગામી બે દિવસમાં ચર્ચા કરીને અંતિમ નિર્ણય લેશે, રાઉતે કહ્યું હતું. રાઉતે ઉમેર્યું હતું કે, મનસે અને શિવસેના વચ્ચેના સત્તાવાર જોડાણની જાહેરાત બુધવારે પત્રકાર પરિષદ યોજીને કરવામાં આવશે. આ પત્રકાર પરિષદમાં શરદ પવારને આમંત્રણ આપવામાં આવશે. તેઓ આવશે એવી અમને અપેક્ષા છે. ■

### ઓનલાઈન બાઈક

માર્ગદર્શિકાનું પાલન કર્યા પછી જ એગ્રીગેટર્સને કાયમી લાયસન્સ આપવામાં આવે છે. જો કે એવું જોવા મળ્યું છે કે પેટ્રોલથી ચાલતા ટૂ-વ્હીલર દ્વારા મોટા પાયે ગેરકાયદેસર મુસાફરોનું પરિવહન ચાલી રહ્યું છે. આ પૃષ્ઠભૂમિ સામે કલ્યાણ સબ-રિજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસ વતી મહાત્મા ફુલે પોલીસ સ્ટેશનમાં ઓનલાઈન એગ્રીગેટર ઓપરેટરો ઓલા, ઉબેર અને રેપિડો સામે કેસ નોંધવામાં આવ્યો હતો અને તમામ પરિવહન અધિકારીઓને સરકારી નીતિઓનું ઉલ્લંઘન કરીને કાર્યરત તમામ ઓનલાઈન એગ્રીગેટર્સ સામે તાત્કાલિક અને કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. આ ઝુંબેશમાં અત્યાર સુધીમાં કુલ ૪૭ ટુ-વ્હીલર ચાલકો સામે ગેરકાયદેસર ટુ-વ્હીલર મુસાફરોના પરિવહન સામે કાર્યવાહી કરવામાં આવી હતી અને લગભગ ૧.૫ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. ■

## હિન્દુ મરણ

**કપોળ**

કરદેજવાળા સ્વ. કુસુમબેન તથા સ્વ. દામોદરદાસ પ્રભુદાસ મોદીના સુપુત્ર અનિલ (ઉં.વ. ૬૮) સોમવાર, તા. ૨૧-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે હંસાના પતિ. ભરત, પરેશના ભાઈ. બિનાના જેઠ. બરવાળા ઘેલાશાવાળા સ્વ. કાંતિલાલ પ્રાણલાલ મહેતા, સ્વ. સુરેશચંદ્ર પ્રાણલાલ મહેતાના ભાણેજ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કોળી પટેલ**

ગામ સાલેજ હાલ વિરારના રહેવાસી વાસંતીબેન ઉત્તમભાઈ પટેલ મંગળવાર, તા. ૧૬-૧૨-૨૫ના શ્રીજી ચરણ પામ્યા છે. તે નમ્રતાના માતુશ્રી. તે જીશાના નાની. તે ભાવેશભાઈના સાસુ. તે સ્વ. મણીલાલ કાલીદાસ તથા સ્વ. ધનુબેન મણીલાલની સુપુત્રી. તે મહેશભાઈ મણીલાલના મોટાબેન. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૨૪-૧૨-૨૫ના સાંજે ૪ થી ૬, સ્થળઃ ભાટીયા ભાગીરથી, દાદીશેઠ અગિયારી લેન, ચીરાબજાર ખાતે રાખેલ છે. પુચ્છપાણીઃ શનિવાર તા. ૨૭-૧૨-૨૫ના સાંજે ૩ થી ૫ કલાકે. ઠે. ૧૪૩-ડી, ખેમકા ભવન, ફણસવાડી, રૂમ નં. ૩, ભોંયતળિયે, સાંઈબાબા મંદિરની પાછળ, મું. ૨. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**ઔદીચ્ય સહસ્ત્ર બસીયા બ્રાહ્મણ સમાજ**

ટીંટોઈ નિવાસી હાલ બેંગ્લોર, અમૃતલાલ નર્મદાશંકર ઠાકર (ઉં.વ. ૮૩) તે મધુબેનના પતિ. જયેશ, મમતા અને તૃપ્તિના પિતાશ્રી. તે સ્વ. નિલાબેન, સ્વ. કેતન ગોર અને વિરલ ભટ્ટના સસરાજી. તે નીકુલ, રિના, નીરેક, હર્ષીલ, એકતા અને કૃષ્ણાના દાદા. તે સ્વ. ભુલેશ્વર નર્મદાશંકર ઠાકર, સ્વ. બબુબેન ડાહ્યાલાલ વ્યાસના ભાઈ. તે જીવીબેન ભુલેશ્વર વ્યાસના જમાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૫-૧૨-૨૫ના ૫થી ૭. ઠે. શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ હોલ, જોષી લેન, ઘાટકોપર (ઈસ્ટ). (ઉત્તર ક્રિયા બેંગ્લોર મુકામે રાખેલ છે.)

**વિશા ખડાયતા વણિક ૨૪૨ એકડો**

કઠલાલ નિવાસી હાલ વિદ્યાવિહાર મુંબઈ, સ્વ. ઈચ્છાબેન જેઠાલાલ શાહના સુપુત્ર ગોવિંદભાઈ (ઉં.વ. ૮૬) તે ગં. સ્વ. કોકિલાબેનના પતિ. દિલીપભાઈના ભાઈ. સ્વ. દીપલ તથા અર્પણ, કીર્તિ, વ્રજેશના પિતા. હેતલ, રૂપલ, સ્વાતિ, બીનાના સસરા. સ્વ. ચંદુલાલ કેશવલાલ શાહના જમાઈ બુધવાર, તા. ૧૭.૧૨.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ડી-૬/૪૫, વિદ્યાવિહાર, ચિત્રાંજનનગર, ઓએનજીસી સોસાયટી નજીક, વિદ્યાવિહાર ઈસ્ટ.

**કચ્છી લોહાણા**

સ્વ. પુષ્પાબેન કાનજીભાઈ ઠક્કર (ચોથાણી) (ઉં.વ. ૮૯) ગામઃ કારી તલાવલી તે સ્વ. કાનજી શિગજી ઠક્કરના ધર્મપત્ની તા. ૨૨.૧૨.૨૫ને સોમવારના રામશરણ પામેલ છે. પુરુષોત્તમ મોટનપુત્રાની પુત્રી. તૃપ્તિ પ્રદીપ ઠક્કર, મનીશા ઠક્કર, હીના વિપુલ ઠક્કર, હર્ષા જીતેશ ઠક્કર, સોનલ કિરણ હીરલેકર, ભાવિની ધર્મેશ મડિયાર, નિકિતા કાનજી ઠક્કરના માતા. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**નાગર બ્રાહ્મણ**

મૂળ જામનગર (ધ્રાફા) હાલે સાંતાક્રુઝ, કિરીટભાઈ ચંદુલાલ ભટ્ટ તા. ૨૨/૧૨/૨૫ના અવસાન થયેલ છે, તે હર્ષાબેનના પતિ. દર્શના (પિન્કી), ભાવિકના પિતાશ્રી. વિશાલ, ખુશાલીના સસરા. અથર્વ, નિત્યા, દિહરના બાપુજી. પારૂલના ભાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, ૨૫/૧૨/૨૫ના ૪:૩૦ થી ૬:૦૦. સ્થળઃ રોટરી સર્વિસ ચેરિટેબલ ટ્રસ્ટ, રોટરી ચોક, જુહુ

### એમ્બ્યુલન્સનો

હેલ્પલાઇન નંબર પર સંપર્ક સાધ્યો હતો. બાદમાં હર્ષને એમ્બ્યુલન્સ (૧૦૮)માં ખસેડાયો હતો, પરંતુ એમ્બ્યુલન્સનો ડ્રાઇવર જમવા માટે જતો રહેતાં રેલવે પોલીસ જીપમાં હર્ષને એનએમએમસી હૉસ્પિટલ, વાશીમાં લઇ જવાયો હતો, જ્યાં ડોક્ટરોએ તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો.

મૃત્યુનું કારણ હાર્ટ એટેક જણાવવામાં આવ્યું હતું. કટોકટીની સ્થિતિમાં એમ્બ્યુલન્સમાં ડ્રાઇવર ૨૪/૭ ઉપલબ્ધ હોવો જોઇએ. આમ છતાં એમ્બ્યુલન્સ છોડીને જતા રહેવું ગંભીર બેદરકારી છે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

વાશી સ્ટેશને સમયસર તબીબી સહાય ન મળતાં ભાઇએ જીવ ગુમાવ્યો તે વિશે હર્ષ પટેલની બહેન અમિકાએ ૧૮ ડિસેમ્બરે સોશિયલ મીડિયા પર વીડિયો શૅર કર્યો હતો. તેણે દાવો કર્યો હતો કે રેલવે સ્ટેશન પર સ્ટ્રેચર, વ્હીલચેર કે પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ નહોતી કે સીપીઆર અથવા ઇમરજન્સી પ્રતિસાદમાં તાલીમબદ્ધ કોઇ કર્મચારી પણ નહોતો. વળી, એમ્બ્યુલન્સમાં ડ્રાઇવર પણ ઉપલબ્ધ ન હોવાથી ગોલ્ડન અવર્સમાં સારવાર ન મળવાથી ભાઇનું મૃત્યુ થયું, એવો આરોપ તેણે કર્યો હતો. પરિવારે સીએસએમટી ખાતે ડીઆરએમ ઓફિસમાં ફરિયાદ નોંધાવી છે.

હર્ષની બહેન વીડિયોમાં જણાવે છે કે સીસીટીવી ફૂટેજ દર્શાવે છે કે હર્ષ હંમેશ મુજબ તે દિવસે ટ્રેનમાં ચઢ્યો. તે સ્વસ્થ દેખાતો હતો, પરંતુ અચાનક તે બેભાન થઇ ગયો, અમને જાણ કરવામાં આવતાં તુરંત સ્ટેશને અમે પહોંચ્યા. પ્રવાસીઓએ હર્ષને કપડાના બનાવેલા હંગામી સ્ટ્રેચર પર સબવે થકી લઇ ગયા. સ્ટેશન બહાર ૧૦૮ એમ્બ્યુલન્સ હતી, પરંતુ ડ્રાઇવર નહોતો. ડ્રાઇવરની વાટ જોઇ, પણ તે નહીં આવતાં આખરે મેં પોલીસ જીપમાં લઇ જવા આગ્રહ કર્યો. જોકે હૉસ્પિટલમાં પહોંચ્યાં ત્યાં સુધી બહુ મોડું થઇ ગયું હતું. સ્ટેશન પર કટોકટી માટે સુસજ્જતાનો અભાવ હોવાનું ખુદ રેલવે અધિકારીઓએ જણાવ્યું હોવાનું અમિકાએ કહ્યું હતું. ■

## જૈન મરણ

કુમુદભાઈ વાડીલાલ શાહ (ઉં.વ. ૮૩) પાટણ નિવાસી વખારનો પાડો હાલ મુંબઈ, મણીબેનના દીકરી. ચંદનબેન તથા વાડીલાલભાઈના સુપુત્ર તા. ૨૨.૧૨.૨૫ના અહિરંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

પાલડી નિવાસી સ્વર્ગીય કેશરીમલજી ભીલોશા વોરાના પુત્ર અશોક કુમારજી (ઉં.વ. ૬૮) તા. ૨૧-૧૨-૨૫ના અવસાન પામેલ છે. લોકાયત ૨૪.૧૨.૨૫ બુધવાર ૭થી ૯. ઠે. સંજય જૈન એ-૧૭૦૨, મહિન્દ્રા એમિનેંટ, પાટકર કોલેજ પાસે, એસ.વી. રોડ, ગોરેગાંવ (પશ્ચિમ).

**દશા શ્રીમાળી જૈન**

સોનગઢ નિવાસી હાલ કાંદિવલી મહેન્દ્ર શાંતિલાલ મહેતા (ઉં.વ. ૭૩) તે સ્વ. મનિષાબેનના પતિ. તે પ્રભાબેન શાંતિલાલ મહેતાના પુત્ર. તે દેવાંગ, પ્રાચી તથા કાજલ તેજસ સંઘવીના પિતા. તે કિઆન નિતારાના દાદા. તે મુકેશ, વિજય, અતુલ, જ્યોત્સના, દક્ષાના ભાઈ. સ્વ. દુર્લભજી મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૫-૧૨-૨૫, ગુરુવારે ૪થી ૬. ઠે. પાવનધામ, મહાવીરનગર, કાંદિવલી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ ડોમ્બિવલી, સ્વ. કુમુદચંદ્ર કપુરચંદ પારેખના પત્ની નિર્મળાબેન (ઉં.વ. ૮૮) તે અ.સૌ. પ્રતિભાબેન બકુલભાઈ શેઠ, અ.સૌ. ભાવનાબેન મુકેશભાઈ મહેતા, કમલેશભાઈ, સ્વ. બીનાબેન, અજયભાઈના માતુશ્રી. સ્વ. મણિલાલ વનેચંદ મહેતાના દીકરી.

તારા રોડ, સાંતાક્રુઝ વેસ્ટ.

**લુહાર સુતાર**

તે ગામ બુધેલવાળા હાલ કાંદિવલી, સ્વ. ધીરજલાલ નાનજીભાઈ ચિત્રોડા (ઉં. વ. ૮૦) સ્વ. કંચનબેનના પતિ. સ્વ. ચીનુભાઈ નાનજીભાઈ ચિત્રોડાના નાનાભાઈ. કાંતિભાઈ, ચંદુભાઈ, કિશોરભાઈ નાનજીભાઈના મોટાભાઈ. સ્વ. રામુબેન બાબુભાઇ સિધ્ધપુરાના જમાઈ. વિજયભાઈ, કિરીટભાઈ, રેખાબેન કૌશિકકુમાર રાઠોડના પિતાશ્રી. જલ્પાબેન, રીનાબેનના સસરા ૨૧/૧૨/૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૫/૧૨/૨૫ના ૫ થી ૭. નિરમલ હોલ, આદર્શનગર પાસે, ઠાકુર કોમ્પ્લેક્સ ૯૦ ફિટ રોડ, કાંદિવલી ઈસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ ઘેડ બગસરા હાલ મીરારોડ, વિજયાબેન પરસોત્તમદાસ રૂપારેલ (ઉં. વ. ૮૭) ૧૯/૧૨/૨૫ના શ્રીચરણ પામેલ છે. તે સ્વ.મથુરાદાસ મંગળજી પટેલિયાની દીકરી. સ્વ. પ્રફુલભાઇ, દીપકભાઈ, લાલભાઈ, શોભનાબેન, સ્વ. કલ્પનાબેનના માતૃશ્રી. જયશ્રીબેન, ઇલાબેન, કોલમબેન, દિનેશભાઇ દત્તા, મનોજકુમાર ગોકાણીના સાસુ. રિદ્ધિ રવિ સેલોઈ, મિહિર-તન્વી તથા પ્રિયંકાના દાદી. સ્વ. જશુબેન જીવનલાલ ચોલેરા, સ્વ. જયાબેન ઓધવજી રૂઘાણીના ભાભી. પ્રાર્થનાસભા ૨૫/૧૨/૨૫ના ૪.૩૦ થી ૬. બાપાસીતારામ મંદિર, અય્યપા મંદિર પાસે, ઇન્દ્રપ્રસ્થ બિલ્ડીંગ સામે, મીરારોડ ઈસ્ટ.

**કંઠી ભાટીયા**

હાલ થાણા, સ્વ. વંદના તુકારામ ગાયકવાડ (નેગાંધી) (ઉં. વ. ૭૮) તે સ્વ. તુકારામ નારાયણ ગાયકવાડના ધર્મપત્ની. સ્વ. ધરમશી અને સ્વ. કેશરબેન નેગાંધીના પુત્રી. મિતા, દીપા અને ધર્મેશના માતાજી. વિનોદ સંપટ, કેતન આશર અને વિધિના સાસુ. સ્વ. જસવૈતભાઈ, શંકરભાઈ, સ્વ. કિશોરભાઈ, ગં.સ્વ. હંસાબેન, ગં.સ્વ. હેમાબેનના બહેન. ગુરુવાર દિ.૧૮-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી ઘોઘારી વણિક**

તળાજા નિવાસી હાલ મુંબઈ, શાંતિભાઈ ગંગાદાસ મુળજીભાઈ શાહ (ઉં. વ. ૭૪) ૨૧/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. ભારતીબેન (ભાનુંબેન)ના પતિ. સ્વ. ચંદુભાઈ, બટુકભાઈ, કનુભાઈ, બાબાભાઈ, જયશ્રીબેન ઈશ્વરરાય, કુંદનબેન કિરીટભાઈ, ચંદનબેન નટુભાઈ, ભાવનાબેન સતીશકુમારના ભાઈ. ચિરાગ, ધવલ, નેહા, નિકેતાના પિતા, મીનલ, નેહલ, જીજ્ઞેશ, મિતેષના સસરા. મધુકાન્તા, સ્વ. મનુભાઈ, વિનુભાઈ, ચીમનભાઈ, જીતુભાઇ બળવંતરાય મહેતા (સેંદરડા)ના બનેવી. પ્રાર્થનાસભા ૨૫/૧૨/૨૫ના ૪ થી ૬. ટાર્ગેટ બેન્કવેટ, ત્રીજે માળે, ટાર્ગેટ મોલ, ચંદાવરકર રોડ, રાજમહાલ હોટલની સામે, બોરીવલી વેસ્ટ.

**ઔદિચ્ય ગોરવાળ બ્રાહ્મણ**

હાથલ નિવાસી, હાલ મલાડ, જયશ્રી(જયા)બેન ત્રિવેદી (ઉં.વ.૭૮) તા. ૧૯-૧૨-૨૦૨૫, શુક્રવારના દેવલોક પામેલ છે. તે સ્વ. હર્ષદરાય ગણેશરામજી ત્રિવેદીના પત્ની. સ્વ. ધર્મીબેન મંછારામજી ખુત, સ્વ. મણીલાલ ગણેશરામજી ત્રિવેદી તથા સ્વ. તુલસીબેન રામેશ્વરજી દેવાતરના ભાભી. કમલેશ, જીતેન્દ્ર અને હેતલ કાપડિયાના માતુશ્રી. સોનલ, હેમલતા અને સ્નેહેશ કાપડિયાના સાસુ, વિધિ, પૂજા, જશ અને મન, નિધીના દાદી-નાની, સ્વ. નાનીબેન ભગવાનજી ભટ્ટના પુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા બુધવાર તા. ૨૪-૧૨-૨૦૨૫ના ૫ થી ૭. કપોળ બેન્કવેટ હૉલ, રામચંદ્રલેન એક્સટેન્શન રોડ, મલાડ પશ્ચિમ. દસમાની લૌકિક પ્રથા બંધ છે.

**દશા મોઢ માંડલીયા વણિક**

ગં. સ્વ. કનક રણજીત દોશી (ઉં.વ. ૬૯) સ્વ. રણજીત દોશીના પત્ની. ચિ. ચિરાગના માતુશ્રી. સ્વ. વિજયાલક્ષ્મી તથા સ્વ. બાલુભાઈ જીવરાજ દોશીના પૂત્રવધૂ. સ્વ. ઈંદુબેન તથા સ્વ. જયંતીલાલ કાળીદાસ શેઠના પુત્રી. અ.સૌ. જીગ્નાના સાસુ. કુ. રુત્વીના દાદી. તા. ૨૨.૧૨.૨૫ના સોમવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**બાલાસિનોર દશા નિમા વૈષ્ણવ**

બિપીન કિર્તનલાલ દોશી (ઉં.વ. ૭૯) સોમવાર તા. ૨૨.૧૨.૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેઓ સ્વ. કિર્તનલાલ અને સ્વ. લીલાબેન દોશીના પુત્ર. સ્વ. રસિકભાઈ અને સ્વ. ભાનુમતીબેન કાપડિયાનાં જમાઈ. અસ્મિતાબેનના પતિ. જય, મોનાલીના પિતા. પૂજા, ઉદયકુમારના સસરા. ભરતભાઈ, મમતાબેનના ભાઈ. પ્રાર્થનાસભા બુધવાર તા. ૨૪.૧૨.૨૫ના ૫.૩૦થી ૭.૩૦ સુધી. ઠે. ભારતીય વિદ્યાભવન, ગિરગામ ચોપાટી ખાતે રાખેલ છે. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**મોઢ બ્રાહ્મણ**

બાલાસિનોર નિવાસી હાલ કાંદિવલી ગં. સ્વ. વિમળાબેન બાલમુકુંદભાઈ ત્રિવેદી (ઉં.વ. ૮૮) તા. ૨૩.૧૨.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. બાલમુકુંદભાઈ ત્રિવેદીના ધર્મપત્ની. તે સંગીતા, જયેશ, પ્રગ્ના, સ્વ. વિજયના માતુશ્રી. તે શિલ્પાબેન, સંજયભાઈ દેસાઈ, મનોજભાઈ દોશીના સાસુ. તે સ્વ. હરીલાલ ભાઈજીભાઈ મોદીના દીકરી. તે સ્વ. છોટાલાલ, ગુલાબબેન, ગિરીશભાઈ, પ્રવિણભાઈ, રાજેશભાઈના બહેન. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

પ્રવીણભાઈ, સુરેશભાઈ, રમાબેન ભૂપેન્દ્રભાઈ મહેતાના બેન. તા. ૨૦-૧૨-૨૫ના શનિવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ચંદ્રાબેન ગુણવંતરાય શેઠ (ઉં.વ. ૮૩) સિહાર નિવાસી (હાલ મુલુંડ) તા. ૨૨.૧૨.૨૫ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ગુણવંતરાય અમૃતલાલ શેઠના ધર્મપત્ની. તે રમણીકલાલ અને જીતુભાઈના ભાભી. તે યતીન, વિપુલ, મમતા, વિણાના માતુશ્રી. તે નિમેશકુમાર, પરેશકુમાર, પ્રીતિ, પારૂલના સાસુ. તે અભિષેક, પાર્થ, વિશ્વા, વિસ્મય, સાહિલના દાદી. પિયરપક્ષે સ્વ. માનચંદ વીરચંદ ગાંધીના દીકરી (દાઠાવાળા). તેમની સાદડી તા. ૨૫.૧૨.૨૫ ગુરુવાર ૪થી ૮. ઠે. ક્લબ હાઉસ બેન્કવેટ, રુનવાલ એન્થુરીયમ, પોડીયમ લેવલ, વીણાનગરની સામે, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ).

**વિશા શ્રીમાળી ૧૦૮ના ગોળનું જૈન**

ચવેલી નિવાસી હાલ બોરીવલી, સ્વ. ચંદુલાલ અમૃતલાલ શાહના જયેષ્ઠપુત્ર મુકેશકુમાર (ઉં. વ.૬૩) તે ભાનુમતીબેનના પતિ. પારસ, દેવાંગ, મોનાના પિતાશ્રી. તૃપ્તિ તથા હિરેનકુમારના સસરા. સાસરાપક્ષે ચાણસ્મા નિવાસી સ્વ. ચીમનલાલ ઉત્તમચંદના જમાઈ ૨૩/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તેમની વંદનાવલી ૨૪/૧૨/૨૫ના ૧૦ થી ૧૨. આધાર હોલ, રોડ ન ૧૦, હિંદુજા હોલની પાછળ, દૌલતનગર બોરીવલી ઈસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

ચોટીલા નિવાસી હાલ બોરીવલી, સ્વ. પુષ્પાબેન અમૃતલાલ ખંધારના પુત્રવધૂ મીના કિશોરભાઈ ખંધાર (ઉં. વ. ૭૩) તે સ્વ. જીજ્ઞેશ તથા રિદ્ધિના માતુશ્રી. સચિનકુમાર ભરતભાઈ શાહના સાસુ. મીનાબેન-ભુપેન્દ્રભાઈ, કામિની -વિનીત તથા મિનળ-અશ્વિન, અજરામર સંપ્રદાય પૂ નયનાબાઇ મહાસતીજીના ભાભી, દેવના નાની. ૨૨/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી મૂર્તિપૂજક દશા શ્રીમાળી જૈન**

રામપુરા ભંકોડા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. કાંતિલાલ માણેકલાલ શાહના ધર્મપત્ની મંજુલાબેન (ઉં. વ. ૧૦૧) ૨૨/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રૂચીબેન (રાજુલાબેન) અતુલભાઈ ગોપાણીના માતુશ્રી. સ્વ. પ્રવીણભાઈ તથા ભુપેન્દ્રભાઈ, ભાનુબેનના ભાભી. પિયરપક્ષે ઝીંઝુવાડા નિવાસી વૃજલાલ દેવકરણ શાહના દીકરી. હિંમતભાઇ, મહેન્દ્રભાઈ ચંદ્રકાંતભાઈ તથા રંજનબેનના બહેન. ભાવયાત્રા ૨૪/૧૨/૨૫ના ૧૦ થી ૧૨. દામોદર વાડી, અશોકનગર, કાંદિવલી ઈસ્ટ.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

સાયલા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. વાડીલાલ મગનલાલ શાહના સુપુત્ર પ્રવિણચંદ્ર વાડીલાલ શાહ (ઉં. વ. ૮૭) તા.૨૦/૧૨/૨૦૨૫ના અરિહંતશરણ થયેલ છે. રસિલા બહેનના પતિ. સમીર, નૌકાના પિતાશ્રી. સ્વ. જયંતિલાલ, સ્વ. ધીરજલાલ, સ્વ. સૂર્યકાંત, મહેન્દ્રભાઈ, સ્વ. સવિતાબેન હિંમતલાલ વોરાના ભાઈ. રોજીદ નિવાસી સ્વ. મોતીલાલ જેતશીભાઈ વોરાના જમાઈ. નિલમ, અમિત શાહના સસરા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પત્રી ના વિનોદ કેશવજી ઘરોડ (ઉં. વ. ૬૩) તા. ૨૧-૧૨-૨૫ રવિવાર ના દેશ માં અવસાન પામેલ છે. સાકરબેન કેશવજી વીરજી ઘરોડના પુત્ર. હેમલતાના પતિ. સચિન, ચૈતાલી ના પિતા. કસ્તુર, લક્ષ્મીચંદ, જયંત ના ભાઈ. કપાયા ના ગંગાબાઈ દામજી વેરશી મામણીયા ના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વિનોદ કેશવજી, બી ૨૦૨, ન્યુ ઐશ્વર્યા લેક બિલ્ડિંગ, પ્લોટ નંબર એ - ૬૩, સેક્ટર ૧૯-એ, કોપરખેરને (નવી મુંબઈ).

દેશલપુર કંઠીના શ્રી વિશનજી ભવાનજી ગાલા (ઉં. વ. ૮૬) તા. ૨૨-૧૨-૨૫ના અવસાન પામેલ છે. ઝવેરબેન ભવાનજીના પુત્ર. લક્ષ્મીબેન (રતનબેન) ના પતિ. રાજેન, કેતનના પિતા. વીરચંદ, દેવચંદ, દિનેશ, પ્રવિણચંદ્રના ભાઇ. નવીનાળના જીવામા વરજાંગ વોરાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિશનજી ગાલા, બી/૬૦૧, ડી.એસ.કે. ફેંગીપાની, ૫, બી.જે. રોડ, પુના-૪૧૧૦૦૧.

મોટા આસંબીયાના દામજી નાનજી છેડા (ઉં. વ. ૮૧) તા.૨૨-૧૨-૨૫ના દેવલોક પ્રયાણ કરેલ છે. કાનબાઈ નાનજીના પુત્ર. ઝવેરબેનના પતિ. કેતકી, ધીરેનના પિતા. ખીમજી, નાગજી, નવીન, જાદવજીના ભાઈ. મેઘબાઈ દામજીના જમાઈ. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. ધીરેન દામજી છેડા એ-૪, ૧૦૪, યોગી પેલેસ, યોગીનગર, બોરીવલી (વે.), મું. ૯૧.

મોટી ખાખરના જવેરબેન દામજી ગંગર (ઉં. વ. ૯૨) તા.૨૨-૧૨-૨૫ ના અવસાન પામેલ છે. હીરબાઈ લાલજી ભીમશીના પુત્રવધૂ દામજીના પત્ની. રમેશ, ગિરીશ, જયશ્રી, પ્રવીણાના માતુશ્રી. ડેપા રતનબેન કરમશી નરશી મામણીયાના સુપુત્રી. ધનજી, ચુનીલાલ, ભવાનજી, કાંડાગરા દેવકા નેમજી, બિદડા ભાનુ વસંતના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. જયશ્રી ગાલા. એ-૭૦૨, બજાજ એમરાલ્ડ, અંધેરી (ઈ), મું - ૬૯.

લુણીના હેમલતાબેન રાઘવજી ગલિયા (ઉં. વ.૭૬) તા ૨૩-૧૨-૨૫ ના અવસાન પામેલ છે. તે સ્વ. રાઘવજી દેવજી ગલિયાના ધર્મપત્ની. જેઠીબાઈ દેવજી આણંદ ગલિયાના પુત્રવધૂ. બિદડાના હીરબાઈ ઝવેરીલાલ લાલજી ગડાના સુપુત્રી. કલ્પા, બીજલ ના માતુશ્રી. બિદડા ના પ્રેમજી, કાંતિલાલ, અરવિંદ, દિનેશ, કંકુબાઈ કુંવરજી ફૂરિયા, ડેપાના માણીબેન રાઘવજી સાવલા, ગુંદાલા ના જયા હરિલાલ રાંભિયા ના બહેન. (ચક્ષુદાન કરેલ છે) પ્રાર્થના શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર. સમય ૨-૩.૩૦.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

અમરેલી નિવાસી હાલ મુલુંડ, સ્વ. રમણીકલાલ ગિરધરલાલ મહેતાના ધર્મપત્ની હીરાલક્ષ્મીબેન (ઉં.વ. ૯૨) તે ચેતનભાઈના મમ્મી. હીનાબેનના સાસુ. બિન્દ્રા પાર્થના દાદી. સ્વ. વિનયચંદ્રભાઈ, સ્વ. ઉમેદચંદ્રભાઈ, સ્વ. વસંતભાઈ, સ્વ. અનંતભાઈ, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. ચંદ્રકાન્તભાઈ, સ્વ. કલાબેન ચીમનલાલના ભાભી. પિયરપક્ષે શાંતિલાલ અમિચંદ સંઘવી સાવરકુંડલાવાળાના દીકરી. ચંદ્રકાન્તભાઈ, ભૂપતભાઈ, સ્વ. જયસુખભાઈ, સ્વ. વિરેન્દ્રભાઈ, સ્વ. કાલાબેન બીપીનલાલ શાહ, સ્વ. અનોપબેન વ્રજલાલ મહેતાના બેન. તા. ૨૩.૧૨.૨૫ મંગળવારના સ્વર્ગવાસ પામેલ છે. ઠે. ૪૦૫, સુમતિ બિલ્ડિંગ, સંભવ સોસાયટી, સર્વોદયનગર, મુલુંડ (વેસ્ટ). સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દોથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|





કવર સ્ટોરી_
અમૂલ દવે
feedback@bombaysamachar.com

# ભડકે બળે છે બાંગ્લાદેશ... દઝાડે છે આગ ભારતને

## એની પાછળ કામ કરી રહી છે ચીન-પાકિસ્તાનની મેલી મુરાદ



યુવા નેતા શરીફ ઓસ્માન હાદી

**બાંગ્લાદેશમાં** હાલમાં ફાટી નીકળેલી હિંસા અને અરાજકતાએ દક્ષિણ એશિયાના ભૂ-રાજકીય સમીકરણોને હચમચાવી દીધાં છે. ૧૮ ડિસેમ્બરે સિંગાપુરમાં યુવા નેતા શરીફ ઓસ્માન હાદીના મૃત્યુના સમાચાર આવતા જ આખું બાંગ્લાદેશ સળગી ઉઠ્યું છે. ૩૨ વર્ષીય હાદી ૨૦૨૪ના વિદ્યાર્થી આંદોલનના તેજાબી વક્તા અને ઇન્કિલાબ મંચનો પ્રવક્તા હતો, તેના પર ૧૨ ડિસેમ્બરે ઢાકામાં જીવલેણ હુમલો થયો હતો. તેના મોતને પગલે ઢાકાની સડકો પર હજારો લોકો ઊતરી આવ્યા છે અને સ્થિતિ કાબૂ બહાર ચાલી ગઈ. મુહમ્મદ યુનુસની વચગાળાની સરકારે ૨૦ ડિસેમ્બરને રાષ્ટ્રીય શોક દિવસ જાહેર કર્યો હોવા છતાં પ્રદર્શનકારીઓનો ગુસ્સો શાંત થવાનું નામ ન લીધું. આ અરાજકતા માત્ર રાજકીય અસ્થિરતા પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે ભયાનક રીતે ભારત-વિરોધી અને હિન્દુ-વિરોધી હિંસામાં ફેરવાઈ ગઈ છે, જેની પાછળ પાકિસ્તાન અને ચીનની મેલી મુરાદ સ્પષ્ટપણે દેખાઈ રહી છે.

હાદીના મૃત્યુ બાદ ફાટી નીકળેલી હિંસાની સૌથી વધુ અસર લઘુમતી હિન્દુ સમુદાય અને ભારત સાથેના સંબંધો પર પડી છે. મયમનસિંહમાં દીપુ ચંદ્ર દાસ નામના હિન્દુ યુવકની નિર્મમ હત્યા અને તેના મૃતદેહને જાહેરમાં સળગાવી દેવાની ઘટનાએ માનવતાને શરમાવી દીધી છે. કટ્ટરપંથી તત્ત્વો દ્વારા હિન્દુ મંદિરો અને મિલકતોને નિશાન બનાવવામાં આવી રહી છે. વિરોધ પ્રદર્શન દરમિયાન 'ઇન્ડિયા આઉટ' અને 'દિલ્હી નહીં ઢાકા' જેવા ઉગ્ર નારાઓ ગુંજતા રહ્યા.. ઢાકા અને ચટ્ટગ્રામમાં ભારતીય હાઈ કમિશન પર થયેલા હુમલાઓએ રાજદ્વારી સંબંધોને તળિયે લાવી દીધા છે. પ્રદર્શનકારીઓ આક્ષેપ કરી રહ્યા છે કે હાદીના હત્યારાઓ ભારતમાં છુપાયા છે. આ આક્ષેપ સંપૂર્ણપણે પાયાવિહોણો છે, આ બનાવનો ઉપયોગ કરીને સ્થાનિક જનતાને ભારત વિરુદ્ધ ઉશ્કેરવામાં આવી રહી છે. બાંગ્લાદેશમાં સ્થિત ભારતીય વિઝા કેન્દ્રો અસ્થાયી ધોરણે બંધ કરી દેવા પડ્યા છે અને આ દર્શાવે છે કે સ્થિતિ કેટલી ગંભીર છે.

આ સમગ્ર ઘટનાક્રમમાં પાકિસ્તાન અને ચીનની ભૂમિકા અત્યંત શંકાસ્પદ અને ભારત માટે જોખમી છે. વર્ષ ૨૦૨૫માં બાંગ્લાદેશ, પાકિસ્તાન અને ચીન વચ્ચે બનેલું નવું ત્રિપુટી ગઠબંધન ભારતને દક્ષિણ એશિયામાં એકલવાયું પાડવાનો પ્રયાસ કરી રહ્યું છે. ચીન તીસ્તા નદી પર 'તીસ્તા રિવર કોમ્પ્રિહેન્સિવ મેનેજમેન્ટ પ્રોજેક્ટ' દ્વારા કરોડો ડૉલરનું રોકાણ કરીને બાંગ્લાદેશના જળ સંસાધનો પર કબજો જમાવી રહ્યું છે. બીજી તરફ, પાકિસ્તાન બાંગ્લાદેશી સેના અને કટ્ટરપંથી જૂથો સાથે સંરક્ષણ સહયોગ વધારી રહ્યું છે. આ બન્ને દેશ હાદી જેવા નેતાઓના મૃત્યુથી પેદા થયેલા શૂન્યાવકાશનો ઉપયોગ ભારત-વિરોધી લાગણીને ભડકાવી રહ્યા છે. 'ગ્રેટર બાંગ્લાદેશ'ની ખતરનાક વિચારધારાને પ્રોત્સાહન આપીને ભારતના ઈશાન રાજ્યો (સેવન સિસ્ટર્સ) ને અસ્થિર કરવાનું મોટું ષડયંત્ર રચાઈ રહ્યું હોય તેવું આ એંધાણ અત્યારે વર્તાઈ રહ્યું છે.

તીસ્તા નદીના પાણીના વિભાજનનો જૂનો વિવાદ આ આગમાં ઘી હોમવાનું કામ કરી રહ્યો છે. વર્તમાન સીઝનમાં નદીમાં પાણીની અછતને કારણે બાંગ્લાદેશના ઉત્તરી વિસ્તારોમાં ખેતી પ્રભાવિત થઈ છે. યુનુસ સરકાર આ કુદરતી અને તકનીકી મુદ્દાને ભારતની 'જળ-દાદાગીરી' તરીકે રજૂ કરી રહી છે. મુહમ્મદ યુનુસ દ્વારા આ વિવાદને શેખ હસીનાના પ્રત્યાર્પણ સાથે જોડવાની રમત ભારત માટે કસોટી સમાન છે. ભારત એક તરફ માનવીય દૃષ્ટિકોણથી પાણી આપવા તૈયાર છે, પરંતુ પડોશી દેશમાં ભારત-વિરોધી ઝેર ફેલાવનારાં તત્ત્વોની હાજરીને કારણે કોઈપણ કરાર કરવો જોખમી બની ગયો છે. ચીનની એન્ટ્રીએ આ વિવાદને વધુ જટિલ બનાવ્યો છે, કારણ કે તે તીસ્તા પ્રોજેક્ટ દ્વારા ભારતની સરહદની અત્યંત નજીક પોતાની હાજરી મજબૂત કરવા માગે છે.

ભારત માટે આ પરિસ્થિતિ ૧૯૭૧ પછીનો સૌથી મોટો સુરક્ષા પડકાર છે. ભારતે હવે રક્ષણાત્મક અભિગમ છોડીને વ્યૂહાત્મક આક્રમકતા બતાવવાની જરૂર છે. સરહદ પર બીએસએફની કડક ચોકીબંધી અને ડ્રોન સર્વેલન્સ વધારવું અનિવાર્ય છે, જેથી ઘૂસણખોરી રોકી શકાય. કૂટનીતિક સ્તરે, ભારતે સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય આંતરરાષ્ટ્રીય મંચો પર બાંગ્લાદેશમાં થઈ રહેલા હિન્દુઓના નરસંહાર અને ભારતીય દૂતાવાસ પરના હુમલાનો મુદ્દો જોરશોરથી ઉઠાવવો જોઈએ. જો બાંગ્લાદેશ ચીન અને પાકિસ્તાનના રસ્તે ચાલશે, તો ભારતે આર્થિક પ્રતિબંધો અને વેપાર અટકાવવા જેવા કડક પગલાં લેવા અંગે પણ વિચારવું પડશે. બાંગ્લાદેશમાં લોકશાહીની પુનઃસ્થાપના અને લઘુમતીઓની સુરક્ષા માટે ભારતનો પ્રભાવ મહત્ત્વપૂર્ણ છે, પરંતુ અત્યારે બાંગ્લાદેશ જે અરાજકતાના માર્ગે છે જો તેને રોકવામાં નહીં આવે તો તેની અસર આખા દક્ષિણ એશિયાની શાંતિ પર પડશે. ■

---

# આ તો સ્કેમ છે...




પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# સેંટ કિટ્સ સ્કેન્ડલઃ એક કૌભાંડ અનેક રીતે અનોખું

**સ્કેમ,** કૌભાંડ, સ્કેન્ડલ કે ષડયંત્ર એટલે ગેરકાયદે અનૈતિક, વધુ પડતાં લાભ-મેળવવાનો કારસો. ટોચના, વગદાર નેતાઓ કે અમલદારોની સંડોવણી વગર એ ન થઇ શકે, પરંતુ ભારતીય રાજકારણમાં સેંટ કિટ્સ કૌભાંડ એકદમ અનોખું છે. આમાં નહોતો સરકાર કે પ્રજાને એક રૂપિયાનો ફટકો પડ્યો હતો કે નહોતું કોઇ લાભ ખાટી ગયા હતા. જોકે આ કૌભાંડ પાછળ આર્થિક લાલચ નહીં કંઇક અલગ જ ટાર્ગેટ હતું. કહી શકાય કે કૌભાંડકારો એમાં સફળ થયા અને અસફળ પણ.

થોડીક માંડીને વાત કરીએ. સૌથી પહેલા સમજીએ કે કૌભાંડ સાથે કેમ સેંટ કિટ્સનું નામ જોડાયેલું છે? સેંટ કિટ્સ એક કેરેબિયન ટાપુનું નામ છે. કેરેબિયન દેશ સેંટ કિટ્સ અને નેવીસ બે ટાપુનો બનેલો છે. આમાં મોટો ટાપુ એટલે સેંટ કિટ્સ જે જ્વાળામુખીએ રચેલા નયનરમ્ય લેન્ડસ્કેપ, દરિયા કિનારા અને એના ઐતિહાસિક પાટનગર બાસેટેરે માટે જાણીતો છે. પર્યટન શોખીનો સેંટ કિટ્સ વિશે જાણે પણ એ સિવાય એ બહુ લોકપ્રિય નહીં, પરંતુ આ નામે ભારતીય રાજકારણમાં ધરતીકંપ સર્જ્યો હતો. એ પણ એવો આંચકો કે જેની કોઇએ કલ્પના કરી નહોતી.

ભારતીય રાજકારણમાં કૉંગ્રેસ વિરોધી માહોલ વધી રહ્યો હતો. એ કાંડને પ્રતાપે કૉંગ્રેસ જ નહીં, રાજીવ ગાંધીની ઇમેજ પર પણ ડાઘ લાગી ગયા હતા. રાજીવ ગાંધીની જ સરકારમાં નાણાં પ્રધાન રહી ચૂકેલા વિશ્વનાથ પ્રતાપસિંહ ભ્રષ્ટાચાર વિરોધી ચહેરા તરીકે આવ્યા હતા. દેશી પોલિટિકસમાં ઇમાનદારી અને નૈતિકતાનું જોશ વધતું અનુભવાયું હતું. અનેક ગતકડાં છતાં કૉંગ્રેસ એકદમ બેકફૂટ પર આવી ગઇ હતી. રાજાસાબ તરીકે ઓળખાતા વી. પી. સિંહ બોફર્સકાંડ તપાસનું પ્રતીક હતા. લોકોમાં તેમના પ્રતિ અનહદ માન-સન્માન હતા. મોટા ભાગના મીડિયાવાળા પણ એવા મૂડમાં હતા, અલબત્ત અમુક અપવાદ ખરા જ.

આની વચ્ચે આવ્યો ૧૯૮૯ની ૨૦મી ઓગસ્ટનો દિવસ. કુવૈત શહેરમાં ગરમ-સૂકી બપોરે 'આરબ ટાઇમ્સ'ના ન્યૂઝ રૂમમાં



વિશ્વનાથ પ્રતાપસિંહ

કોઇ સિનિયર પત્રકારે એક સ્ટોરી-સ્કૂપનો આઇડિયાનાં પેપર્સ રજૂ કર્યાં. આ બ્રેકિંગ ન્યૂઝ પેટ્રોલિયમ પેદાશની ડિમાન્ડ-સપ્લાય કે ભાવ વિશે નહોતા. યુદ્ધની શક્યતા વિશેય નહીં. છતાં આ ન્યૂઝ દૂરદૂર દરિયા પાર પણ વમળો સર્જવાનાં હતાં.

આ બ્રેકિંગ ન્યૂઝ થકી ભારતના એક ઊભરતા રાજકારણની ધોળીધબ્બ ઇમેજ પર કોલસા અને ડામરથી વધુ કાળા ધબ્બા લાગવાના હતા. હા, એ સ્કૂપ મુજબ ભારતીય રાજકારણમાં જેમનો રથ જમીનથી બે વેંત ઊંચો ચાલતા હતા તેવા વી. પી. સિંહના હાથ પણ ભ્રષ્ટાચારમાં ખૂંપેલા હતા. સ્ટોરી એવી હતી કે આખા ભારતમાં પ્રામાણિકતા- નૈતિકતાના વિકલ્પ મનાતા વી. પી. સિંહે ગુપ્તપણે કેરેબિયન ટાપુ સેંટ કિટ્સની બૅન્કમાં ૭૦ કરોડ રૂપિયા (એ સમયના રૂ. ૧ કરોડ અમેરિકન ડૉલર) ધરાવે છે. આ બૅન્ક ખાતું તેમના પુત્ર અજયસિંહના નામે હતું એવું ય પર્દાફાશ થયું. અજયસિંહનું 'ફર્સ્ટ ટ્રસ્ટ કોર્પોરેશન લિમિટેડ બૅન્કમાં ખાતું હતું. આ ખાતામાં અજયસિંહે બેનિફિશયરી તરીકે વી. પી. સિંહનું નામ રાખ્યું હોવાનું ય બહાર આવ્યું હતું. ૧૯૬૩માં જન્મેલા અજયસિંહની ઉંમર એ વખતે માંડ ૨૬ વર્ષની હતી. માંડ ભણતર થયું હોય અને પ્રોફેશનલ કરિઅરની શરૂઆત થઇ હોય. સ્વાભાવિક છે કે અજયની કમાણી કે બચત આટલી તોતિંગ ના જ હોય. આનું સીધું નિષ્કર્ષ એ નીકળે કે વી.પી.સિંહે રાજકારણી તરીકે ભ્રષ્ટાચાર કર્યો હતો અને એ કાળી કમાણી છેક સેંટ કિટ્સની બૅન્કમાં દીકરાની નામે ખોલેલા ખાતામાં સંતાડી હતી.

'આરબ ટાઇમ્સ'નું આ દસ્તાવેજી પુરાવા સાથે વિસ્ફોટક સ્કૂપ ૪૮ કલાકમાં દિલ્હીમાં ગાજવા માંડ્યા. દિલ્હીના મીડિયા હાઉસમાં આ સ્કૂપને ધોધમાર વરસાદ વચ્ચે ઓચિંતી મળી ગયેલી ગરમ કાંદા ભજિયા-મસાલા ચાની મિજબાનીની જેમ ઝિલી લેવાયું.

અખબારી હેડલાઇન્સ ચીસાચીસ કરવા માંડી. જાણે રાષ્ટ્ર સાથે દોષ થયો હતો. વી. પી. સિંહના વિરાધીઓને દારૂગોળો મળી ગયો. કોઇક બોલી ઉઠ્યું કે ઇમાનદાર આદમીના નખમાં મેલ-ગંદકી છે.

ગઇ કાલ સુધી ભ્રષ્ટાચાર-કૌભાંડની બૂમાબૂમ કરનારા વી. પી. સિંહ હવે શંકાનો તપાસનો મુદ્દો બની ગયા. વ્હીસલબ્લોઅર રાતોરાત આરોપી બની ગયા. જાણે દેશ આખાનું ભ્રમનિરસન થઇ ગયું. ૨૬મી ઓગસ્ટ સુધી આ સ્ટોરી એક-એક અખબાર નહીં, દરેક માણસ સુધી પહોંચી ગઇ. શું આવું થઇ શકે ખરું.?

વિશ્વનાથ પ્રતાપસિંહે આ આરોપોને સ્પષ્ટ રદિયો આપવા જાહેર કર્યું કે આમાં એક અંશની પણ સચ્ચાઇ નથી. આરોપો વાદળોની જેમ ગરજતાં રહે પણ રદિયાને બોદા બચાવવા તરીકે જોવાની પરંપરા છે. અધૂરામાં પૂરું એ ખૂબ મહત્ત્વનો કટોકટીભર્યો અને અણીનો સમય હતો.

લોકસભાની ચૂંટણી માંડ ત્રણેક મહિના દૂર હતી. વી. પી. સિંહે તલવારની ધાર પર ચાલવાનું હતું, જીવતા રહેવાનું હતું અને લોહીલુહાણ ન થવાનો પ્રયાસ પણ કરવાનો હતો.

સરકાર અને કૉંગ્રેસ વિરુદ્ધ પડેલા વી.પી.સિંહને સીધાદોર કરીને ખૂણામાં ફગાવી દેવાનો આવો સોનેરી મોકો સ્થાપિત હિતો ચૂકે ખરા? બોફોર્સ કાંડમાં ભ્રષ્ટાચારના આરોપોનો સામનો કરી રહેલા રાજીવ ગાંધી હજી વડા પ્રધાન હતા. આ બોફોર્સ મામલે હોબાળો મચાવવા, પોતાની કફની વધુ ઉજળી હોવાનો દાવા સાથે સરકાર છોડનારા વી.પી. સિંહ હવે બરાબરના ફસાયા હતા.

૨૬મી સપ્ટેમ્બરે ઇ. ડી. (એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટે) એ આ વિદેશી બૅન્ક ખાતા પાછળનું સત્ય શોધી કાઢવાની તપાસ કામગીરી ડેપ્યુટી ડિરેક્ટર એ. એન. પાંડેને સોંપી. પાંડેજીએ કામગીરીને એકદમ નિષ્ઠા અને કાર્યક્ષમતાથી હાથ ધરી. તેઓ સેંટ કિટ્સથી લઇને અમેરિકા સુધી ફરી વળ્યા.

ભારતીય રાજકારણીઓ, દેશ, મીડિયા, વી. પી. સિંહના સમર્થકો અને વિરોધીઓ આતુરતાપૂર્વક રાહ જોતા હતા કે પાંડેજીના પટારામાંથી શું નીકળશે? સિંહ કે શિયાળ. (ક્રમશઃ)■

---

મગજ મંથન___વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# Gen Z એટલે સમસ્યા નહીં, પરંતુ સંભાવના...

## આજની પેઢી- આવતીકાલનું ભવિષ્ય




**સમય** સતત બદલાય છે. સમય સાથે માનવીની જીવનશૈલી, વિચારસરણી અને જરૂરિયાતો પણ બદલાય છે. આ પરિવર્તનને સૌથી સ્પષ્ટ રીતે દર્શાવતી બાબત છે - પેઢી. દરેક પેઢી પોતાની આગવી ઓળખ લઈને આવે છે. આજના સમયમાં જે પેઢી શિક્ષણ, સમાજ અને ટેક્નોલોજીના કેન્દ્રમાં છે, તે છે Gen Z (જનરેશન ઝેડ).

**આ Gen Z શું છે?**

Gen Z એવી પેઢી છે, જેનો જન્મ ૧૯૯૭ થી ૨૦૧૨ વચ્ચે થયો છે. આજના મોટાભાગના વિદ્યાર્થીઓ આ જ પેઢીના છે. આ પેઢીને 'Digital Native Generation' પણ કહેવામાં આવે છે, કારણ કે આ પેઢી જન્મથી જ મોબાઈલ, ઈન્ટરનેટ અને ટેકનોલોજી સાથે ઉછરી છે.

Gen Z માટે ટેક્નોલોજી કોઈ નવી વસ્તુ નથી. તે તેમના જીવનનો સ્વાભાવિક ભાગ છે. Gen Z અને ટેક્નોલોજી વચ્ચે અતૂટ સંબંધ છે. આજના વિદ્યાર્થીઓ મોબાઈલ દ્વારા અભ્યાસ કરે છે. Google અને YouTube પરથી માહિતી મેળવે છે. Online ક્લાસ અને Apps દ્વારા શીખે છે. AI અને નવી ટેક્નોલોજી પ્રત્યે રસ ધરાવે છે. આ પેઢી ઝડપથી શીખે છે અને નવી વસ્તુઓને સહેલાઈથી સ્વીકારે છે. જો ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ થાય તો Gen Z વિદ્યાર્થીઓ માટે અભ્યાસ વધુ સરળ અને રસપ્રદ બની શકે છે.

*** અભ્યાસ પ્રત્યે Gen Z નો દૃષ્ટિકોણઃ**

Gen Z વિદ્યાર્થીઓ અભ્યાસને માત્ર પુસ્તકો અને પરીક્ષા સુધી મર્યાદિત નથી રાખતા. એ લોકો પ્રશ્ન કરે છે - 'શા માટે?' માત્ર રટણ નહીં કરતાં સમજણને મહત્ત્વ આપે છે. Practical Knowledge અને Skills તરફ વધુ ઝુકાવ રાખે છે. આજના વિદ્યાર્થીઓ માને છે કે માત્ર ડિગ્રીથી નહીં, પરંતુ કૌશલ્ય (Skills)થી જ જીવનમાં સફળતા મળે છે.

*** કારકિર્દી ને સપનાંઓઃ**

પહેલાંના સમયમાં વિદ્યાર્થીઓનાં સપનાંઓ મર્યાદિત હતા, પરંતુ Gen Z માટે સપનાંઓની દુનિયા વિશાળ છે, જેવી કે - ડોક્ટર, એન્જિનિયર, YouTuber, Coder, Designer, Freelancer, Entrepreneur, Startup Founder. આ બધા વચ્ચે Gen Z વિદ્યાર્થીઓ પોતાનું મનગમતું કામ કરવા માગે છે. પૈસાની સાથે સાથે સંતોષ અને ખુશીને પણ મહત્ત્વ આપે છે.

*** સામાજિક જાગૃતિઃ**

Gen Z માત્ર પોતાના ભવિષ્ય વિશે જ નહીં, પરંતુ સમાજ વિશે પણ વિચાર કરે છે, જેમ કે પર્યાવરણનું રક્ષણ, સમાનતા, ન્યાય, માનસિક આરોગ્ય અને સામાજિક જવાબદારી વગેરે.

આ પેઢી અન્યાય સામે અવાજ ઊઠાવે છે અને સાચા-ખોટા વચ્ચે તફાવત સમજવાની કોશિશ કરે છે.

*** Gen Zના સકારાત્મક ગુણઃ**

**Gen Z વિદ્યાર્થીઓમાં અનેક સારા ગુણો જોવા મળે છેઃ**

૧) આત્મવિશ્વાસ - પોતાની વાત ખુલ્લેઆમ કહેવાની હિંમત ધરાવે છે.

૨) સર્જનાત્મકતા - નવી રીતે વિચારવાની ક્ષમતા ધરાવે છે.

૩) તેમનામાં શીખવાની શક્તિ ઝડપી હોય છે.

૪) ટેક્નોલોજીનું પૂરતું જ્ઞાન ધરાવે છે.

૫) તેમનામાં પરિવર્તન સ્વીકારવાની તૈયારી પણ હોય છે.

આ બધા ગુણ તેમને આવતીકાલના સક્ષમ નાગરિક બનાવી શકે છે.

*** પડકારો તથા મુશ્કેલીઓઃ**

ઘણા બધા સારા ગુણો સાથે Gen Z કેટલાક પડકારોનો સામનો પણ કરે છે. મોબાઈલ અને સોશ્યલ મીડિયાનો અતિ ઉપયોગ અમુક અંશે અવરોધક પણ બને છે. આથી એકાગ્રતાની કમી, તણાવ, ચિંતા અને માનસિક દબાણ હેઠળ જીવે છે. બીજાઓ સાથે પોતાની તુલના કરવાને લીધે પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવામાં નિષ્ફળ જાય છે. Gen Zની ઝડપી જીવનશૈલી ઘણી વખત વિદ્યાર્થીઓને આંતરિક શાંતિથી દૂર લઈ જાય છે.

*** વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શનઃ**

Gen Z વિદ્યાર્થીઓ જો નીચેની બાબતો ધ્યાનમાં રાખે, તો તેઓ સફળ થઈ શકે છેઃ

મોબાઈલનો ઉપયોગ શીખવા માટે કરો, સમય બગાડવા માટે નહીં.

રોજ વાચન અને વિચાર માટે સમય કાઢો.

શરીર અને મનની કાળજી લો.

માતા-પિતા અને શિક્ષકો સાથે ખુલ્લી વાતચીત કરો.

પોતાની તુલના બીજાઓ સાથે નહીં, પોતાની પ્રગતિ સાથે કરો.

*** માતા-પિતા વત્તા શિક્ષકોની ભૂમિકાઃ**

Gen Z વિદ્યાર્થીઓને સમજવા માટે માતા-પિતા અને શિક્ષકોએ પણ બદલાવ લાવવો પડશે. Gen Z પેઢી આદેશ ઝીલવા ટેવાયેલી નથી.આથી તેમની સાથે કામ લેનાર માતા-પિતા કે શિક્ષકોએ સમજાવટથી કામ પાર પાડવું જોઈએ. માતા પિતાએ બાળકોના વિચારોને માન આપવું જોઈએ. જરૂર પડે ત્યાં માર્ગદર્શન અને સહકાર આપવો જોઈએ. વિશ્વાસ અને સંવાદથી જ બાળકો અને વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઘડી શકાય છે.

ટૂંકમાં ....

Gen Z માત્ર આજની પેઢી નથી, પરંતુ આવતીકાલનું ભવિષ્ય છે. આ પેઢી પાસે ટેક્નોલોજીનું જ્ઞાન, નવી વિચારશક્તિ અને પરિવર્તનની શક્તિ છે. જો તેમને યોગ્ય માર્ગદર્શન, સમજણ અને સંસ્કાર મળે, તો તેઓ દેશ અને સમાજને નવી દિશા આપી શકે છે.

Gen Z એટલે માત્ર સમસ્યા નહીં, પણ એના સંભવિત ઉકેલ પણ Gen Z પાસે છે... ■

સિક્કાની ત્રીજી બાજુ
__જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# આ ચિંતા વાજબી છે- વિચારવા જેવી છે...

**જાણીતાં લેખિકા સુધા મૂર્તિએ તાજેતરમાં રાજ્યસભામાં માતા-પિતા દ્વારા સોશ્યલ મીડિયા પર બાળકોની તસવીરો-વીડિયો મૂકવાને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. પ્રશ્ન એ છે કે માતા- પિતા વાહ-વાહ મેળવવા અથવા તો વધારાની આવક રળવાં બાળકોનો ઉપયોગ કરે તે કેટલા અંશે વાજબી?**



સોશ્યલ મીડિયા હવે લોકપ્રિય બની ગયું છે અને તેના ઘણા બધા લાભો છે, પરંતુ તેની હાનિ પણ છે. ઘણાં માતા- પિતા તેમનાં નિર્દોષ બાળકોને સોશ્યલ મીડિયા પર રજૂ કરી દે છે. તેમની તસવીરો અને વીડિયો મૂકે છે... તેમને અલગ-અલગ વેશભૂષામાં મૂકે છે, જેથી તેમને દસ લાખ વ્યૂ મળે. તેનાથી તેમને આવક થાય છે, પરંતુ બાળકનું શું?

આ સળગતો પ્રશ્ન બીજા કોઈ નહીં, પરંતુ જાણીતાં લેખિકા સુધા મૂર્તિએ તાજેતરમાં રાજ્યસભામાં ઉઠાવ્યો હતો, પરંતુ મતદાર યાદી સુધારણા અને વંદે માતરમ જેવા અગત્યના મુદ્દાઓ વચ્ચે આ એટલા જ અગત્યના મુદ્દા પ્રત્યે બહુ ઓછાનું ધ્યાન ગયું છે.

આજે સોશ્યલ મીડિયા પર ઘણા લોકો કેમેરા સામે જ જીવતા થઈ ગયા છે. ઘણાં દંપતી પતિ-પત્ની પર જોક બનાવી મૂકે છે. ઘણી સ્ત્રી રસોડામાં કામ કરતાં-કરતાં રીલ બનાવે છે તો અનેક છોકરીઓ મા- બાપને ખબર પણ ન હોય તેમ પોતાના અભ્યાસના ખંડમાં કે પછી અગાશીએ જઈ ડાન્સના રીલ બનાવે છે. એવા પણ મા-બાપ છે, જે પોતાનાં બે-ત્રણ વર્ષનાં સંતાનને ગીત ગાતાં-રમૂજી હાવભાવ બનાવતા રીલ બનાવે છે તો કેટલાંક મા- બાપ ખુદ બાળક સાથે મળીને રીલ બનાવે છે, જેમાં ક્યારેક બાળક તેની માતાને કંઈ કહી દે તો ક્યારેક પિતાને કંઈ કહી દે છે. ટૂંકમાં, બાળકને મા-બાપ જાણેઅજાણે કેમેરા કોન્શિયસ બનાવી દે છે. તેનું જીવન નાનપણથી જ કેમેરા સામે જ વિતવા લાગે છે. તેની રિયલ લાઇફ રીલ લાઇફ બની રહી છે. મા-બાપ પોતાનાં સંતાનના ઉછેરનો વિચાર કરવાના બદલે કઈ સ્ક્રિપ્ટ પર રીલ બનાવવી તેનો જ સતત વિચાર કરતા હોય છે.

ટૂંકમાં બાળકને લઈને સતત રીલ્સ બનાવવામાં વ્યસ્ત મા-બાપ કયારેય બાળકની પ્રાઇવસીનો વિચાર કરે છે ખરા? બાળકને પોતાની રીતે રમવા દેવાના બદલે મા-બાપે એને જાણે કઠપૂતળી બનાવી દીધા છે.

આમાં શું બાળકની અનુમતિ હોય છે ખરી? નાની વયે કદાચ એમને પોતાને જ આવી 'પ્રવૃતિ' વિશે જાણ પણ ન હોય,પરંતુ મોટા થઈને તેને આ ગમશે? ઘણા એવા બાળ કલાકારોએ મોટા થઈને ફરિયાદ કરી છે કે તેમનું બાળપણ તેઓ માણી ન શક્યા કારણકે તેમને ફિલ્મોમાં કામ કરવું પડ્યું.

સુધા મૂર્તિની આ ફરિયાદ વાજબી છે. એમણે સરકારને આગ્રહ કર્યો છે કે આના પર કંઈક કડક નિયંત્રણો લાવવામાં આવે. બાળકને નાની વયે સોશ્યલ મીડિયાની ટેવ પડી જાય છે. એક વાત એ પણ છે કે બાળક મોબાઇલ ફોન વાપરે તે જ કેટલું જોખમી છે? તેની આંખોથી માંડીને તેની સ્મૃતિ, તેના મગજ, તેની ડોક વગેરે અનેક રીતે અસર પડે છે. અત્યારે ઘણા લોકો સ્ક્રીન ટાઇમ એટલે કે મોબાઇલ વત્તા ટેબ્લેટ વત્તા ટીવી બાળક કેટલું જુએ તે સમય નક્કી કરતા થઈ ગયા છે.

રીલ તો એવું વ્યસન છે કે મોટા લોકો પણ એક પછી એક રીલ જોતા જ જાય, જોતા જ જાય, કલાકોના કલાકો ક્યાં નીકળી જાય તે ખબર જ ન પડે, ત્યાં બાળકની તો શું વાત કરવી!

જો આવી ટેવ પડી ગયેલા બાળકના હાથમાંથી ફોન લેવાનો પ્રયત્ન કરવામાં આવે કે તેને ન આપવામાં આવે તો બાળક ગુસ્સે થઈ તોડફોડ કરવા લાગે તેવું પણ બને છે.

નેપાળમાં સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો તો તરુણ-યુવા પેઢીએ આંદોલન કરી સરકાર ઉથલાવી દીધી. આથી સરકાર આ બાબતે દૂધ જ નહીં, છાશ પણ ફૂંકીફૂંકીને પીવામાં માને છે, પરંતુ ઑસ્ટ્રેલિયાએ ૧૬ વર્ષથી નીચેનાં બાળકો માટે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ મૂકી દીધો છે. ગત જૂનમાં ફ્રાન્સના પ્રમુખ એમેન્યુએલ મેક્રોંએ પણ ૧૫ વર્ષથી નીચેનાં બાળકો માટે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ મૂકવાની વાત કરી હતી. આ તો બાળકોનાં અકાઉન્ટસ સોશ્યલ મીડિયા પર ન હોવા જોઈએ તેની વાત થઈ, પરંતુ મોટા લોકો ખુદ પોતાનાં સંતાન સાથેની રીલ બનાવીને મૂકે તેનું શું?

આ પ્રશ્ન ગંભીર એટલા માટે પણ છે કે આજે એવી પણ ટેક્નોલોજી આવી ગઈ છે જે AI ની મદદથી ગંદી વીડિયો અને તસવીરો બનાવી શકે છે ત્યારે બાળકોના ફોટા- વીડિયોનો આવો દુરુપયોગ નહીં થાય તેની કોઈ ખાતરી છે ખરી?

આમ માત્ર સરકારે જ નહીં, સમગ્ર સમાજે મળીને વિચારીને ત્વરિત પગલાં લેવાનો આ વિષય છે.■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# આ AIના યુગમાં માણસે પ્રશ્ન પૂછવાની કળા શીખવી પડશે



**આઈન્સ્ટાઈન** માનતા હતા કે કોઈ કોયડાના ઉકેલ માટે એક કલાકનો સમય આપવામાં આવે તો એ કોયડામાંથી ઉદ્‌ભવતા સવાલો માટે પંચાવન મિનિટ ફાળવે અને જવાબ માટે પાંચ જ મિનિટ પૂરતી છે. વૈજ્ઞાનિક હોય કે આધ્યાત્મિક વિચારધારાની કાર્યશૈલી ચકાસીએ તો ખબર પડે કે પ્રશ્ન પર જ વધુ ધ્યાન આપવામાં આવ્યું છે. જો વિષયને અનુરૂપ સવાલ પૂછવાની ક્ષમતા હોય તો જ્ઞાનનો દરિયો આપણી રાહ જોઈ રહ્યો છે, મીન્સ જવાબ તો કોઈપણ કોયડાના ઉકેલની બાયપ્રોડક્ટ હોય છે.

આમ પ્રશ્ન પૂછવાની કળાનું મહત્ત્વ AI યુગમાં વધશે, કોર્પોરેટ કલ્ચરમાં પ્રશ્ન પૂછવાની કળા પર ખાસ ટ્રેનિંગ પ્રોગ્રામ થવા લાગશે. આજે દુનિયાને AI યુગમાં પ્રશ્નનું મહત્ત્વ સમજાવા લાગ્યું છે. ભારતીય પરંપરાનો અભ્યાસ કરશો તો સમજાશે કે આ દેશ પ્રશ્નનું મહત્ત્વ હજારો વર્ષથી સમજી ચુક્યો છે. આપણું મોટાભાગનું સનાતન સાહિત્ય પ્રશ્ન અને તેના જવાબ શોધવાના પ્રયાસ પર આધારિત છે. જો ભારતીય પરંપરામાં પ્રશ્ન પૂછ્યા ન હોત તો કદાચ આપણી પાસે અદ્‌ભુત જ્ઞાન ધરાવતું સાહિત્ય ના હોત. સમસ્યા એ થવા લાગી છે કે આપણે વિસ્મય પામવાના પ્રોસેસમાંથી બહાર નીકળી ગયા છીએ. ગોખણપટ્ટીએ આપણામાં રહેલા વિસ્મયને ગાયબ કરીને જવાબ ગોખવા પર લાવીને મૂકી દીધા છે. કમનસીબે આપણે પ્રશ્ન પૂછવાની પરંપરાગત કળા વિસરી ગયા છીએ. જીવનમાં સ્ટ્રેસ, એન્ઝાઈટી અને શોર્ટકટ રીતે સુખો શોધવાની લાલચમાં આપણે ઘરની બહારના મંદિરો, સ્થાનિક રીતરિવાજો, ઇતિહાસ કે ખાણીપીણીની આદતો સુધ્ધાં જાણવાની પણ તસ્દી લેવાની બંધ કરી દીધી છે.

આપણા વેદો અને ઉપનિષદોમાં પ્રશ્ન પરંપરા જ્ઞાનનું માધ્યમ છે. પ્રશ્ન ઉપનિષદમાં છ વિદ્વાનો પિપ્પલાદને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા જેમાં સૃષ્ટિ, પ્રાણ અને બ્રહ્મ જેવા વિષયો હતા. બૃહદારણ્યકમાં ગાર્ગી પૂછે છે કે બ્રહ્મનું મૂળ શું છે? જે યાજ્ઞવલ્ક્યને 'નેતિ નેતિ' સુધી કહી દેવા માટે મજબૂર કરી દીધા છે. ભગવત ગીતામાં અર્જુનના પ્રશ્નોને લીધે સમગ્ર માનવજાતને જ્ઞાનનો લાભ થયો છે. ફક્ત અર્જુન જ સવાલ નથી પૂછતો પણ ભગવાન પણ તેને પ્રતિપ્રશ્ન પૂછીને યોગ્ય માર્ગ ચીંધે છે.

રસપ્રદ વાત એ છે કે, પુરાણોમાં પ્રશ્ન જ કથાને આગળ વધારે છે. રામાયણમાં લવ અને કુશના પ્રશ્નો પરથી રામકથા વર્ણવવામાં આવી છે. મહાભારતમાં અનેક પેટા કથાઓ અલગ અલગ પાત્રોના સવાલો આધારિત છે. યુધિષ્ઠિર અને યક્ષના સવાલ=જવાબ તો ફિલોસોફીની દુનિયામાં અમર છે. ભાગવતમાં રાજા પરીક્ષિત તેના સાત દિવસના જીવન પછી થનારા મૃત્યુ અંગેના પ્રશ્નો શુકદેવને કૃષ્ણની લીલાઓ કહેવા મજબૂર કરે છે, જે ભક્તિમાર્ગ સમજવા માટે વિશાળ હાઇવે છે. સરવાળે પ્રશ્ન વિના સનાતન ધર્મમાં કથાઓ અધૂરી છે. આધુનિક યુગમાં ફરી આપણે એ જ વેદકાલીન યુગના સત્ય સમક્ષ આવીને ઊભા છીએ જ્યાં પ્રશ્ન પૂછવાની પરંપરાને લીધે અદ્‌ભુત સાહિત્ય પેદા થયું.

લેખક યાનિક હુચર્ડ એવું કહેતા હતા કે કોઈ પણ પ્રશ્ન મૂર્ખતાપૂર્ણ નથી હોતો, માત્ર જવાબો મૂર્ખતાપૂર્ણ હોઈ શકે છે. સવાલોની ગંભીરતા ફક્ત ભારતીય ઇતિહાસમાં નથી. યુરોપમાં પણ હતી. એક અભ્યાસ મુજબ યુરોપમાં પ્રશ્ન પૂછવાની પરંપરા પ્રાચીન ગ્રીસથી શરૂ થઈ હતી. સોક્રેટીસે પ્રશ્નો દ્વારા સમાજને ગેરમાર્ગે દોરતા વિચારોને પડકારી અને સત્યની તપાસ કરવાની પદ્ધતિ અમલમાં લાવ્યા હતા. પ્લેટો અને એરિસ્ટોટલે તેમના કાર્યને આગળ વધાર્યું હતું. આશરે આઠસો હજાર વર્ષ પહેલા બોલોગ્ના, પેરિસ અને ઑક્સફર્ડ યુનિવર્સિટીઓમાં શિક્ષણનું મુખ્ય સ્વરૂપ વિવિધ વિવાદના અભ્યાસ આધારિત હતું, જેમાં વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો એકબીજાને પ્રશ્નો પૂછતા અને જવાબો શોધતા હતા.

મધ્યયુગમાં થોમસ એક્વિનાસે કવેસ્ચિયો ડિસ્પ્યુટાટા નામની પ્રશ્ન પરંપરા વિકસાવી. આ ભાઈના યોગદાનથી કવેશ્ચન શબ્દ આવ્યો હોવાનું માનવામાં આવે છે. રસપ્રદ વાત એ પણ છે કે પ્રશ્નાર્થ ચિહ્ન (?)ની શરૂઆત આઠમી સદીમાં યુરોપમાં થઈ, જ્યાં ચાર્લેમેગ્નના કોર્ટમાં અલ્કુઇન ઓફ યોર્કે તેને વિકસાવ્યું. એક પ્રચલિત દંતકથા મુજબ પ્રાચીન ઇજિપ્તની પ્રશ્ન પૂછતી બિલાડીની પૂંછ જેવું પ્રશ્નાર્થ ચિહન દેખાય છે. ઇજિપ્શીયનો બિલાડીઓને પવિત્ર માનતા હતા અને જિજ્ઞાસુ બિલાડીની પૂંછ વળેલી હોય છે. અંધકારયુગમાંથી બહાર નીકળવા અનેક યુરોપિયન વિચારકોએ જ્ઞાનના પ્રકાશ ફેલાવવા પ્રશ્નપરંપરા પર ભાર મુક્યો હતો.

AI પાસે વિષયના મૂળ પર પહોંચવા સ્પષ્ટ વિચાર સાથે પ્રશ્નોની વણઝાર લગાવવી પડે છે. આમ તો પ્રશ્નો પૂછી પૂછીને નફો મેળવતી કંપનીને કેમ ભુલાય? ગૂગલ જેવી કંપનીઓ આપણા પ્રશ્નો પર ચાલે છે, વર્ષ ૨૦૨૪માં ૮૫ અબજ સવાલો અને માહિતી પૂછવામાં આવી હતી. તાજેતરમાં પચાસ કરતાં વધુ અભ્યાસો પરથી જોવા મળ્યું છે કે છેલ્લા ૩૦ વર્ષમાં માણસની તર્ક, અનુમાન, દલીલોનું મૂલ્યાંકન અને નિષ્કર્ષ કાઢવાની કુશળતા દશથી પંદર ટકા જેટલી ઘટવા લાગી છે.

આજે AI યુગમાં પ્રશ્ન પૂછવાની આવડતની વધુ જરૂરિયાત છે. જો AIને સવાલ અસ્પષ્ટ પૂછ્યો તો જવાબ પણ ખોટો મળી શકે છે, આને પ્રોમ્પ્ટ એન્જિનિયરિંગ કહેવામાં આવે છે. સવાલને એવી રીતે તૈયાર કરવો કે તે સરળતાથી સમજી શકે. AI સોર્સ આપે તો એ સોર્સ ઓથેન્ટિક છે કે કેમ એ પણ ચકાસવું એ પણ પ્રશ્ન પૂછવાની કળાનો ભાગ છે. માણસની એક સમસ્યા છે કે તેને જવાબની એટલી ઉતાવળ હોય છે કે સારા પ્રશ્નો પૂછવાની ક્ષમતા ખતમ કરી નાખી છે. કોઈપણ ડર વગર પ્રશ્ન પૂછીને નવું જાણવાની કળા બાળપણથી વિકાસ પામે એનું ધ્યાન માતાપિતા અને શિક્ષકોએ રાખવું જોઈએ.

સાઇકોલોજીના એક અભ્યાસ મુજબ ક્યુરિયોસિટીનો જિજ્ઞાસાના ગુણ આપણા મગજને સક્રિય રાખે છે, નવું શીખવું સરળ બને છે. માણસમાં ક્યુરિયોસિટીનો સ્તર ઘણીવાર વધુ પડતો હોય છે, ક્યારેક તે કોઈ એક વિષયમાં સમૃદ્ધ જ્ઞાન મેળવી શકતો નથી. મનોવિજ્ઞાન કહે છે કે બેલેન્સ ક્યુરિયોસિટી સારી, વધુ કે ઓછું નહીં. વાતનો સાર એટલો જ કે પ્રશ્ન ઉદ્‌ભવે તો નવી જાણકારીઓ મેળવો, પુસ્તકો વાંચો અને પ્રશ્નો પૂછતા રહો... ■

**ધ એન્ડ :**

*કઠોપનિષદમાં નચિકેતા પૂછે છે: મૃત્યુ પછી શું?*

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# ટેક્નોલોજીઃ દેશી-વિદેશીનું દંગલ



આપણા દેશના બજારોમાં એક નવો રોગ આવ્યો છે, જેને વિદેશી ટેક્નોલોજીની આયાત કહેવામાં આવે છે. દરેક વસ્તુના વેચાણની પાછળ આ શબ્દને પૂંછડીની જેમ લગાડવામાં આવ્યો હોય છે. આ વસ્તુ અહીં ઇન્ડિયામાં જ બનાવવામાં આવી છે, પણ એને બનાવવા માટે ખાસ વિદેશી ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેને અમે ખાસ કરીને ફક્ત આના માટે જ આયાત કરી છે! હમણાં બે-ત્રણ દિવસ પહેલા જ મેં જમીન પર પાથરવાની ચટાઈ (સાદડી) માટેની એક જાહેરાત વાંચી, જેમાં લખ્યું હતું- ચટાઈને ગૂંથવા માટે ખાસ જાપાની ટેક્નોલોજી આયાત કરવામાં આવી છે. મતલબ કે એ ફક્ત ચટાઈ નહીં, પણ જાપાની મગજ અને ભારતીય મહેનતનું પ્રતીક બની! જાહેરાત જોઈને હું વિચારવા લાગ્યો કે, હાય રે ભારતીય ટેક્નોલોજી, તું પોતાના માટે એક ચટાઈ પણ ન બનાવી શકી!

આ એ જ ચટાઈ છે, જેને વર્ષો પહેલા બૌદ્ધ ભિક્ષુકો એમની સાથે લઈ ગયા હતા. ભારતથી જ્યારે એ ગઈ ત્યારે એ ફક્ત એક સીધી સાદી ચટાઈ હતી, પણ ત્યાં પહોંચીને એ ટેક્નોલોજી બની ગઈ! જે નિકાસ માટે કાબેલ અને વધુ સારી બની ગઈ. એ લોકોએ નિકાસ કરી તે પણ કોને? ભારતને! કે જ્યાંથી એ લોકો એને લઈને આવ્યા હતા. આટલા દિવસથી એ ચટાઈ બની રહી હતી, ત્યારે આપણે એને ફક્ત એક ચટાઈ જ સમજતા રહ્યાં. એનો નિકાસ પણ ચટાઈ સમજીને જ કરતાં રહ્યા અને સાલું આપણને ખબર જ ન પડી કે આ તો ભૈ, આખેઆખી એક મોટી ટેક્નોલોજી છે! પહેલા સમજી ગયા હોત તો આજે આપણી પાસે વેચવા માટે બે વસ્તુઓ રહી ગઈ હોત. એક ચટાઈ અને બીજી ટેક્નોલોજી. ચટાઈ જોઈએ તો એ લો અને ચટાઈ નહીં તો એની ટેક્નોલોજી લો!

મને લાગે છે કે જો ટેક્નોલોજી આયાતનો આવો જ ને આવો ચસ્કો રહેશે તો આપણા દેશમાં બજારોમાં ઘણાં બદલાવ ઘણા બધા ફેરફાર જોવા મળશે. જેમ કે, ટોપલી બનાવવાવાળા કે વેચવાળા કહેશે કે એને ગૂંથવા માટે આ ટોપલીને કોરિયાથી આયાત કરેલી ટેક્નોલોજી વાપરવામાં થયેલી ટેક્નોલોજીના આધારે બનાવવામાં આવી છે.

ઝાડુઓ બનાવવા માટે આપણે જર્મન ટેક્નોલોજી લાવીશું, લોટ દળવાની ઘંટી માટે રશિયન ટેક્નોલોજી, કુહાડી બનાવવા માટે ફ્રેંચ ટેક્નોલોજી અને માટીના ઘડા બનાવવા માટે ચેકોસ્લોવિયા સાથે કરાર કરવો પડશે, પતરાળી-દળિયા માટે સ્વિસ ટેક્નોલોજી અને માટીના કોડીયા માટે ચાઈના પાસે પૂછવા જવું પડશે! હુક્કાના (ચિલમના) નવા આકાર માટે અમેરિકા પાસે જાણકારી લેવી પડશે, જાજમ (કાર્પેટ) માટે રોમાનિયા પાસે ટેક્નોલાજી લેવી પડશે. આપણા નેતાઓ જાણે છે કે નહીં, પણ વેલણની બાબતમાં ઈટાલિયન ટેક્નોલોજીની આયાત અસરકારક રહેશે.

આપણા દેશમાં પણ ટેક્નોલોજી શોધવા પર મળી શકે છે! પણ સાલું એ ખબર નથી કે, એ ટેક્નોલોજી નિકાસ માટે કાબેલ છે કે નથી? જે રીતે ચંપલની બાબતમાં કોલ્હાપુરી ટેક્નોલોજી, લોટાની (કળશાની) બાબતમાં મુરાદાબાદી ટેક્નોલોજી અને છુરી-ચપ્પુ માટે રામપુરી ટેક્નોલોજી છે. જો આપણે આ વસ્તુઓના ઉત્પાદનનું નિકાસ ન કરીએ, પણ કમસેકમ એની ટેક્નોલોજીનું નિકાસ તો કરી જ શકીએ ને! ટેક્નોલોજીના કોલાબ્રેશનથી ચાર પૈસાનો ફાયદો જ થશે, કોઈ નુકસાન નહીં થાય.

સમસ્યા એ છે કે જાપાનને ખબર છે કે 'ચટાઈ' એ ફક્ત 'ચટાઈ' નથી. એ એક 'ટેક્નોલોજી' પણ છે. પણ ભગવાન જાણે આપણને એ વાતની ખબર ક્યારે પડશે? આપણે ચંપલ, લોટો, છુરી, તાળું બધાને ફક્ત એ જ સમજીએ છીએ જે એ છે. પણ ભાઈ, જેવી રીતે ચટાઈ જાપાની ટેક્નોલોજી છે, એમ ચંપલ, લોટો, છુરી, તાળું આપણી ભારતીય ટેક્નોલોજી છે! બીજા કોઈ દેશ આપણને ચંપલ, લોટો, છુરી, તાળું માટે ટેક્નોલોજી નિકાસ કરે એ પહેલા જ મિત્રો આપણે એની ટેક્નોલોજી નિકાસ કરીએ!

(મૂળ લેખ ૧૯૮૫નો) ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# વડોદરાના લક્ષ્મી વિલાસ પેલેસની કલા-શિલ્પ રોનકમાં અભિવૃદ્ધિ કરે છે



**ગુજરાતની** આન,બાન,શાન સમાન સંસ્કારનગરી વડોદરાનાં રાજવી ગાયકવાડ દ્વારા લક્ષ્મી વિલાસ પેલેસ તો આપણે જોયો હશે!? પણ તેની કલા, સ્થાપત્યની બારીકાઇથી નહીં જોયું હોય. ભારતનાં વિખ્યાત મહેલમાનો એક આ પેલેસ છે, જીહા તેમ જ ગુજરાતનો મોટામાં મોટો પેલેસ છે, જેની જાળવણી ખૂબ જ કાબિલેદાદ છે, આજે પણ દેશ, વિદેશનાં પ્રવાસીઓ પેલેસને નિહાળવા આવે છે, આ ભવ્યાતિભવ્ય પેલેસની સ્થાપત્ય, કલા, શસ્ત્ર, સરંજામ, તેમની ચિત્ર કલાકારી જોઈને મંત્રમુગ્ધ થઈ જશો. આજે પેલેસમાં ચિત્રકલા, શિલ્પ કલા હું બતાવાનો છું જેમાં તસવીરમાં જમણી બાજુથી જોઈએ તો શ્વેત સંગેમરની નગ્ન લેડીનું શિલ્પ છે, જે સિંહની બાજુમાં ઊભી છે, અને સિંહનાં મોઢા પર હાથ રાખી ઊભી છે, જે નગ્ન છે છતાં નજાકતા છે. બીજા ક્રમે જે ડાર્ક ગ્રીન શિલ્પ છે જે પેલેસની મધ્ય ભાગમાં છે, અને જેમાં મહિલાએ આછા વસ્ત્રો પહેરેલા છે, અને ટોપલામાં એક બાળકને બેસાડી કેડે હાથ રાખી ઊભી છે, ત્રીજા ક્રમે પેલેસની દૂર સેન્ટરમાં આરસનાં કુંડા પર બે મોરલા બેઠા છે અને દરેક પ્રવાસી આ સ્ટેચ્યુ જુએ છે, ચોથા ક્રમે મહેલમાં પ્રવેશતા જ આબેહૂબ ચિત્ર છે જેને જોતા હજુ તાજું બનાવેલ હોય તેવી અનુભૂતિ તંતોતંત થાય ઉપર બારીક નકશીકામ અદ્‌ભુત છે, જોકે સાચી કલા જોવી હોય તો પેલેસની અંદર મ્યુઝિયમમાં જોવા મળશે, આ સાથે લક્ષ્મી વિલાસ પેલેસ વિશે પણ માહિતી આપું છું.

લક્ષ્મી વિલાસ પેલેસના બાંધકામનો પ્રારંભ મહારાજા સયાજીરાવ ગાયકવાડે ૧૮૭૮માં કરાવેલો અને ૧૮૯૦ સુધીમાં પૂર્ણ કરેલું. આ પેલેસની દક્ષિણ-ઉત્તર બાજુ બાંધકામ ૫૧૨ ફૂટ છે. પશ્ચિમ-પૂર્વ ૨૦૦ ફૂટના વિશાળ ભવ્ય પેલેસનું બાંધકામ ૧૨ વર્ષ સુધી ચાલેલું. તે સમયે ૫૦ લાખ રૂપિયાના જંગી ખર્ચે આ પેલેસ બનેલો. ૧૮૬ રૂમ ધરાવતા આ પેલેસને બહારથી નીરખતાં ત્રણ વિભાગ જોવા મળે છેઃ (૧) પબ્લિક પોર્ચ (૨) મહારાજા પોર્ચ (૩) મહારાણી પોર્ચ. કળાકોતરણીની દૃષ્ટિએ પણ આ પેલેસમાં બધા ધર્મોની કોતરણી અને બાંધકામ જોવા મળે છે.

મહારાજા સયાજીરાવ ગાયકવાડે ખરેખર દીર્ઘદ્રષ્ટિ રાખીને આ પેલેસ બનાવ્યો છે. પેલેસમાં દરબાર હોલ, શસ્ત્રાગાર, હાથી હોલ જેવા મોટા વિભાગો છે! ગ્રાઉન્ડ ફ્લોર સાથે ત્રણ માળ છે. આખા પેલેસની લાદીમાં સફેદ આરસપહાણ વાપરવામાં આવ્યા છે. વિવિધ રંગની કટકીને ચોંટાડીને ચિત્રો બનાવેલાં છે. આ કળાને દૂરથી જોતાં રંગના મિશ્રણથી ચિત્ર બનેલાં હોય એવો ભાસ થાય છે, પણ સાવ નજીકથી નીરખતાં ખ્યાલ આવે કે કાચની રંગીન કટકીમાંથી ચિત્રો બનેલાં છે.

લક્ષ્મી વિલાસ પેલેસના બાંધકામમાં ધર્મ પણ છે અને કળા પણ છે. કાચમાં અંગ્રેજીમાં S.R.G. અંકિત થયેલું એકસાથે જોવા મળે છે. આ તેનું સિમ્બોલ છે. એક વિભાગમાં પિલરમાં હાથીનાં મોઢાં જોવા મળે છે. આથી તેને હાથી હોલ કહેવામાં આવે છે! દરબાર હોલમાં જે મુખ્ય બાબત પર ચર્ચા કરવાની હોય તેની પ્રાથમિક ચર્ચા અહીં કરાતી. પેલેસનો ખૂબ જ વિશાળ ભાગ દરબાર હોલમાં છે, જેની લંબાઈ ૯૫ ફૂટ, પહોળાઈ ૪૪ ફૂટ અને ઊંચાઈ ૫૦ ફૂટ હોવા છતાં એને કોઈ પણ જાતનો ટેકો નથી, જે દરબાર હોલની મુખ્ય વિશેષતા છે. દરબાર હોલની છતમાં આઠ ઝુમ્મર છે. છતની ચારે બાજુ ૬૦૦ લેમ્પ છે. છતમાં વેનિસ પદ્ધતિનું પેઇન્ટિંગ છે. ચારે બાજુ સીસમના લાકડાથી બનેલા ઝરૂખા ખૂબ જ બારીક નકશીકામથી શોભે છે. આ ઝરૂખામાં રાજવી ઘરાનાની સ્ત્રીઓ બેસતી હતી. નીચેના ભાગેથી પુરુષો સ્ત્રીઓને ન જોઈ શકે, પણ સ્ત્રીઓ દરબાર હોલની અંદર બધાને નિહાળી શકે એવી સુવિધા ઝરૂખામાં છે. વિશાળ સિંહાસન પર રાજા બિરાજમાન થતા. આવો ભવ્ય મહેલની કલા, શિલ્પો જોવા ચોક્કસ આવજો. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## આજે, ક્રિસમસ, કાલે ક્રિસમસ, આખું વરસ ક્રિસમસ...



કહેવા માટે, સત્તાવાર રીતે, નાતાલનો પ્રારંભ – બિગિનિંગ ઓફ ક્રિસમસ આવતી કાલથી, ૨૫ ડિસેમ્બરથી થાય છે. જોકે, ઉજવણીના કેટલાક ઉત્સાહી પ્રદેશ છે જ્યાં વરસના ૩૬૫ દિવસ તહેવારની ઉજવણી થાય છે. ૫૬ લાખના વસતિ ધરાવતા યુરોપિયન દેશ ફિનલેન્ડનું રોવેનયામી શહેર એનું જ્વલંત ઉદાહરણ છે. રોવેનયામીમાં સાંટા ક્લોઝ વિલેજ આવેલું છે, જે સાંટા (કે સાન્તા) ક્લોઝના સત્તાવાર હોમટાઉન તરીકે નામના ધરાવે છે. અહીં કોઈ પણ ઋતુમાં સહેલાણીઓ સાંટા ક્લોઝને મળી શકે છે. આ ગામમાં સાંટાની મુખ્ય પોસ્ટ ઓફિસ આવેલી છે, જ્યાંથી વિશિષ્ટ શૈલીના સ્ટેમ્પિંગ કરેલા ક્રિસમસ પોસ્ટકાર્ડ તમારા પ્રિયજનોને મોકલવાની સગવડ છે અને એ ક્રિસમસ ટાણે જ પહોંચી જાય એની તકેદારી રાખવામાં આવે છે. અહીં વિવિધ આકર્ષણો છે, પણ એ બધામાં સાંટા ક્લોઝ સિક્રેટ ફોરેસ્ટ એકદમ અલાયદું છે. આ જંગલમાં ફાનસના પ્રકાશનું અજવાળું, એલ્વ્ઝ તરીકે ઓળખાતા જાદુઈ શક્તિ ધરાવતા અલૌકિક પ્રાણીના ગાયન વગેરેને કારણે ક્રિસમસનો તહેવાર જીવંત બને છે. અહીં એક વાસ્તવિક ટોય ફેક્ટરી જોવાની તક મળે છે જ્યાં બાળકોને રમકડાં કેવી રીતે બનાવાય એ શીખવા મળે છે અને વિવિધ રમતોમાં પણ સહભાગી થઈ શકાય છે. વિશ્વની આ એકમાત્ર જગ્યા છે જ્યાં નાતાલ સંબંધી અનેક રહસ્ય સમજવાની તક મળે છે. રેઈન્ડિયરને નજીકથી જોવાનો મોકો મળે છે અને એના દ્વારા હાંકવામાં આવતા સ્લેજ નામના વાહનમાં અઢી કિલોમીટરનો પ્રવાસ એક સંભારણું બની રહે છે.

## રેહને કો તો ઘર નહીં હૈ, હમ દેંગે ફ્લેટ તુમ્હારા!





રશિયન લેખક દોસ્તોવ્સ્કીની નવલકથા પર આધારિત ફિલ્મ માટે સાહિર લુધિયાનવી ગીત લખી ગયા છે કે 'ચીન – ઓ – અરબ હમારા, હિન્દોસ્તાં હમારા, રેહને કો ઘર નહીં હૈ, સારા જહાં હમારા'... કર્મચારીઓ નોકરી છોડી બીજે ન જતા રહે એ માટે એક ચાઈનીઝ કંપનીએ સાહિર સાબની ભાવનાને અલગ અંદાજમાં નિહાળવાની કોશિશ કરી છે. ચીની અખબારમાં પ્રગટ થયેલા અહેવાલ અનુસાર પાંચ વર્ષ સુધી કંપનીમાં ટકી રહેલા કર્મચારીઓને ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ ગિફ્ટ તરીકે આપવામાં આવશે. ઓટોમોટિવ ફાસ્ટનર જેવી ભારે ડિમાન્ડમાં રહેલી પ્રોડક્ટ બનાવતી કંપનીએ કામમાં નિપુણતા – કુશળતા ધરાવતા કર્મચારીઓ બીજી જગ્યાએ ભાગી ન જાય એ હેતુથી આવી લાલચ આપવામાં આવી છે. સોશ્યલ મીડિયામાં પણ આ કંપની ચર્ચાનું કેન્દ્ર છે અને ઘરબાર વિનાના લોકો એમાં નોકરી મેળવવા થનગની રહ્યા છે. આ વર્ષે પાંચ કર્મચારીને ફ્લેટની ચાવી સોંપવામાં આવતા આ કોઈ ગાજર નથી એની ખાતરી થઈ ગઈ છે. સવાથી દોઢ કરોડ રૂપિયાની વેલ્યૂ ધરાવતા ૧૧૦૦ થી ૧૬૦૦ સ્કવેર ફીટના વિશાળ ફ્લેટ રાતી પાઈ ખર્ચ્યા વિના અને આ પણ ઓફિસથી માત્ર ૫ કિલોમીટરના અંતરે મળે તો કોને ન ગમે? સ્કીમનો લાભ લેનારા કર્મચારી રિનોવેશન થયા પછી એમાં રહેવા જઈ શકે છે. નોકરીનાં પાંચ વર્ષ પૂર્ણ થતા ફ્લેટ એના નામે થઈ જશે અને ત્યારબાદ બીજા પાંચ વર્ષ એમાં રહેવું ફરજીયાત છે. અને હા, રિનોવેશનના પૈસા કર્મચારી પાસેથી વસૂલ કરવામાં આવશે.

## યે બુંદેલખંડ એક્સપ્રેસ વે હૈ, તુમ્હારા રિયાલિટી શો નહીં...



ટીવીની નાનકડી દુનિયામાં ભાભીજી બહુ મોટું નામ છે. ૧૦ વર્ષથી ચાલી રહેલી 'ભાભીજી ઘર પર હૈં'ના ૨૭૦૦ એપિસોડ થયા છે અને 'ધુરંધર'ની સફળતાનાં ગવાયેલા ગીતમાં 'ભાભીજી...' ધારાવાહિકની અભિનેત્રી સૌમ્યા ટંડન માટે પણ તાળીઓ પાડવામાં આવી છે. એમાં લેટેસ્ટ ઉમેરો થયો છે ઉત્તર પ્રદેશનાં 'રીલ ભાભી'નો. સોશ્યલ મીડિયા પર છવાઈ જવાના ગાંડપણમાં લપેટાયલાં અનેક સન્નારીઓની માફક યુપીનાં ભાભીજી કાયદાની લપેટમાં આવી ગયાં છે. વાત એમ છે કે શ્રીમાન લાલ સિંહ ચૌહાણ પત્ની (ભાભીજી) સાથે બૂંદેલખંડ એક્સપ્રેસ વે પર કાર ટ્રાવેલ કરી રહ્યા હતા. અચાનક ભાભીજીને સોલો ચડ્યો અને કાર અટકાવી, બોનેટ પર ચડી જાણે કે 'દિલવાલે દુલ્હનિયા લે જાએંગે'ની સિક્વલ માટે ઓડિશન આપતા હોય એવી અદા સાથે પરફોર્મ કર્યું, સિંહ સાહેબે હોંશથી રીલ બનાવી અને આદિત્ય ચોપડાની નજરે પડે તો લાઈફ બની જાય એવા શેખચલ્લી વિચાર સાથે સોશ્યલ મીડિયા પર પોસ્ટ સુધ્ધાં કરી. વિના મૂલ્યે મનોરંજનથી લોકોને તો જલસા પડ્યા, પણ પોલીસે આંખ લાલ કરી. 'ઝંઝીર'ના અમિતાભની સ્ટાઈલમાં 'યે બુંદેલખંડ એક્સપ્રેસ વે હૈ, તુમ્હારા રિયાલિટી શો નહીં' એવા આદેશ સાથે કાનપુર આરટીઓ તરફથી ૨૨ હજાર ૫૦૦ રૂપિયાનો દંડ ભાભીજીને ફટકારવામાં આવ્યો છે. ભાભીજીની રીલ તૈયાર કરનારા લાલભાઈને પણ ફેમિલી કારને ટીક ટોક ટ્રોલી બનાવી દેવા બદલ ૧૦ હજાર રૂપિયાનો દંડ ભરવા ફરમાન મોકલ્યું. દંડ ફટકારી પોલીસ અધિકારીઓ તરફથી આવા હોંશિલા રીલ મેકરો માટે ચેતવણી ઉચ્ચારવામાં આવી છે કે 'એક્સપ્રેસ – વે વાહનો માટે છે, વાયરલ વીડિયો માટે નહીં. તમારામાં ઘરબાયેલી કટરિના કૈફને દુનિયા સમક્ષ પેશ કરવી હોય તો રીલ ટેરેસ પર બનાવો, ટ્રાફિકમાં નહીં.'

## ફૂલના ડ્રેસનો વિશ્વવિક્રમ



વિક્રમ તોડવા માટે જ હોય છે એ ઉક્તિનું સમર્થન કરતા અનેક પ્રસંગો દુનિયાભરમાં ઠેકઠેકાણે વિવિધ ક્ષેત્રમાં જોવા મળે છે. જોકે, ખેલકૂદ સિવાય બીજી કોઈ બાબતના વિક્રમ તૂટે કે રચાય ત્યારે કુતૂહલનું કે આશ્ચર્યનું પ્રમાણ જરા વધારે જ હોય છે. પ્રવીણ જોશી – મધુ રાયની ફૂલ વેચવાવાળી 'સંતુ રંગીલી'ની યાદ આવી જાય એવી રોમાનિયાની ફ્લોરિસ્ટએ તૈયાર કરેલો એક ડ્રેસ નવો વિશ્વ વિક્રમ સ્થાપવામાં સફળ રહ્યો છે. આશા, પુનર્જન્મ અને નવી શરૂઆતનું પ્રતીક ગણાતા પાંચ હજાર સ્નોડ્રોપ ફૂલની મદદથી તૈયાર કરવામાં આવેલા ડ્રેસને આ પ્રકારના ફૂલમાંથી તૈયાર કરાયેલા વિશ્વના પ્રથમ ડ્રેસનું બહુમાન મળ્યું છે. આ વર્લ્ડ રેકોર્ડની ચર્ચામાં કેટલાક વર્ષ પહેલા સેબેસ્ટિયન નામના ફોરેનરે લાંબી કાકડી ઉગાડવાના ગિનિસ વર્લ્ડ રેકોર્ડનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમના ઘરના બગીચામાં વાવેલી વાર્તાની રાજકુમારીની જેમ દિવસે ન વધે એટલી રાતે વધી જોતજોતામાં ત્રણ ફૂટ અને ૮.૬ ઈંચ લાંબી થઈ ગઈ. આ લંબાઈ અગાઉની સૌથી લાંબી કાકડી કરતા અઢી ઈંચ વધુ લાંબી હતી. લાંબી કાકડી ખાવામાં મજા આવતી હશે, પણ એ ઉગાડવી એ ખાવાના ખેલ નથી.

## લ્યો કરો વાત!

*એક નૂર આદમી હજાર નૂર કપડાં એ મોડર્ન જનરેશનની લાઈફસ્ટાઈલનો મંત્ર છે. કેઝ્યુઅલ વેર, ઓફિસ વેર, પાર્ટી વેર, ફેસ્ટિવલ વેર... અને અન્ય કેટલાક પ્રસંગ માટે પણ કપડાં પસંદ કરી ખરીદવામાં આવે છે. ઓફિસમાં પણ દિવાળી હોય ત્યારે પરંપરાગત ભારતીય પહેરવેશ અને ક્રિસમસ હોય તો લેટેસ્ટ ટ્રેન્ડના ક્લોથ્સ અને કોઈ ફંક્શન કે ઈવેન્ટ હોય તો ડ્રેસકોડ અનુસાર કપડાં પહેરવાના એ વણલખ્યો નિયમ છે. ઉત્તર પ્રદેશની એક પ્રાઈવેટ કંપનીએ ફતવો કાઢ્યો કે દર શુક્રવારે કર્મચારીઓએ પારંપરિક વસ્ત્રો પહેરીને આવવાનું અને જો એમાં ચૂક થઈ તો ૧૦૦ રૂપિયાનો ફાઈન ભરવાનો. મેનેજમેન્ટ કક્ષાની વ્યક્તિ માટે દંડની રકમ ૫૦૦ રૂપિયા છે. મેઈલથી આ જાણકારી મળતા કર્મચારીગણ અસ્વસ્થ થઈ ગયો છે. જોકે, એચઆર ડિપાર્ટમેન્ટના આ હુકમનો અનાદર કરવાની હિંમત કોઈનામાં નથી.*

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**ઈજ્જતના ફાલુદા કેવા હોય?**
* મગજનું દહીં કરે એવા...

**સિંહ છલાંગ હોય તો બીજા પ્રાણીનું શું?**
* અશ્વવેગી ચાલ, ગધ્ધા વૈતરું, અડિયલ ટટ્ટુ, શિયાળની લુચ્ચાઈ...

**ધોળા દિવસે તારા દેખાડનાર રાત્રે શું બતાવે?**
* ઝળહળતો સૂર્ય પ્રકાશ...

**પત્નીને ગર્લ ફ્રેન્ડ માનીએ તો?**
* તો અસલી ગર્લ ફ્રેન્ડ રાખડી બાંધવા આવે.

**પત્ની રિસાઈ ત્યારે પતિએ શું કરવું?**
* સાસુજીને શરણે જવું...

**રંગાઈ જાને રંગમાં...આ રંગ ક્યો??.**
* શ્વેત... પ્રેમ રંગ.

**ભૂલનો પસ્તાવો ના થાય તો?**
* તો ભોગ તમારા...

**રૂપિયો ગગડીને ક્યાં જાય?**
* ભ્રષ્ટાચારી નેતાની તિજોરીમાં...

**બદામ ખાવાથી યાદશક્તિ કેટલી વધે?**
* બદામના વજન જેટલી...

**સાસુ નાક ખેંચે તો કાન કોણ ખેંચે?**
* સાસુની દીકરી...

**કૂતરાની પૂંછડી વાંકી કેમ હોય?**
* સીધી નથી હોતી એટલે!.

**અમિતાભ બનવા શું કરું?**
* જયા વ્રત કરો.,, હૈય?!

**શિયાળામાં કોને પરસેવો વળે?**
* કામચોરને...

**ગાર્ડનમાં કેવા પંખી જોવા મળે?**
* પાંખવાળા પંખી અને પ્રેમ ઝંખતા પ્રેમીપંખી.

**પરીક્ષામાં સર્વશ્રેષ્ઠ ખોટો જવાબ આપવાનું શરૂ થાય તો?**
* કદાચ સાચું રિઝલ્ટ સારું પણ આવે !

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# શ્રદ્ધા શક્તિનું મહત્ત્વ

માત્ર ઈશ્વર મહાન છે. કોઈ પણ સદ્કાર્ય માટે એ માણસને નિમિત્ત બનાવે છે. ઈશ્વર પાસે સદ્કાર્ય સિવાય કંઈ જ નથી. એટલે જ એક ચોવકમાં સનાતન સ્વરૂપે વણી લેવામાં આવ્યું છે કે, ''કરણવારી કુધરત, માડૂ નીમીત માતર'' ચોવકમાં જે 'કરણવારી' શબ્દનો પ્રયોગ થયો છે, તેનો અર્થ 'કરવાવાળી' થાય છે. પણ કચ્છની જુદી જુદી જ્ઞાતિમાં અને પ્રદેશમાં 'કરણવારી'ના બદલે 'કેવારી' 'કરેવારી' વગેરે શબ્દો પ્રયોજાય છે. જેનો અર્થ પણ 'કરવાવાળી' જ થાય છે. અર્થ અને ભાવાર્થ સ્પષ્ટ છે કે, 'કરવાવાળી તો કુદરત છે, મનુષ્ય માત્ર નિમિત્તે જ બને છે!

કુદરત પર આ રીતે શ્રદ્ધા, વિશ્વાસ અને ભરોસો દર્શાવતી બીજી પણ એક ચોવક છે : ''અંધેજી યા જો અલ્લા રખવારો.'' 'અંધેજી' એટલે આંધળાની, રખવારોનો અર્થ થાય છે, આધાર કે સંભાળ લેનાર. પુત્ર આંધળો હોય અને યા નિરાધાર બની ગઈ હોય તેની સંભાળ ભગવાન રાખે છે, એમ ચોવકને કહેવું છે. બીજો એવો પણ અર્થ થઈ શકે કે, 'જેનું કોઈ નથી હોતું તેનો ભગવાન છે'!

છઠ્ઠીના લેખ! આપણે આસ્થાપૂર્વક માનીએ છીએં કે, આપણા સુખ-દુઃખનો તમામ હિસાબ એ લેખમાં લખેલો હોય છે. છઠ્ઠીના લેખમાં લખ્યા મુજબની ઘટનાઓ જ ક્રમસર માનવજીવનમાં બનતી રહે છે. પણ દુઃખથી પરેશાન કોઈપણ વ્યક્તિની વ્યથા અને આક્રોશ આ ચોવક વ્યક્ત કરે છેઃ ''જ મિલે વિધાતા રોડ઼ે વઢીયાં નક'' જબરદસ્ત આક્રોશ છે આ ચોવકમાં. અર્થ એવો થાય છે કે, 'જો મળે વિધાતા તેનું નાક કાપી નાખું.'! 'રોડ઼ે' શબ્દનો અર્થ છે સખત પ્રહાર કરીને! 'વઢીયાં' એટલે વાઢી નાખું કે કાપી નાખું અને 'નક' એટલે નાક.

તેમ છતાં પણ આપણા જીવનમાં શ્રદ્ધાનું સ્થાન બહુ જ મહત્ત્વનું છે. ઈશ્વર પર અપાર શ્રદ્ધા રાખ ને કરેલું કાર્ય પાર પડે જ, એટલા શ્રદ્ધાવાન આપણે છીએ. શ્રદ્ધા ખરેખર તો 'બળ'ર આપે છે અને ઈશ્વર 'કળ' આપે છે. કચ્છીમાં એટલે જ આ ચોવક છેઃ ''જુકો જેડ઼ી ધારે માલક તેડ઼ો તેં કે પારે.'' શ્રદ્ધાની પરીસીમા દર્શાવતી આ ચોવક છે. સીધો અર્થ એવો થાય છે કે, 'કોઈ જેટલી અને જેવી શ્રદ્ધા ઈશ્વરમાં ધરાવે, તેટલા પ્રમાણમાં જ ઈશ્વર તેની ઈચ્છા પૂરી કરે! 'જેડ઼ી' એટલે જેવી અને 'ધારે' એટલે કે શ્રદ્ધા રાખે. 'માલક' એટલે ઈશ્વર. 'પારે'નો અર્થ છે, પાળે કે ઈચ્છા પૂરી કરે!

વળી પાછું બીજી એક ચોવક એમ પણ કહે છે કે ''ડેવ તેડ઼ા થાર'' જેવા દેવ તેવો થાળ! બહુ અર્થી આયામ ધરાવે છે આ ચોવક. દેવની કક્ષા નક્કી કરનારા આપણે કોણ? તો ભાવાર્થ એવો હોઈ શકે કે, આપણી શક્તિ-ક્ષમતા કે સગવડ મુજબ દેવને થાળ ધરાવાય!

આવી પાત્રતા દર્શાવતી બીજી પણ ચોવક કચ્છીમાં વપરાય છેઃ ''ડેવ તેડ઼્યૂં અઠાઈયૂં'' અર્થ એજ થાય કે, જેવા દેવ તે પ્રમાણે તેના પૂજા-પાઠ કે વ્રત-જાપ કરવા જોઈએ!

એટલે જ કહેવાય છે કે, ઈશ્વર પર મૂકેલી શ્રદ્ધા ક્યારેય અફલિત રહેતી નથી. બધાને કહેતા ન ફરાય કે દુઆ કરજો! શ્રદ્ધા સ્થાન એક જ અને બળવતર શ્રદ્ધાવાળું હોવું જોઈએ. એ પ્રહારનો નિર્દેશ આપતી ચોવક પણ પ્રચલિત છે : ''ડેવ ડેવસ્થાન છડે, ને ખેતરપારજી ખિડ઼ ન થીયે'' મતલબ કે દેવ-દેવસ્થાનાં છોડીને ક્ષેત્રપાળની ભક્તિ ન કરાય. ક્ષેત્રપાળ એ ક્ષેત્રરક્ષક છે, પણ એ દેવ-દેવી કે દેવસ્થાનાંની ઉપરવટ ન જઈ શકે! ક્ષેત્રપાળ એ શેષનાગનું સ્વરૂપ છે. આપવા વાળો કે પ્રાર્થનાનું પરિણામ આપનારો ઈશ્વર જ છે અને દરેકને તેની પાત્રતા મુજબ એ આપતો રહે છે. ''ભગવાન સઉં ત નિત નઉં'' અહીં 'સઉં'નોર અર્થ કૃપા અને 'નઉં' એટલે નવું. મતલબ કે હોય જો ઈશની કૃપા તો રોજ નિત નવનીત મળે! ■

ફોકસ
લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

# શું વધુ પડતો પરસેવો તણાવનું પરિણામ છે કે હોર્મોનલ અસર?

ચિંતા-સંબંધિત પરસેવો ચોક્કસ રીતે થાય છે. તે શારીરિક પ્રવૃત્તિથી નહીં, પરંતુ ડર અથવા પરિસ્થિતિની અપેક્ષાથી થાય છે, જેમ કે મીટિંગ પહેલાં સામાજિક ક્રિયાપ્રતિક્રિયા દરમિયાન, અથવા ભીડવાળી જગ્યાએ. પરસેવો એક સામાન્ય પ્રક્રિયા છે, જે શરીરને ઠંડુ થવામાં મદદ કરે છે. જો કે જ્યારે અતિશય પરસેવો અચાનક કોઈ પણ પ્રયાસ વિના શરૂ થાય છે અને સામાજિક જીવનમાં અસ્વસ્થતા લાવવાનું શરૂ કરે છે, ત્યારે લોકો ચિંતા કરવાનું શરૂ કરે છે કે શું તે કોઈ ગંભીર સમસ્યાની નિશાની છે. નિષ્ણાતો કહે છે કે ઘણા દર્દીઓ તેમની પાસે ચિંતા, ગભરાટના હુમલા અથવા અનિદ્રાની ફરિયાદ કરવા આવે છે. જો કે દર્દીઓ માટે સૌથી ચિંતાજનક પાસું વધુ પડતો પરસેવો છે, જે તેમના રોજિંદા જીવનને અસર કરવાનું શરૂ કરે છે. તો ચાલો જોઈએ કે વધુ પડતો પરસેવો તણાવનું પરિણામ છે કે હોર્મોનલ અસરનું અને નિષ્ણાતો તેની પાછળના સત્ય વિશે શું કહે છે.



### રાત્રે પરસેવો અવગણશો નહીં

નિષ્ણાતો કહે છે કે રાત્રે વધુ પડતો પરસેવો એક મહત્વપૂર્ણ સંકેત હોઈ શકે છે. જો પરસેવા માટે કપડાં અથવા ચાદર વારંવાર બદલવાની જરૂર હોય, તો તેને હળવાશથી ન લેવો જોઈએ. જો તેની સાથે વજન ઘટતું રહે, સતત તાવ આવતો રહે કે પછી કોઈ કારણ વગર થાક લાગતો હોય, તો તે કોઈ તબીબી સમસ્યા સૂચવી શકે છે. નિષ્ણાતો એમ પણ કહે છે કે અમુક દવાઓ વધુ પડતો પરસેવો લાવી શકે છે. આ સમસ્યા એન્ટીડિપ્રેસન્ટ્સ, ચિંતાની દવાઓ અથવા અમુક પેઇનકિલર્સની આડઅસર તરીકે થઈ શકે છે. ઘણા દર્દીઓ તેને નાની સમસ્યા માનીને તેમના ડૉક્ટરને તેની જાણ કરતા નથી, ભલે તે સારવાર પર અસર કરી શકે.

નિષ્ણાતો કહે છે કે ચિંતાને કારણે પરસેવો થવો એ નબળાઈ નથી અને તેની સારવાર કરી શકાય છે. ઉપચાર, તણાવ વ્યવસ્થાપન અને જો જરૂરી હોય તો દવા નોંધપાત્ર રાહત આપી શકે છે. વધુ પડતા કેફીનનું સેવન, ઊંઘનો અભાવ અને સતત માનસિક તણાવ જેવા મૂળ કારણો ઓળખવા પણ મહત્વપૂર્ણ છે. નિષ્ણાતો સંમત થાય છે કે માનસિક અને શારીરિક સ્વાસ્થ્યને અલગથી ન જોવું જોઈએ. ■

### ચિંતા-સંબંધિત પરસેવો કેવો દેખાય છે?

નિષ્ણાતોના મતે ચિંતા-સંબંધિત પરસેવો ચોક્કસ રીતે થાય છે. તે સામાન્ય રીતે શારીરિક પ્રવૃત્તિ દ્વારા નહીં, પરંતુ ભય અથવા પરિસ્થિતિની અપેક્ષા દ્વારા ઉશ્કેરવામાં આવે છે, જેમ કે મીટિંગ પહેલાં, સામાજિક ક્રિયાપ્રતિક્રિયા દરમિયાન, અથવા ભીડવાળી જગ્યાએ. આના ચિહ્નોમાં ભીના હાથ, લાલ ચહેરો, અથવા ઠંડા હવામાનમાં પણ કપડાંમાં પરસેવો ટપકવાનો સમાવેશ થાય છે. આવું એટલા માટે થાય છે કારણ કે ચિંતા દરમિયાન શરીર લડાઈ-ઓર-ફ્લાઇટ મોડમાં જાય છે, અને તણાવ હોર્મોન્સ પરસેવાની ગ્રંથીઓને વધુ સક્રિય કરે છે.

### પરસેવો હંમેશાં માનસિક કારણ હોતો નથી.

નિષ્ણાતો એ પણ નિર્દેશ કરે છે કે વધુ પડતો પરસેવો માનસિક સમસ્યા સાથે જોડાયેલો નથી. કેટલીકવાર હોર્મોનલ ફેરફારો પણ તેનું કારણ હોઈ શકે છે. સ્ત્રીઓ ખાસ કરીને પેરીમેનોપોઝ અને મેનોપોઝ દરમિયાન, અચાનક ગરમ ચમક અને રાત્રે પરસેવો અનુભવી શકે છે, જે ચિંતાની નકલ કરી શકે છે. વધુમાં થાઇરોઇડ-સંબંધિત સમસ્યાઓ પણ વજનમાં ફેરફાર, હૃદયના ધબકારા વધવા અથવા અસહ્ય ગરમી જેવા લક્ષણો સાથે સતત પરસેવો લાવી શકે છે.

# એક ઓવરમાં પાંચ વિકેટ

## ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પહેલી વખત બન્યું

બાલી: હૅટ-ટ્રિક લેવી એ કોઈ પણ બોલર માટે મોટી સિદ્ધિ હોય છે, ખાસ કરી ટી-૨૦ જેવા ટૂંકા ફોર્મેટમાં. એવામાં ઇન્ડોનેશિયાના ૨૮ વર્ષીય બોલરે એક અદ્ભુત સિદ્ધિ મેળવી છે. ગઈ કાલે બાલીમાં ઇન્ડોનેશિયા અને કંબોડિયા વચ્ચે ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ હતી, જેમાં ઇન્ડોનેશિયાના રાઈટ હેન્ડ ફાસ્ટ બોલર ગેડે પ્રિયંદનાએ એક ઓવરમાં કંબોડિયાની અડધી ટીમને આઉટ કરી લીધી.

એક ઓવરમાં હૅટ-ટ્રિક સહિત ૫ વિકેટ ઝડપીને ગેડે પ્રિયંદનાએ એક વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. તે એક ઓવરમાં પાંચ વિકેટ લેનાર પ્રથમ ખેલાડી બન્યો છે.

ઇન્ડોનેશિયા અને કંબોડિયા વચ્ચે આઠ ટી-૨૦ મેચની સિરીઝ રમાઈ રહી છે, જેની પહેલી મેચ ગઈ કાલે બાલીના ઉદયના ગ્રાઉન્ડમાં રમાઈ હતી. કંબોડિયાએ ટૉસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરતા, ઇન્ડોનેશિયાએ ૨૦ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને ૧૬૭ બનાવ્યા હતા જેમાં ધર્મા કેસામાએ ૬૮ બોલમાં બનાવેલા




અણનમ ૧૧૦ રન સામેલ હતા.

### પાંચ વિકેટના ક્રમ

૧૬૮નો ટાર્ગેટ ચેઝ કરવા ઊતરેલી કંબોડિયાની ૧૪.૩ ઓવરમાં ૧૦૪ રન પર પાંચમી વિકેટ પડી હતી. ત્યાર બાદ ૧૬મી ઓવર ફેંકવા ગેડે પ્રિયંદના આવ્યો હતો. તેને ઓવરના પહેલા ત્રણ બોલમાં ત્રણ વિકેટ ખેરવીને હૅટ-ટ્રિક પૂરી કરી. ત્યાર બાદ ચોથો બોલ ડોટ બોલ રહ્યો. પાંચમા બોલ પર તેણે વધુ એક વિકેટ લીધી, ત્યાર બાદ છેલ્લા બોલે વિકેટ લઇને તેણે કંબોડિયાની ટીમને ઓલ આઉટ કરી દીધી. આમ તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક ઓવરમાં પાંચ વિકેટ લેનાર પ્રથમ ખેલાડી બન્યો.

આ પહેલા પુરુષ કે મહિલા આંતરરાષ્ટ્રીય ટી-૨૦ ક્રિકેટમાં અત્યાર સુધી કોઈ પણ ખેલાડીએ એક ઓવરમાં પાંચ વિકેટ લેવાની સિદ્ધિ મેળવી ન હતી, પણ ગેડે પ્રિયંદનાએ ઈતિહાસ રચ્યો હતો.

ગેદે પ્રિયંદનાની પહેલાં ટી-૨૦ ક્રિકેટમાં એક ઓવરમાં ચાર વિકેટ લેવાની ઘટના ૧૪ વખત બની ચૂકી છે, પરંતુ એક ઓવરમાં પાંચ વિકેટ લેવાની ઘટના પહેલી વાર બની છે.

### ડોમેસ્ટિકમાં એક ઓવરમાં પાંચ વિકેટ પડી ચૂકી છે

ડોમેસ્ટિક ક્રિકેટ કે લીગ ટી-૨૦ ક્રિકેટમાં એક ઓવરમાં પાંચ વિકેટ લેવાની સિદ્ધિ અગાઉ બે બોલર મેળવી ચૂક્યા છે. ૨૦૧૩-૧૪માં વિક્ટરી ડે ટી-૨૦ કપમાં યુસીબી-બીસીબી ઇલેવનના અલ-અમીન હુસૈને અબહાની લિમિટેડ સામે એક ઓવરમાં પાંચ વિકેટ લીધી હતી. કર્ણાટકના સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ૨૦૧૯-૨૦માં અભિમન્યુ મિથુને સેમિ ફાઇનલમાં એક ઓવરના હરિયાણાના પાંચ બૅટ્સમેનને આઉટ કર્યા હતા.■

# દીપ્તિ શર્માએ એક વિકેટ લીધી એટલે પહેલી વખત બની ગઈ વર્લ્ડ નંબર-વન!



દુબઈ: અહીં હેડ ક્વૉર્ટર ધરાવતી ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલએ ટી-૨૦ મહિલા બોલિંગના નવા રૅન્કિંગ જાહેર કર્યા છે જે મુજબ સ્પિનર દીપ્તિ શર્મા પહેલી જ વખત વર્લ્ડ નંબર-વન બની છે.

નવાઈની વાત એ છે કે ઑફ-સ્પિનર દીપ્તિએ રવિવારે વિશાખાપટનમમાં ૨૦ રનમાં એક વિકેટ લીધી હતી. જોકે એ પર્ફોર્મન્સ તેને નંબર-વનની રૅન્ક પર પહોંચાડવા માટે પૂરતો હતો.

૨૮ વર્ષીય દીપ્તિએ નંબર-વનના સ્થાનેથી ઑસ્ટ્રેલિયાની ફાસ્ટ બોલર ઍનાબેલ સધરલૅન્ડને હટાવીને આ સિદ્ધિ હાંસલ કરી છે. તેના ૮૩૭ પૉઇન્ટ છે ઍનાબેલથી એક પૉઇન્ટ આગળ થઈ ગઈ છે. ઍનાબેલના ૮૩૬ પૉઇન્ટ છે.

વન-ડેના બૅટિંગ ક્રમાંકોમાં સાઉથ આફ્રિકાની લૉરા વૉલવાર્ટે સ્મૃતિ મંધાનાની પ્રથમ રૅન્ક આંચકી લીધી છે. વૉલવાર્ટના ૮૨૦ રેટિંગ પૉઇન્ટ છે, જ્યારે સ્મૃતિના નામે ૮૧૧ પૉઇન્ટ છે. ■

## રાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓની કફોડી હાલત

# ઍથલીટોએ ટ્રેનમાં ટૉઇલેટ પાસે બેસીને મુસાફરી કરવી પડી



લખનઊ: ઉત્તર પ્રદેશમાં આયોજિત ૬૯મી નેશનલ સ્કૂલ રેસલિંગ ચૅમ્પિયનશિપમાં ભાગ લેવા ગયેલા ઓડિશાના ૧૮ ઊભરતા ખેલાડીઓને ટ્રેનની મુસાફરીમાં ખરાબ અનુભવ થયો હતો. રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા ગયેલા આ ૧૦ છોકરા અને ૮ છોકરીને સન્માન આપવાને બદલે તેઓ વહીવટીતંત્રની ઘોર બેદરકારીનો ભોગ બન્યા હતા. આ ઘટનાએ રમતગમત જગતમાં સનસનાટી મચાવી દીધી છે અને પ્રશાસનની સંવેદનશીલતા પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

એજ્યુકેશન વિભાગની ગંભીર બેદરકારીને કારણે આ ખેલાડીઓ માટે રેલવેમાં કન્ફર્મ ટિકિટની વ્યવસ્થા કરવામાં આવી નહોતી, પરિણામે કડકડતી ઠંડીમાં આ છોકરાઓએ જનરલ ડબ્બામાં મુસાફરી કરવી પડી હતી. રાષ્ટ્રીય સ્તરના આ ખેલાડીઓ ટ્રેનના શૌચાલય પાસે બેસીને મુસાફરી કરી રહ્યા હતા. જે બાળકો મેડલ જીતવાનું સપનું લઈને ગયા હતા, તેમને બેસવા માટે પૂરતી જગ્યા પણ ન મળી એ અત્યંત શરમજનક બાબત છે.

આ મામલે બીજુ જનતા દળના રાજ્યસભા સાંસદ સુલતા દેવે આકરા પ્રહાર કર્યા છે. તેમણે આ ઘટનાને અમાનવીય ગણાવતા કહ્યું કે, ''ડબલ એન્જિનની સરકાર દરેક મોરચે નિષ્ફળ રહી છે, જે બાળકો શૌચાલય પાસે બેસીને મુસાફરી કરે છે, તેમની માનસિકતા પર કેવી અસર પડશે? જો તમે ખેલાડીઓને સન્માનજનક સુવિધા ન આપી શકતા હોય તો તેમને મોકલવા જ ન જોઈએ.''

સાંસદે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સામે પણ સવાલ ઉઠાવ્યા હતા. આ સમગ્ર વિવાદ વચ્ચે સ્કૂલ અને માસ એજ્યુકેશન વિભાગ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી. આ ઘટનાથી રમતપ્રેમીઓ અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ■

### 'એકે હજારા' વિરાટ રમશે વિજય હઝારે ટ્રોફીમાં



ઉચ્ચ કોટિના બૅટ્સમેનોમાં અચૂક ગણાતો વિરાટ કોહલી આજે શરૂ થતી વિજય હઝારે ટ્રોફી માટેની ગઈ કાલની બેંગલૂરુની પ્રૅક્ટિસ દરમ્યાન મજાકના મૂડમાં હતો. તે દિલ્હી વતી આંધ્ર સામેની મૅચમાં રમશે. રોહિત, ગિલ, રિષભ, સૂર્યકુમાર, અભિષેક વગેરે સ્ટાર ખેલાડીઓ પણ આ ટૂર્નામેન્ટમાં રમશે. (પીટીઆઇ)■

# જેમિમા રૉડ્રિગ્સ બની દિલ્હીની કૅપ્ટન



નવી દિલ્હી: ભારતની વર્લ્ડ ચૅમ્પિયન ટીમની સ્ટાર બૅટર અને ભૂતપૂર્વ વિશ્વ વિજેતા ઑસ્ટ્રેલિયા સામે અણનમ ૧૨૭ રન કરીને ભારતને વર્લ્ડ કપની સેમિ ફાઇનલ જિતાડનાર જેમિમા રૉડ્રિગ્સને દિલ્હી કૅપિટલ્સ (ડીસી)ની કૅપ્ટનપદે નિયુક્ત કરવામાં આવી છે. પચીસ વર્ષની જેમિમાને ઑસ્ટ્રેલિયાની મેગ લેનિંગના સ્થાને ડીસીની કૅપ્ટન બનાવવામાં આવી છે. તે ૨૦૨૬ના ફેબ્રુઆરીમાં શરૂ થનારી વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની ચોથી સીઝનમાં ડીસીનું સુકાન સંભાળશે. ■

# નીરજ ચોપડા મળ્યો પીએમ મોદીને: પત્ની હિમાની મોર પણ હતી હાજર

નવી દિલ્હી: ભાલાફેંકના ભૂતપૂર્વ ઑલિમ્પિક્સ ચૅમ્પિયન અને વર્લ્ડ ચૅમ્પિયન બની ચૂકેલો નીરજ ચોપડા મંગળવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યો હતો. આ મુલાકાત દરમ્યાન નીરજની પત્ની હિમાની મોર પણ હાજર હતી.

ઑલિમ્પિક્સના બે ચંદ્રક જીતી ચૂકેલો નીરજ પત્ની હિમાની સાથે પીએમ મોદીને ૭, લોક કલ્યાણ માર્ગ ખાતેના તેમના નિવાસસ્થાને મળ્યો હતો. નીરજે આ વર્ષની શરૂઆતમાં હિમાની સાથે લગ્ન કર્યા હતા અને હાલમાં તેઓ વેકેશન માણી રહ્યા છે અને એ દરમ્યાન નીરજે મુલાકાતની તક મળતાં મોદીને મળવાનું નક્કી કરી લીધું હતું.



નીરજ ચોપડાએ આ મુલાકાત દરમ્યાન વડા પ્રધાન સાથે ભાલાફેંક સહિત વિવિધ રમતો પર અને અન્ય મુદ્દા પર ચર્ચા કરી હતી.

નીરજ ૨૦૨૫ના વર્ષ દરમ્યાન પહેલી વખત ભાલો ૯૦ મીટર સુધી ફેંકી શક્યો છે. તેણે ૯૦.૨૩ મીટરના અંતર સાથે આ સિદ્ધિ મેળવી હતી. આ ઉપલબ્ધિ મેળવનાર તે એશિયાનો ત્રીજો અને વિશ્વનો પચીસમો ખેલાડી બન્યો છે. નીરજ પૅરિસ ડાયમંડ લીગ, ગોલ્ડન સ્પાઇક મીટ અને એનસી ક્લાસિક સહિત ત્રણ મોટી સ્પર્ધાના ગોલ્ડ મેડલ પણ જીતી ચૂક્યો છે. ■

# હાર બાદ બ્રિટિશ ક્રિકેટરો નશામાં ધૂત હતા?

ઍડિલેઇડ: ઑસ્ટ્રેલિયા સામેની ઍશિઝ ટેસ્ટ સિરીઝમાં બ્રિસ્બેનની બીજી મૅચમાં પણ ઇંગ્લૅન્ડની ટીમ હારી ગઈ ત્યાર બાદ હેડ-કોચ બ્રેન્ડન મૅક્લમના નેતૃત્વમાં ટીમના બધા ખેલાડીઓ નૂસા બીચ પર ગયા હતા જ્યાંની તેમની કથિત કરતૂતને લીધે વિવાદ શરૂ થયો છે. ઑસ્ટ્રેલિયાએ બ્રિસ્બેનની બીજી ટેસ્ટ બાદ ઍડિલેઇડની ત્રીજી ટેસ્ટ પણ જીતીને પાંચ મૅચવાળી સિરીઝની ટ્રોફી પર ૩-૦થી કબજો મેળવી લીધો છે.બ્રિટિશ ટીમ લાગલગાટ બે પરાજયને લીધે આઘાતમાં ડૂબી ગઈ હતી અને તેમને ત્યારની પરિસ્થિતિમાંથી બહાર લાવવા તેમ જ ટીકાના માહોલથી દૂર લઈ જવા મૅક્લમ તેમને નૂસા બીચ લઈ ગયો હતો જ્યાં ખેલાડીઓએ વધુ પડતો દારૂ પીધો હોવાના અહેવાલ છે. તપાસ શરૂ કરાઈ છે. ■

# ભારતીય મહિલાઓ બીજી ટી-૨૦ જીતી

વિશાખાપટનમ: મંગળવારે ભારતે શ્રીલંકાને બીજી ટી-૨૦માં પણ હરાવીને પાંચ મૅચવાળી શ્રેણીમાં ૨-૦થી સરસાઈ મેળવી લીધી છે. ભારતે ૧૨૯ રનનો લક્ષ્યાંક ૪૯ બૉલ અને સાત વિકેટ બાકી રાખીને મેળવી લીધો હતો. ઓપનર શેફાલી વર્મા (૬૯ રન, ૩૪ બૉલ, એક સિક્સર, અગિયાર ફોર)નો પર્ફોર્મન્સ ટીમમાં સર્વશ્રેષ્ઠ હતો. તેની અને જેમિમા રૉડ્રિગ્સ (૨૬ રન) વચ્ચે બીજી વિકેટ માટે ૫૮ રનની ભાગીદારી થઈ હતી. ભારતે ૧૨૯ રનનો લક્ષ્યાંક ૧૧.૫ ઓવરમાં ત્રણ વિકેટના ભોગે મેળવી લીધો હતો. કૅપ્ટન હરમનપ્રીત કૌર ૧૦ રન તથા સ્મૃતિ મંધાના ૧૪ રન બનાવી શકી હતી. એ પહેલાં શ્રીલંકન ટીમે બૅટિંગ મળ્યા બાદ નવ વિકેટે ૧૨૮ રન કર્યા હતા. નવી સ્પિનર વૈષ્ણવી શર્મા તથા શ્રી ચરનીએ બે-બે વિકેટ તેમ જ સ્નેહ રાણા અને ક્રાંતિ ગૌડે એક-એક વિકેટ લીધી હતી. ■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| MACABRE | યંત્ર |
| MACARONI | ગદા |
| MACE | પૌરુષત્વ |
| MACHO | વિકરાળ |
| MACHINE | ઘઉંની સેવ |

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | | ૭ |
| | ■ | ૮ | | | ■ | ૯ | | ■ | |
| ૧૦ | ૧૧ | | | ■ | ૧૨ | | | ■ | |
| ■ | | ■ | ■ | ૧૩ | ■ | | ■ | ૧૪ | |
| ૧૫ | ■ | ૧૬ | ■ | | ■ | ૧૭ | ૧૮ | ■ | ■ |
| ■ | ■ | ૧૯ | ૨૦ | | ૨૧ | ■ | ૨૨ | ૨૩ | |
| ૨૪ | | ■ | | | ■ | ■ | | | ■ |
| | ■ | ૨૫ | | | ■ | ૨૬ | ૨૭ | | ૨૮ |
| | ■ | ૨૯ | | ■ | ૩૦ | | | ■ | |
| ૩૧ | | | | | ■ | ૩૨ | | | |

### આડી ચાવી

૧. પ્રગતિ, આગળ ધપવું તે (૪)
૪. જન સમૂહમાં પ્રશંસા (૫)
૮. દ્રાક્ષ (૩)
૯. નિશા (૨)
૧૦. દરેક જણ (૪)
૧૨. લજ્જા (૩)
૧૪. અનાજ (૨)
૧૫. ઈર્ષાળુ, દ્વેષીલું (૩)
૧૭. ત્રાસી ગયેલું (૨)
૧૯. નિંદા, બદગોઈ (૨)
૨૨. ફળદ્રુપ (૩)
૨૪. શિક્ષા (૨)
૨૫. આજ્ઞા, હુકમ (૩)
૨૬. પ્રપંચી (૪)
૨૯. આડખીલી (૨)
૩૦. ખરીદ કરેલો ચાકર (૩)
૩૧. --- થવું=મરણ પામવું (૫)
૩૨. બરુ કે નેતરની કલમ (૪)

### ઊભી ચાવી

૧. ઘણી વિનંતી (૩)
૨. છલાંગ, ઠેકડો (૩)
૩. ઢોર વગેરેને ચરાવવા લઈ જવાનું મહેનતાણું (૩)
૫. સંક્ષિપ્ત, દસ્તાવેજ (૫)
૬. કાન્ત, પતિ (૩) (જો.છૂ.)
૭. અકબરના દરબારનાં નવરત્નમાંનો એક (૪)
૧૧. ખોળાનો ખૂંદનાર દેનાર દેવી (૩)
૧૩. ઉતાવળા સો બાવરા, --- સો ગંભીર (૨)
૧૬. ખીંટી, ખીલી (૨)
૧૮. થર, પડ (૨)
૨૦. સરકારી કાનૂન કે ધારા મુજબ (૫)
૨૧. એરણની ચોરી ને ---નું દાન (૨)
૨૩. સાધના કરનાર (૩)
૨૪. અદરસત્કાર (૪)
૨૫. આસમાન, ગગન (૩)
૨૬. નાનું સરોવર (૩)
૨૭. ખેલ, ક્રીડા (૩)
૨૮. પંચાંગ (૩)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ કો | પા | ૨ ય | ૩ મા | ૪ ન | ■ | ૫ નૈ | ૬ સ | ર્ગિ | ૭ ક |
| ય | ■ | ૮ જ | ણ | સ | ■ | ૯ ય | દી | ■ | ર |
| ૧૦ લો | ૧૧ ચ | ન | ■ | ૧૨ લ | ૧૩ ખ | ત | ■ | ૧૪ આ | જ |
| ■ | વ | ■ | ૧૫ ફ | ■ | ગ્રા | ■ | ૧૬ આ | પ | દા |
| ■ | ૧૭ ડ | ૧૮ ગ | ર | ■ | ૧૯ સ | ૨૦ મા | સ | ■ | ર |
| ૨૧ પ | ■ | ૨૨ રા | જ | ૨૩ ત | ■ | ૨૪ જ્ઞા | વ | ૨૫ ક | ■ |
| ૨૬ ર | ૨૭ વે | શ | ■ | બા | ■ | યું | ■ | ડ | ■ |
| ૨૮ વ | ર | ■ | ૨૯ મા | હિ | ૩૦ ત | ■ | ૩૧ ઊ | પ | ૩૨ જ |
| ર | ■ | ૩૩ શૂ | ન્ય | ■ | ૩૪ ન | ૩૫ વા | બ | ■ | રા |
| ૩૬ શિ | થિ | લ | તા | ■ | ૩૭ હા | નિ | કા | ર | ક |

## માતૃભાષાની મહેક

પૈસા - ધનનું સમાજમાં મહત્ત્વ ધરાવતી આ કહેવત જાણવા - સમજવા જેવી છે. હોય દોકડા તો પરણે કાણા કોચરા ને નહીં હોય દોકડા તો રહી જાય કેવડા - મોગરા. પૈસા હોય તો નબળા બાળકોના પણ વિવાહ થઈ જાય, પણ પૈસા ન હોય તો રૂડા રૂપાળા બાળકોના લગ્ન પણ ન થાય.

## ગુજરાત મોરી મોરી રે

સૌ પોતપોતાના ધંધામાં પારંગત હોય છે એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

જનમનો ભાટનો જ ભાટ છોકરો હોય

## ઈર્શાદ

*જિંદગી જીવવાની ફિલસૂફી સમજી લીધી,*
*જે ખુશી આવી જીવનમાં, આખરી સમજી લીધી.*

*- મરીઝ*

## ઓળખાણ પડી?

પ્રજનન વખતે માદાની અત્યંત કાળજી લેતા વિવિધ રંગ ધરાવતા પક્ષીની ઓળખાણ પડી? એશિયા અને આફ્રિકામાં જોવા મળે છે.

અ) GOOSE
બ) HORNBILL
ક) WOODPECKER
ડ) PHEASANT



## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'તમારું ખાસડું ને મારું માથું' પંક્તિમાં 'ખાસડું' શબ્દનો અર્થ જણાવો.

અ) ગર્વ  બ) ખેસ  ક) પગરખું  ડ) હથિયાર

## માઈન્ડ ગેમ

મહારાષ્ટ્રમાં શાક તરીકે વિશેષ વપરાશ ધરાવતું લોકપ્રિય ફણસ કયા દેશના રાષ્ટ્રીય ફળ તરીકે પ્રખ્યાત છે એ વિકલ્પોમાંથી જણાવો.

અ) ભૂટાન  બ) જાપાન  ક) શ્રીલંકા  ડ) બાંગ્લાદેશ

## સુડોકુ-૯૧૭૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | | | | ૫ | | |
| ૫ | ૭ | | ૯ | | ૪ | | ૨ | ૬ |
| ૧ | | | | | | | | ૪ |
| ૪ | | ૧ | ૩ | | ૬ | ૮ | | ૨ |
| | | | | | | | | |
| ૨ | | ૭ | ૮ | | ૧ | ૪ | | ૯ |
| ૬ | | | | | | | | ૮ |
| ૭ | ૮ | | ૧ | | ૨ | | ૯ | ૩ |
| | | ૩ | | | | ૧ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૧૭૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | ૯ | ૭ | ૧ | ૬ | ૮ | ૨ | ૩ |
| ૩ | ૬ | ૨ | ૯ | ૫ | ૮ | ૧ | ૭ | ૪ |
| ૧ | ૭ | ૮ | ૪ | ૩ | ૨ | ૯ | ૫ | ૬ |
| ૭ | ૯ | ૧ | ૬ | ૪ | ૫ | ૨ | ૩ | ૮ |
| ૨ | ૪ | ૬ | ૧ | ૮ | ૩ | ૭ | ૯ | ૫ |
| ૫ | ૮ | ૩ | ૨ | ૭ | ૯ | ૬ | ૪ | ૧ |
| ૮ | ૧ | ૭ | ૫ | ૨ | ૪ | ૩ | ૬ | ૯ |
| ૯ | ૨ | ૫ | ૩ | ૬ | ૧ | ૪ | ૮ | ૭ |
| ૬ | ૩ | ૪ | ૮ | ૯ | ૭ | ૫ | ૧ | ૨ |

## ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| LOAF | પાંઉનો ટુકડો |
| LOAM | ચીકણી માટી |
| LOATH | નારાજ |
| LOBBY | ઓસરી |
| LOBE | કાનની બૂટ |

**ગુજરાત મોરી મોરી રે:**
દૂધનો દાઝેલો છાશ ફૂંકીને પીએ

**ઓળખાણ પડી?**
PLATYPUS

**માઈન્ડ ગેમ :**
ચીન

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
હયાત

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) નિસંબ્ધ દેસાઈ (૬) ભારતી બુચ (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) હર્ષા મહેતા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) પુષ્પા પટેલ (૧૨) પ્રવીણ વોરા (૧૩) અમીશી બંગાળી (૧૪) નિખિલ બંગાળી (૧૫) મીનળ કાપડિયા (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) નિતીન જયંતિલાલ બજરિયા (૨૦) મહેશ સંઘવી (૨૧) ગિરીશ બાબભાઈ મિસ્ત્રી (૨૨) જયવંત પદમશી ચિખલ (૨૩) ભરત કજરિયા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) તાહેર ઔરંગાબાદવાલા (૨૬) શીરીન ઔરંગાબાદવાલા (૨૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૮) ખુશરૂ કાપડિયા (૨૯) કિરીટ છેડા (૩૦) ભાવના કર્વે (૩૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૨) નયના ગિરીશ મિસ્ત્રી (૩૩) ડાયના સંતોકે (૩૪) શિલ્પા શ્રોફ (૩૫) વિજય આસર (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) ઈનાક્ષીબેન દલાલ (૩૯) હિનાબેન દલાલ (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) અરવિંદ કામદાર (૪૨) ડો. પ્રકાશ કટકિયા (૪૩) પ્રતિમા પમાણી (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) મહેશ દોશી (૪૮) કમલ માતલિયા (૪૯) દીપિકા દોશી

# મનસે અને શિવસેના વચ્ચે ક્યાં - ક્યાં થશે ગઠબંધન?

## આજે સંયુક્ત પરિષદમાં કરાશે જાહેરાત

મુંબઈ: આખા રાજ્યની જેના પર નજર છે તેવી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે આખરે ઠાકરે બંધુઓના ગઠબંધનની જાહેરાત બુધવારે કરવામાં આવશે, તેવી માહિતી શિવસેના સાંસદ અને નેતા સંજય રાઉતે આપી હતી. રાઉતે જણાવ્યું હતું કે ઠાકરે બંધુઓ બુધવારે એકસાથે આવીને ગઠબંધનની સત્તાવાર જાહેરાત કરશે. આ ઉપરાંત, બેઠકોની વહેંચણી અંગેની વાતચીત પણ અંતિમ તબક્કામાં છે.

મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે બેઠકોની વહેંચણી થઈ ગઈ હોવા છતાં, રાજ્યની અન્ય મહાનગરપાલિકાઓમાં યુતિ-આઘાડીની ચર્ચાઓ હજુ પણ ચાલુ છે. સ્થાનિક સ્તરે નેતાઓની બેઠકોનો દોર ચાલી રહ્યો છે. શિવસેના અને મનસે માત્ર મુંબઈ-ઠાણેમાં જ સાથે મળીને ચૂંટણી લડશે કે અન્ય સ્થળોએ પણ યુતિ થશે, તેવો પ્રશ્ન ઊભો થઇ રહ્યો હતો, ત્યારે સંજય રાઉતે મોટી જાહેરાત (જુઓ પાનું ૪) ▸▸

# પાલિકા ચૂંટણી માટે કાકા-ભત્રીજાની જોડી: અજિતદાદા ૨૬મીએ કરશે જાહેરાત

મુંબઈ: રાજ્યમાં પાલિકા ચૂંટણીઓની પાર્શ્વ ભૂમિકામાં મુખ્ય રાજકીય પક્ષોની બદલાતી ભૂમિકાઓ જોવા મળી રહી છે. મુંબઈ મહાનગરપાલિકા ઠાકરેના નિયંત્રણ હેઠળ રાખવા માટે ઠાકરે બંધુઓ હાથ મિલાવી રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે. ઠાકરે બંધુઓના એટલે કે મનસે-શિવસેના ગઠબંધનની સત્તાવાર જાહેરાત બુધવારે બપોરે ૧૨ વાગ્યે કરવામાં આવશે. કાકા - ભત્રીજાના બંને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી) પણ છેડાછેડી બાંધશે એવું લગભગ નક્કી થઈ ગયું હોવાનું માનવામાં આવે છે. મુંબઈ માટે ઠાકરે બંધુ અને પુણે માટે પવાર કાકા - ભત્રીજા પાલિકા ચૂંટણીને કારણે ભેગા થઈ રહ્યા છે. ઠાકરે પછી પુણેમાં બે રાષ્ટ્રવાદીઓ એકઠા થશે અને આ જાહેરાત ૨૬ ડિસેમ્બરે કરવામાં આવશે, એવી માહિતી ખુદ અજિત પવારે આપી હતી. બંને એનસીપીના સત્તાવાર જોડાણની ૨૬મી તારીખે સત્તાવાર જાહેરાત કરવામાં આવશે એમ કાર્યકર્તા સાથે વાત કરતા અજિત પવારે જણાવી ઉમેર્યું હતું કે કોઈપણ અફવાઓ પર વિશ્વાસ ન કરો, ૨૬મી તારીખે હકીકત સામે આવશે. આ સંદર્ભમાં અજિત પવાર આવતીકાલે મુંબઈમાં સમીક્ષા (જુઓ પાનું ૪) ▸▸

# મહેસૂલ વિભાગે બંધ ખનીજ ખાણો માટે કડક નિયમો લાદ્યા

મુંબઈ: રાજ્યના અનેક જિલ્લાઓમાં બંધ પડેલી કે મુદત પૂર્ણ થયેલી ગૌણ ખનિજ ખાણોને કારણે નાગરિકોની સુરક્ષાનો પ્રશ્ન દિવસેને દિવસે ગંભીર બની રહ્યો છે. આવી ખાણોમાં ચોમાસા દરમિયાન પાણી ભરાઈ જવાની સમસ્યા સર્જાય છે. આ સ્થળોએ ફેન્સિંગનો અભાવ, વોર્નિંગ સાઇનબોર્ડ ન હોવા અને દેખરેખના અભાવને કારણે બાળકો, યુવાનો તેમજ પશુઓના અકસ્માતની ઘટનાઓ સામે આવી રહી છે. ■

# કોંગ્રેસ સાથે જોડાણ કરવા શિવસેના (યુબીટી) તલપાપડ

મુંબઈ: આગામી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ વિરોધી મતોમાં વિભાજન અટકાવવા માટે ઠાકરે જૂથ પ્રયાસ કરી રહ્યું છે. મુંબઈમાં કોંગ્રેસે આત્મનિર્ભરતાનો નારો આપ્યા બાદ ઠાકરે જૂથના નેતા સંસદ સભ્ય સંજય રાઉતે દિલ્હીમાં કોંગ્રેસ હાઈકમાન્ડ સાથે વાતચીત કરી હોવાના અહેવાલ છે. ત્યારબાદ હવે એવું જાણવા મળ્યું છે કે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી અંગે કોંગ્રેસનો નિર્ણય દિલ્હીથી બદલાઈ ગયો છે.

જોકે દિલ્હીથી એવી પુષ્ટિ મળી છે કે કોંગ્રેસ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની (જુઓ પાનું ૪) ▸▸



**ધર્મના રક્ષણાર્થે:** બાંગ્લાદેશમાં હિન્દુની કરાયેલી ક્રૂર હત્યાના વિરોધમાં વિશ્વ હિન્દુ પરિષદ (વિહિંપ)ના કાર્યકરો દ્વારા પાલિકા મુખ્યાલય પાસે જોરદાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પોલીસે અમુકની અટકાયત પણ કરી હતી. દેખાવકારોએ સીએસએમટી પાસેનો રસ્તો બ્લોક કરી દીધો હતો. (અમય ખરાડે)

# નાશિકના જૈન તીર્થ માટે ૩૬ કરોડ રૂપિયાની યોજના મંજૂર

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે નાશિક જિલ્લાના જૈન તીર્થસ્થળ નમોકાર તીર્થ માટે ૩૬.૩૫ કરોડ રૂપિયાની વિકાસ યોજનાને મંજૂરી આપી દીધી છે. મુખ્ય પ્રધાનની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આ મંજૂરી આપવામાં આવી હતી. વિકાસ કાર્યોમાં ઉચ્ચ ગુણવત્તા જાળવવા અને ગુણવત્તા સાથે કોઈ સમાધાન કર્યા વિના નિર્ધારિત સમયની અંદર પૂર્ણ થાય એનો નિર્દેશ ફડણવીસે અધિકારીઓને આપ્યો હતો.

યાત્રાધામની મુલાકાત લેતા શ્રદ્ધાળુઓ માત્ર આધ્યાત્મિક પરિપૂર્ણતાનો જ નહીં પરંતુ આંતરિક સંતોષની ભાવનાનો પણ અનુભવ કરે એ આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય હોવાનું જણાવી તેમણે ઉમેર્યું હતું કે કે યાત્રાળુઓને તમામ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જોઈએ જેથી તેમને કોઈ અસુવિધાનો સામનો ન કરવો પડે.

૬ થી ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ (જુઓ પાનું ૪) ▸▸

# ઓનલાઈન બાઈક સેવાનો ઉપયોગ ન કરવા પરિવહન વિભાગની અપીલ

થાણે: ઓલા, ઉબેર અને રેપિડો જેવી ઓનલાઈન એપ દ્વારા ટૂ-વ્હીલર પર મુસાફરોની હેરફેર કરવી હાલ રાજ્યમાં ગેરકાયદેસર છે અને નાગરિકોએ આવી બાઈક ટેક્સી સેવાઓનો ઉપયોગ કરવો જોઈએ નહીં, તેવી સ્પષ્ટ અપીલ ડેપ્યુટી રિજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસ દ્વારા કરવામાં આવી હતી. પ્રાદેશિક પરિવહન અધિકારી આશુતોષ બારકુલે ચેતવણી આપી હતી કે સરકારની કોઈ પણ સત્તાવાર પરવાનગી વગર ચાલી રહેલું આ પરિવહન નાગરિકોના જીવ માટે જોખમ ઊભું કરી શકે છે.

રાજ્યમાં મોટર વાહન અધિનિયમ મુજબ પ્રવાસીઓની હેરફેર કરતા એગ્રીગેટર્સ માટે સરકારનું સત્તાવાર લાયસન્સ લેવું ફરજિયાત છે. આ ઉપરાંત, 'મહારાષ્ટ્ર બાઇક ટેક્સી નિયમો, ૨૦૨૫' હેઠળ ઉલ્લેખિત તમામ શરતો અને (જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં રાજકીય પક્ષો દ્વારા ગુજરાતીઓની અવગણના/અવહેલના

### એક સમયે શહેરના અડધોઅડધ નગરસેવકો ગુજરાતી હતા અને હવે 30 ટકા ગુજરાતીનું પ્રતિનિધિત્વ કરે છે ફક્ત ૧૦ ટકા નગરસેવકો

### દેશનું સંચાલન કરનારા બે ગુજરાતીઓ પણ આર્થિક રાજધાનીમાં ગુજરાતીઓની અવહેલના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દેશના ટોચના બે સત્તા સ્થાનો પર બે ગુજરાતીઓ બેઠા છે અને આખા દેશનું સૂચારુ સંચાલન કરી રહ્યા છે, ત્યારે દેશની આર્થિક રાજધાની મુંબઈ, જેને મુંબઈ બનાવવામાં ગુજરાતી-પારસીઓનું અમુલ્ય યોગદાન છે ત્યાં જ ગુજરાતીઓની રાજકીય પરિપ્રેક્ષ્યમાં અવગણના/અવહેલના થતી જોવા મળી રહી છે. કૉંગ્રેસ અને ભાજપ બંને પક્ષોની સ્થાપના અને વિકાસમાં ગુજરાતીઓનું યોગદાન રહેલું છે. બંને પાર્ટીના પહેલા નગરસેવક (જનપ્રતિનિધિ) ગુજરાતી હતા આમ છતાં અત્યારે બંને પાર્ટીના પટલ પરથી ગુજરાતીઓનો એકડો કાઢી નાખવામાં આવતો જોવા મળી રહ્યો છે.

મહારાષ્ટ્ર રાજ્યની સ્થાપના વખતે મુંબઈના રાજકીય પટલ પર અડધોઅડધ નગરસેવકો ગુજરાતી હતા અને ત્યાર બાદ પણ વર્ષો સુધી મુંબઈમાં ગુજરાતીઓની નોંધપાત્ર હાજરી રાજકીય પટલ પર જોવા મળતી હતી, પરંતુ આજે મુંબઈના રાજકીય પટલ પરથી ગુજરાતીઓનું અસ્તિત્વ ભૂંસાઈ રહ્યું છે. મુંબઈની વસ્તીમાં લગભગ ત્રીસ ટકા હોવા છતાં ગુજરાતીઓને રાજકીય પ્રતિનિધિત્વ આપવા માટે બધી જ રાજકીય પાર્ટીઓ હાથ પાછા ખેંચી રહી છે.

એક સમયે કૉંગ્રેસમાં અનેક ગુજરાતી નેતાઓ હતા અને મોરારજી દેસાઈ તેમનું નેતૃત્વ કરતા હતા, આઝાદીની લડાઈના સમયથી ગુજરાતી-પારસીઓ-મારવાડીઓ કૉંગ્રેસ સાથે સંકળાયેલા હતા અને સંયુક્ત મહારાષ્ટ્રની ચળવળ બાદ પણ મુંબઈ જ નહીં, રાજ્યના અનેક વિસ્તારોમાં ગુજરાતીઓની હાજરી જોવા મળતી હતી. ૧૯૬૦- ૧૯૭૦ના દાયકાઓમાં મુંબઈના અડધોઅડધ નગરસેવકો ગુજરાતી હતા. શિવસેનાના ઉદય પછી મરાઠીવાદનો ઝંડો ઉંચકવામાં આવ્યો ત્યારબાદ પણ મુંબઈમાં ગુજરાતીઓ રાજકીય ફલક પર જોવા મળતા હતા. ૧૯૬૮માં પહેલી વખત મુંબઈ મનપા ચૂંટણી પૂર્ણ સ્તરે લડવામાં આવી તે પહેલાં મુંબઈના ૨૧ મેયરમાંથી ૧૫ ગુજરાતીઓ હતા.

૧૯૮૦ના દાયકામાં મરાઠીઓને વોટ બેન્ક તરીકે ધ્યાનમાં લેવામાં આવ્યું ત્યારબાદ ગુજરાતીઓનું પ્રતિનિધિત્વ સતત ઘટતું જોવા મળ્યું હતું. આમ છતાં તે સમયે મુંબઈ પાલિકામાં ૩૦ ટકા ગુજરાતી/મારવાડીઓ નગરસેવક હતા.

૨૦૧૨માં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાનો જન્મ થયો અને રાજ ઠાકરેના આકરા મરાઠીવાદનો સામનો કરવા માટે બધા જ રાજકીય પક્ષોએ પોતાના સંગઠનમાં પણ મરાઠીવાદ અપનાવવાનું ચાલુ કરી દીધું હોવાનું જોવા મળ્યું હતું. ■

# કોલ્હાપુરમાં દિલધડક લૂંટ: ૬૦ કિલો ચાંદી સહિત સવા કરોડની મતા લૂંટાઈ

### બસમાં પ્રવાસ કરનારા લૂંટારાઓએ ચાકુની ધાકે ખાનગી બસને બાનમાં લીધી: પછી કારમાં આવેલા સાથી બસની ડિકીથી આંગડિયાની ચાંદી, સોનું લૂંટી ફરાર થયા: રૅકી કરીને લૂંટની યોજનાને અંજામ અપાયાની શક્યતા

મુંબઈ: કોલ્હાપુરથી મુંબઈ આવી રહેલી ખાનગી ટ્રાવેલ્સની બસને ચાકુની ધાકે બાનમાં લઈ હાઈવે પર દિલધડક લૂંટ ચલાવવામાં આવી હતી. ત્રણ લૂંટારા પ્રવાસી તરીકે બસમાં જ હાજર હતા, જ્યારે તેમના સાથી કારમાં બસની પાછળ આવ્યા હતા. પછી બસની ડિકીમાંથી આંગડિયાની ૬૦ કિલો ચાંદી સહિત સવા કરોડની મતા લૂંટી લૂંટારા ફરાર થઈ ગયા હતા. રૅકી કરીને યોજનાબદ્ધ રીતે લૂંટને અંજામ અપાયો હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. વડગાંવ પોલીસના (જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ મહાપાલિકા ચૂંટણી: પહેલા દિવસે ૪,૧૬૫ ઉમેદવારીપત્રનું વિતરણ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીનું બ્યૂગલ વાગ્યા પછી રાજકીય પક્ષોના ધમપછાડા શરૂ થઈ ગયા છે. મુંબઈ મહાપાલિકામાં પોતાની સત્તા કાયમ રાખવા અવિભાજિત શિવસેના પ્રયત્ન કરશે તો શિવસેનાથી છેડો ફાડનારી ભાજપ પોતાનું વર્ચસ જમાવવા જોર લગાવશે. એટલે જ તો ચૂંટણીના ઉમેદવારીપત્રના વિતરણના પહેલા દિવસે જ ૨૩ ચૂંટણી અધિકારી કચેરીમાંથી ૪,૧૬૫ ઉમેદવારીપત્ર વિતરીત થયા હતા. જોકે પહેલા દિવસે એકેય ઉમેદવારીપત્ર ભરવામાં આવ્યું નથી, એમ અધિકારીએ જણાવ્યું હતું. મહાપાલિકાનો ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યા પછી ચૂંટણીનું નોટિફિકેશન ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ જાહેર થયું હતું. તે અનુસાર મહાપાલિકાની ૨૦૨૬ની ચૂંટણી માટે મંગળવારથી ઉમેદવારીપત્રોનું વિતરણ શરૂ કરાયું હતું અને પહેલા દિવસે ૪,૧૬૫ ફૉર્મ આપવામાં આવ્યાં હતાં. ■

# એમ્બ્યુલન્સનો ડ્રાઈવર જમવા ગયો અને યુવકે જીવ ગુમાવ્યો

### ચેમ્બુરથી પનવેલ જવા નીકળેલા યુવકને લોકલ ટ્રેનમાં આવ્યો હૃદયરોગનો હુમલો

મુંબઈ: ખાંદેશ્વર નજીક ટ્રેનમાંથી ૧૮ વર્ષની કોલેજિયનને ધકેલી દેવાની ઘટના તાજી છે ત્યારે નવી મુંબઈના વાશી સ્ટેશને વધુ એક ગંભીર મામલો સામે આવ્યો છે. સીએસએમટી-પનવેલ ટ્રેનમાં ૨ ડિસેમ્બરે ચેમ્બુરથી પનવેલ જવા નીકળેલો પચીસ વર્ષના હર્ષ પટેલ અચાનક બેભાન થઇ ગયો હતો. ટ્રેન વાશી સ્ટેશને પહોંચતાં સાથી પ્રવાસીએ રેલવે પોલીસ (જીઆરપી)નો (જુઓ પાનું ૪) ▸▸

# વિકાસનો વિરોધ નથી, પણ પ્રદૂષણ માટે કડક કાયદા આવશ્યક: હાઈ કોર્ટ

મુંબઈ: શહેરમાં વિકાસનો વિરોધ નથી કે બાંધકામ પ્રવૃત્તિ બંધ કરવાનો કોઈ ઈરાદો નથી એવી સ્પષ્ટતા કરી બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે મહાનગરપાલિકા અધિકારીઓ અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ઝાટકણી કાઢતાં કહ્યું હતું કે અદાલત વાયુ પ્રદૂષણ રોકવા માટેના ધોરણોનું કડક પાલન કરવાની માગ કરે છે. મુખ્ય (જુઓ પાનું ૪) ▸▸

# સિનિયરોની મહાપાલિકામાંથી એક્ઝિટ બાદ હવે ગુજરાતીઓનું પ્રતિનિધિત્વ કોની પાસે?

### ૨૦૨૪માં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ થઈ ત્યારે મુંબઈમાં ભાજપની જીત માટેનું શ્રેય ગુજરાતી મતદારોને જ જાય છે



મનોજ કોટક



મિહિર કોટેચા



અતુલ શાહ



મુરજી પટેલ




પરાગ શાહ



પ્રવીણ છેડા



પ્રવીણ શાહ



રામ બારોટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ૨૦૨૪માં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ થઈ ત્યારે મુંબઈમાં ભાજપની જીત માટેનું શ્રેય ગુજરાતી મતદારોને જ જાય છે. શિવસેના (યુબીટી)ના ગુજરાતી દ્વેષ પાછળનું સૌથી મોટું કારણ આ જ હોવાનું રાજકીય વર્તુળોમાં માનવામાં આવી રહ્યું છે, પણ અત્યારે રાજકીય ક્ષેત્રે અલગ જ ચિત્ર ઊભું થઈ રહ્યું છે. મુંબઈમાં ગુજરાતી બહુમતીવાળા અનેક વિસ્તારો હોવા છતાં ગુજરાતી નેતાઓ આંગળીને વેઢે ગણાય એટલા જ હોવાથી આગામી દિવસોમાં મહાપાલિકામાં ગુજરાતીઓનું પ્રતિનિધિત્વ કોણ કરશે, એ પ્રશ્ન મૂંઝવણ ઊભી કરનારો છે. વળી, સિનિયર ગુજરાતી નેતાઓએ મહાપાલિકામાંથી એક્ઝિટ લીધી હોવાથી હવે આગામી ચૂંટણીમાં કેટલા ગુજરાતીઓને ટિકિટ મળશે એ જોવું રહ્યું.

મુંબઈ મહાનગરપાલિકાની છેલ્લી ચૂંટણી ૨૦૧૭માં થઈ હતી, જેમાં ૨૬ ગુજરાતી નગરસેવક ચૂંટાયા હતા. આમાંથી અમુક નગરસેવક વિધાનસભ્ય અને સંસદસભ્ય બની ગયા છે તો અમુક વયમર્યાદાને કારણે ચૂંટણી લડી શકે એમ નથી. એક સમયે ગુજરાતી નગરસેવકોની યાદી લાંબી હતી, પણ અત્યારે ઇચ્છુક ઉમેદવારોમાં ગુજરાતીઓનાં નામ જૂજ હોવાનું કહેવાય છે.

દક્ષિણ મુંબઈના મુંબાદેવી મતવિસ્તારના નગરસેવક અતુલ શાહ વધતી ઉંમર કારણે ઉમેદવારી નોંધાવી શકે એમ નથી. ઘાટકોપરના પ્રવીણ છેડા પણ વધી રહેલી ઉંમર ઉપરાંત આસપાસના વૉર્ડ રિઝર્વ થવાને કારણે ઉમેદવારી નોંધાવી શકશે નહીં. પ્રવીણ છેડા કૉંગ્રેસની ટિકિટ પર નગરસેવક તરીકે ચૂંટાયા હતા અને મુંબઈ મહાપાલિકામાં વિરોધ પક્ષના નેતા પણ હતા. હાલમાં છેડા ભાજપ સાથે જોડાયેલા છે. એ સિવાય અતુલ શાહ જે વૉર્ડમાંથી ચૂંટાયા હતા તે હવે મહિલાઓ માટે અનામત થઈ ગયો છે.




મુલુંડમાંથી ભાજપના નેતા મનોજ કોટક અને મિહિર કોટેચા નગરસેવક તરીકે ચૂંટાયા હતા, પરંતુ બાદમાં મિહિર કોટેચા વિધાનસભ્ય તરીકે ચૂંટણી જીત્યા છે. એટલે મહાપાલિકામાંથી તેમની એક્ઝિટ થઈ ગઈ છે. બીજી બાજુ, મનોજ કોટક ઈશાન મુંબઈના સાંસદ બન્યા હતા. સાંસદની ટર્મ પૂરી થઈ ગયા પછી હવે સંગઠન માટે કામ કરે છે. એ જ રીતે ઘાટકોપરના નગરસેવક પરાગ શાહ વિધાનસભામાં ગયા પછી તે મહાપાલિકામાંથી બહાર નીકળી ગયા છે. બોરીવલીના ભાજપના નેતા પ્રવીણ શાહને પણ વયમર્યાદા નડી શકે છે. વળી, તેમનો વૉર્ડ મહિલાઓ માટે અનામત થઈ ગયો છે. ઉપરાંત, ૩૦ વર્ષ નગરસેવક રહેલા સિનિયર નેતા ડૉ. રામ બારોટનું નિધન થતાં તેમને સ્થાને કોને ઉમેદવારી મળે એ જોવું રહ્યું. ૨૦૧૭માં અંધેરીમાંથી મુરજી પટેલ નગરસેવક તરીકે ચૂંટાયા હતા તો પાસેના વૉર્ડમાંથી તેમનાં પત્ની કેસરબહેન પણ નગરસેવક બન્યાં હતાં. જોકે બાદમાં તેમના જાતિ સર્ટિફિકેટને લઈ ખાસ્સો હોબાળો મચ્યો હતો. સર્ટિફિકેટ બનાવટી હોવાની ખાતરી થતાં દંપતીનાં નગરસેવક પદ રદ કરવામાં આવ્યાં હતાં. પછી મુરજી પટેલ ભાજપની ટિકિટ પરથી વિધાનસભ્ય તરીકે ચૂંટાયા હતા. મુંબઈમાં અનેક મતવિસ્તારોમાં ગુજરાતીના મત નિર્ણાયક સાબિત થતા હોવા છતાં અત્યારે મુંબઈમાં ત્રણ જ ગુજરાતી વિધાનસભ્ય છે. આવી જ સમસ્યા મહાપાલિકાની ચૂંટણી દરમિયાન રહેવાની શક્યતા છે. ગુજરાતી બહુમતીવાળા વિસ્તારોમાં પણ ઇચ્છુક ગુજરાતી ઉમેદવારોનાં નામ નજરે પડતાં નથી. ■

# ભારતમાં પાછા ક્યારે આવવા માગો છો?

### હાઇ કોર્ટે વિજય માલ્યાને પ્રશ્ન

મુંબઈ: ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યા ભારતમાં પાછા ક્યારે આવવા માગો છો એવું મુંબઈ હાઇ કોર્ટે મંગળવારે પૂછ્યું હતું અને તેમના વકીલને સાફ કહી દીધું હતું કે તે હાઇ કોર્ટની ન્યાયસીમામાં પોતાને હવાલે નહીં કરે ત્યાં સુધી ફ્યુજીટીવ ઇકોનોમિક ઓફેન્ડર્સ (એફઇઓ) એક્ટ વિરુદ્ધ તેની અરજી સાંભળવામાં નહીં આવશે.

વિજય માલ્યા ૨૦૧૬થી યુકેમાં સ્થિત છે. તેણે હાઇ કોર્ટમાં બે અરજી કરી છે. તેણે ભાગેડુ આર્થિક ગુનેગાર જાહેર કરવાના આદેશને પડકાર્યો છે અને ૨૦૧૮ની ધારાની બંધારણીય પ્રમાણિતતા સામે પ્રશ્ન કર્યો છે.

છેતરપિંડી અને મની લોન્ડરિંગના આરોપો પર ટ્રાયલનો સામનો કરતા ૭૦ વર્ષના વિજય માલ્યાને ભારતમાં વોન્ટેડ જાહેર કરાયો છે. માલ્યાની બે અરજી પર સુનાવણી કરતી વખતે તેની ઘરવાપસી અંગે કોર્ટે પ્રશ્ન પૂછ્યા હતા.

ચીફ જસ્ટિસ શ્રી ચંદ્રશેખર અને જસ્ટિસ ગૌતમ અંખડની બેન્ચે માલ્યાના વકીલ અમિત દેસાઇને સાફ કહી દીધું કે કોર્ટની ન્યાયસીમામાં માલ્યા પોતાને હવાલે નહીં કરશે ત્યાં સુધી ધારા વિરુદ્ધ તેની અરજી સાંભળવામાં નહીં આવશે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી) વતી અરજીનો એવું કહીં વિરોધ કર્યો હતો કે દેશની કોર્ટોને આધીન થયા વિના ધારાની પ્રમાણિતતાને પડકારવાની મંજૂરી ભાગેડુ આરોપીને નહીં આપવી જોઇએ. તેમણે જણાવ્યું હતું કે આવા આરોપીઓ દેશની બહાર રહીને કાયદાનો દુરુપયોગ નહીં કરે અને તેમના વકીલો થકી અરજી ન નોંધાવે તેની ખાતરી રાખવા માટે જ એફઇઓ ધારા લાવવામાં આવી છે. (પીટીઆઇ)■

# થાણેમાં ૧,૦૬૯ ઉમેદવારીપત્રનું વિતરણ

મુંબઈ: શિવસેનાનાં બે જૂથ થઈ ગયા હોવાથી આગામી થાણે મહાનગરપાલિકાની ચૂંટણી ઘણી રસાકસી ભરી રહેવાની સંભાવના છે. ચૂંટણી માટે પહેલા જ દિવસે નવ વૉર્ડમાં ૧,૦૬૯ ઉમેદવારીપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહાપાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે માજીવડા માનપાડાના વૉર્ડ નંબર ૧, ૨, ૩ અને ૮ માટે ૧૫૭ ફોર્મનું વિતરણ કરાયું હતું, જ્યારે વર્તકનગરના વૉર્ડ ૪, ૫, ૭ માટે ૧૦૩ ઉમેદવારીપત્ર વિતરીત કરાયા હતા. લોકમાન્ય નગર સાવરકર વૉર્ડ હેઠળના ૬, ૧૩, ૧૪, ૧૫ વૉર્ડ માટે ૧૭૭, વાગળે એસ્ટેટ હેઠળના વૉર્ડ નંબર ૧૬, ૧૭ અને ૧૮ માટે ૧૦૨ ઉમેદવારીપત્રનું વિતરણ કરાયું હતું. એ જ રીતે નૌપાડા કોપરીના ૧૯, ૨૦, ૨૧, ૨૨ વૉર્ડ માટે ૧૧૩ અને ઉથળસરના વૉર્ડ ૧૦, ૧૧, ૧૨ માટે ૧૦૧ ઉમેદવારીપત્ર વિતરીત થયા હતા. કલવા વૉર્ડ હેઠળના ૯, ૨૩, ૨૪, ૨૫ વૉર્ડ માટે ૧૨૧ અને મુંબ્રાના ૨૬, ૩૧ વૉર્ડ માટે ૩૫, જ્યારે ૩૦, ૩૨ વૉર્ડ માટે ૩૬ ઉમેદવારીપત્રનું વિતરણ કરાયું હતું.

દીવા વૉર્ડના ૨૭, ૨૮ વૉર્ડ માટે ૭૮ તો ૨૯, ૩૩ વૉર્ડ માટે ૪૬ ફૉર્મ વિતરીત કરાયા હોવાની માહિતી ચૂંટણી અધિકારીએ આપી હતી. ■

# આઈટી અને ફાર્મા શૅરોમાં પ્રોફિટ બુકિંગ નીકળતા બે સત્રની રેલીનો અંત, સેન્સેક્સમાં ૪૨ પૉઈન્ટનો ઘસરકો, નિફ્ટીમાં સાધારણ સુધારો

## વિદેશી ફંડોની ₹ ૧૭૯૪.૮ કરોડની વેચવાલી સામે સ્થાનિક ફંડોની ₹ ૩૮૧૨.૩૭ કરોડની લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક ઈક્વિટી માર્કેટના મિશ્ર અહેવાલો વચ્ચે આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બે સત્રની રેલી અથવા તો સુધારા પશ્ચાત્ ખાસ કરીને આઈટી અને ફાર્મા ક્ષેત્રના શૅરોમાં રોકાણકારોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં સત્રના અંતે બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં સાધારણ ૪૨.૬૪ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં સાધારણ ૪.૭૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો. વધુમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૪૫૭.૩૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહ્યા બાદ આજે પુનઃ તેઓની રૂ. ૭૦૩૫.૨૬ કરોડની ખરીદી સામે રૂ. ૮૮૩૦.૦૬ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૧૭૯૪.૮૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. જોકે, તેની સામે આજે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૧,૯૦૬.૪૩ કરોડની ખરીદી સામે રૂ. ૮૦૯૪.૦૬ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૩૮૧૨.૩૭ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાથી બજારમાં મોટો ઘટાડો અટક્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૫.૫૬૭.૪૮ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૫,૬૯૦.૧૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫,૩૪૨.૯૯ અને ઉપરમાં ૮૫,૭૦૪.૯૩ની રેન્જમાં અથડાઈને અંતે સાધારણ ૦.૦૫ ટકા અથવા તો ૪૨.૬૪ પૉઈન્ટના ઘસરકા સાથે ૮૫,૫૨૪.૮૪ના મથાળે બંધ રહ્યો હતો. આજે બીએસઈ ખાતે ૨૨૪૬ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાં ૨૨૪૬ શૅરના ભાવ વધીને ૧૯૬૨ શૅરના ભાવ ઘટીને અને ૧૫૭ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ ૧૦૭ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૮૫ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૬,૧૭૨.૪૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૨૬,૨૦૫.૨૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૬,૧૧૯.૦૫થી ૨૬,૨૩૩.૫૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે સાધારણ ૪.૭૫ પૉઈન્ટ અથવા તો ૦.૦૨ ટકા વધીને ૨૬,૧૭૭.૧૫ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે વૈશ્વિક બજારમાં મિશ્ર વલણ રહેતાં સ્થાનિક બજાર સાંકડી વધઘટે અથડાઈ ગઈ હતી અને નફારૂપી વેચવાલીનું દબાણ વધ્યું હતું. તેમ છતાં ફાઈનાન્સિયલ તથા એફએમસીજી ક્ષેત્રોના શૅરોમાં લેવાલી જળવાઈ રહેતાં બજારને અમુક અંશે ટેકો મળ્યો હતો. વધુમાં રોકાણકારોની નજર આગામી ટૂંક સમયમાં જાહેર થનારાં કોર્પોરેટ



પરિણામો પર અને અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી જાન્યુઆરી મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મુકશે કે નહીં તેના પર હોવાથી અમુક રોકાણકારોએ પોઝિશન સરખી કરી હોવાથી પણ બજાર વધઘટે અથડાઈ ગઈ હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.ના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

જોકે, રેલિગેર બ્રોકિંગ લિ.નાં રિસર્ચ વિભાગના સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું કે તાજેતરમાં બજારમાં જોવા મળેલા રિબાઉન્ડ પશ્ચાત્ વિકલી એક્સપાયરીમાં રોકાણકારોએ પોઝિશન સરભર કરતાં બજાર સાંકડી વધઘટે અથડાઈ ગઈ હતી, જ્યારે એનરીચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું કે ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ અને તેજી માટેના નવાં ટ્રીગરના અભાવને કારણે બજારમાં સાંકડી વધઘટ જોવા મળી છે.

દરમિયાન આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૨૪ શૅરના ભાવ વધીને અને ૨૬ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૪ શૅરના ભાવ વધીને અને ૧૬ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૧.૨૮ ટકાનો ઘટાડો ઈન્ફોસિસમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ભારતી એરટેલમાં ૧.૧૫ ટકાનો, અદાણી પોર્ટસમાં ૦.૯૭ ટકાનો, સન ફાર્મામાં ૦.૯૧ ટકાનો, ટૅક મહિન્દ્રામાં ૦.૮૮ ટકાનો અને ઈટર્નલમાં ૦.૮૪ ટકાનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય મુખ્ય વધનાર શૅરોમાં આઈટીસીમાં ૧.૨૭ ટકાનો, અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૧.૨૪ ટકાનો, ટાટા સ્ટીલમાં ૧.૦૩ ટકાનો, એચડીએફસી બૅન્કમાં ૦.૯૧ ટકાનો, એનટીપીસીમાં ૦.૭૫ ટકાનો અને પાવર ગ્રીડ કોર્પોરેશનમાં ૦.૭૪ ટકાનો સુધારો આવ્યો હતો. વધુમાં આજે મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં અનુક્રમે ૦.૩૮ ટકાનો અને ૦.૦૭ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. તેમ જ આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં આઈટી ઈન્ડેક્સમાં ૦.૭૧ ટકાનો, ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૦.૭૦ ટકાનો, રિયલ્ટી ઈન્ડેક્સમાં ૦.૨૧ ટકાનો અને કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૦.૧૦ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે, તેની સામે કૉમૉડિટી ઈન્ડેક્સમાં ૦.૬૮ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં ૦.૫૯ ટકાનો, મેટલ ઈન્ડેક્સમાં ૦.૫૨ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૦.૪૦ ટકાનો, ફાઈનાન્સિયલ સર્વિસીસ ઈન્ડેક્સમાં ૦.૩૬ ટકાનો અને એનર્જી ઈન્ડેક્સમાં ૦.૩૬ ટકાનો સુધારો જોવા મળ્યો હતો.

દરમિયાન આજે એશિયન બજારોમાં ખાસ કરીને દક્ષિણ કોરિયાના કોસ્પી, જાપાનના નિક્કી ૨૨૫, અને શાંઘાઈના એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો, જ્યારે હૉંગકૉંગનો હૅંગસૅંગ ઈન્ડેક્સ નરમાઈના અન્ડરટોને બંધ રહ્યો હતો. તેમ જ આજે યુરોપનાં બજારોમાં પણ મિશ્ર વલણ જોવા મળ્યું હતું. તેમ જ આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧૦ ટકા વધીને બેરલદીઠ ૬૨.૧૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ■

# ડૉલર સામે રૂપિયામાં પાંચ પૈસાનો સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને સાધારણ પાંચ પૈસાના સુધારા સાથે ૮૯.૬૩ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી અને ઈક્વિટી માર્કેટમાં સુધારો અટકવાની સાથે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૫૭.૩૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૯.૬૮ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૯.૬૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૯.૮૫ અને ઉપરમાં ૮૯.૫૮ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે પાંચ પૈસાના સુધારા સાથે ૮૯.૬૩ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો, પરંતુ ક્રૂડતેલના ભાવવધારાએ સુધારો સીમિત રાખ્યો હતો. જોકે, તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ રહેતી હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારો જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે અમેરિકા-ભારતની ટ્રેડ ડીલમાં થઈ રહેલો વિલંબ રૂપિયાને દબાણ હેઠળ રાખી શકે છે. જોકે, હવે ટ્રેડરોની નજર આગામી મંગળવારે જાહેર થનારા અમેરિકાના ત્રીજા ત્રિમાસિકગાળાના જીડીપીના ડેટા પર સ્થિર થઈ છે.

આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૪૨.૬૪ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં સાધારણ ૪.૭૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો. આમ ઈક્વિટી માર્કેટ સાંકડી વધઘટે અથડાઈ ગઈ હતી. તેમ જ વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૧૮ ટકા વધીને બેરલદીઠ ૬૨.૧૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સ ૦.૩૪ ટકા ઘટીને ૯૭.૯૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વૈશ્વિક ચાંદીએ સૌપ્રથમ વખત ૭૦ ડૉલરની સપાટી અંકે કરતાં સ્થાનિકમાં ₹ ૩૨૭૩ની ઝડપી તેજી સાથે ભાવ ૨.૧૧ લાખ

## સોનું ₹ ૨૩૧૩ની તેજી સાથે ૧.૩૬ લાખની પાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવ, અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકીને હળવી નાણાનીતિ અપનાવે તેવા આશાવાદ સાથે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં તેજીનું વલણ જળવાઈ રહેતાં એક તબક્કે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૪૯૭ ડૉલર સુધી પહોંચ્યા હતા, જ્યારે ચાંદીમાં ઉપરોક્ત કારણ ઉપરાંત પુરવઠાખેંચનું પ્રબળ કારણ જોડાતા ભાવ ઔંસદીઠ ૭૦ ડૉલરની સર્વોચ્ચ સપાટી સુધી પહોંચ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં તેજી આગળ ધપતાં ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૩૨૭૩ના ચમકારા સાથે રૂ. ૨.૧૧ લાખની સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૦૩થી ૨૩૧૩ વધી આવ્યા હતા, જેમાં શુદ્ધ સોનાએ ૧.૩૬ લાખની સપાટી અંકે કરી હતી.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે તેજીનો અન્ડરટોન જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૦૩ વધીને રૂ. ૧,૩૫,૭૩૭ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૩૧૩ વધીને રૂ. ૧,૩૬,૨૮૩ના મથાળે રહ્યા હતા. જોકે, તેજીના આ તોફાનમાં રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તેમ જ રિટેલ સ્તરની માગમાં પણ સોંપો પડી ગયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં આજે દરિયાપારના પ્રોત્સાહક અહેવાલ સાથે ૯૯૯ ટચ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૩૨૭૩ના ચમકારા સાથે રૂ. ૨,૧૧,૦૦૦ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનાની જેમ ચાંદીમાં પણ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક હતી અને માત્ર છૂટીછવાઈ ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી રહી હોવાના અહેવાલ હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ચાંદીમાં માલખેંચ સામે પ્રબળ ઔદ્યોગિક વપરાશકારોની માગ તેમ જ ભૂરાજકીય તણાવ અને ફેડરલના હળવી નાણાનીતિના આશાવાદ વચ્ચે ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૭૦.૧૮ ડૉલની સર્વોચ્ચ સપાટી સુધી પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે ૧.૧૫ ટકા વધીને ૭૦.૦૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૪૪૮૬.૩૪ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકા વધીને ઔંસદીઠ ૪૫૧૮.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ફેડરલ રિઝર્વ આગામી જાન્યુઆરી મહિનાની બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ, કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલી અને ભૂરાજકીય તણાવ જેવા પરિબળોને કારણે રોકાણકારોનું સોનામાં આકર્ષણ જળવાઈ રહ્યું હોવાનું બૅન્કિંગ જૂથ સ્વિસક્વૉટના વિશ્લેષક કાર્લો અલ્બર્ટો ડે કાસાએ જણાવતા ઉમેર્યું હતું કે આજે સતત બીજા સત્રમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાને કારણે પણ સોના-ચાંદીની તેજીને વધુ ઈંધણ મળ્યું હતું.

વધુમાં ગત સપ્તાહે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અમેરિકાએ વેનેઝુએલામાંથી આવતાજતા ટૅન્કરોને અટકાવ્યા બાદ હવે વિવાદ વકરતા તેમણે યુદ્ધની શક્યતા પણ વ્યક્ત કરી હોવાથી ભૂરાજકીય તણાવ સપાટી પર આવતાં સોનાની તેજીને પ્રેરકબળ મળી રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# નબળી ઔદ્યોગિક માગે ખાંડ નાકા ડિલિવરી ધોરણે નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)



નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૬૨૦થી ૩૬૫૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની ખપપૂરતી માગ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૨થી ૩૮૯૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૧૨થી ૩૯૯૦માં ટકેલા ધોરણે થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની એકંદરે માગ નિરસ રહેતાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો અને વેપાર અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૩૭૧૦થી ૩૭૫૦માં અને રૂ. ૩૭૯૦થી ૩૮૫૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. ■

# રવી વાવેતરમાં સાધારણ વૃદ્ધિ: ઘઉંનો વાવેતર વિસ્તાર વધીને ૩.૦૧૫ કરોડ હેક્ટર

નવી દિલ્હી: વર્તમાન રવી વાવેતરની મોસમમાં ધીમી પણ મક્કમ ગતિએ વાવેતરમાં પ્રગતિ થઈ રહી છે અને અત્યાર સુધીમાં અર્થાત્ ગત ૧૯મી નવેમ્બર સુધીમાં રવી વાવેતર ગત સાલના સમાનગાળાના ૫.૭૨૫ કરોડ હેક્ટર સામે સાધારણ વધારા સાથે ૫.૮૦૭ કરોડ હેક્ટરમાં થયું હોવાનું કૃષિ મંત્રાલયે એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

રવી વાવેતરના મુખ્ય પાક ગણાતા ઘઉંનું વાવેતર અંતિમ તબક્કામાં પહોંચ્યું છે અને અત્યાર સુધીમાં ઘઉંનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૩.૦૦૩ કરોડ હેક્ટર સામે સાધારણ વધીને ૩.૦૧૬ કરોડ હેક્ટર રહ્યો છે. નોંધનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૪ની મોસમમાં ઘઉંનો વાવેતર વિસ્તાર ૩.૨૮૦ કરોડ હેક્ટર રહ્યો હતો.

વર્તમાન રવી મોસમમાં ડાંગરનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૧.૫ લાખ હેક્ટર સામે વધીને ૧૩.૩૦ લાખ હેક્ટર રહ્યો છે. આ સિવાય કઠોળનો વાવેતર વિસ્તાર ગત સાલના ૧.૨૩૦ કરોડ હેક્ટર સામે વધીને ૧.૨૬૭ કરોડ હેક્ટરની સપાટીએ રહ્યો છે. જેમાં ચણાનો વાવેતર વિસ્તાર વધીને ૯૧.૭ લાખ હેક્ટર અને મસૂરનો વાવેતર વિસ્તાર વધીને ૧૫.૭ લાખ હેક્ટર રહ્યો છે, જ્યારે અડદ અને મગના વાવેતર વિસ્તારમાં ઘટાડો જોવા મળ્યો છે.

વધુમાં સમીક્ષા હેઠળના સમયગાળામાં તેલીબિયાંનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૯૨.૬ લાખ હેક્ટર સામે સાધારણ વધીને ૯૩.૩૦ લાખ હેક્ટર રહ્યો છે. જેમાં ખાસ કરીને રાઈ અને રાયડાનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૮૬.૫ લાખ હેક્ટર સામે વધીને ૮૭.૮ લાખ હેક્ટર રહ્યો હોવાનું કૃષિ મંત્રાલયે આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. ■

# નિરસ કામકાજે દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૬૫ સેન્ટ વધી આવ્યાના ઓવરનાઈટ અહેવાલ તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૫૧ રિંગિટ વધી આવ્યાના નિર્દેશો છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું.

ઈન્ડોનેશિયાના બાયોડીઝલ ઉત્પાદક જૂથનાં સચિવ અર્નેસ્ટ ગુનવાને જણાવ્યું હતું કે સરકારે આગામી વર્ષ ૨૦૨૬માં પામ આધારિત બાયોડીઝલ માટે ૧.૫૬૪૬ કરોડ કિલોલિટરની ફાળવણી કરવામાં આવી છે.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૨૦, ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૬, સંજય સોયાના સોયા રિફાઈન્ડના જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૭૫ અને જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૮૦, જીવનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૩ અને પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના જાન્યુઆરી અને ફેબ્રુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૫૦થી ૧૨૫૩ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, સિંગતેલના રૂ. ૧૫૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ અને સરસવના રૂ. ૧૫૦૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૪૬૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. ■

# કેએસએચ ઈન્ટ.ના શૅરનું ચાર ટકા ડિસ્કાઉન્ટથી લિસ્ટિંગ

નવી દિલ્હી: મેગ્નેટ વાઈન્ડિંગ વાયર ઉત્પાદક કંપની કેએસએચ ઈન્ટરનેશનલનાં શૅરનું આજે લિસ્ટિંગ શૅરદીઠ રૂ. ૩૮૪ના ઈશ્યૂ ભાવ સામે ચાર ટકા ડિસ્કાઉન્ટથી થયું હતું. આજે બીએસઈ અને એનએસઈ ખાતે શૅરનું લિસ્ટિંગ ઈશ્યૂ ભાવ સામે ૩.૬૪ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૭૦ના ભાવથી થયું હતું અને ત્યાર બાદ બીએસઈ ખાતે ભાવ ૭.૮૫ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૫૫ અને એનએસઈ ખાતે ભાવ ૭.૮૧ ટકા ઘટીને રૂ. ૩૫૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને કંપનીનું માર્કેટ વૅલ્યુએશન્સ રૂ. ૨૪૩૭.૮૫ કરોડની સપાટીએ રહ્યું હતું. જોકે, સત્રના અંતે ઈશ્યૂ ભાવ સામે બીએસઈ ખાતે ભાવ ૭.૬૭ ટકા ઘટીને રૂ. ૩૫૪.૫૫ના મથાળે અને એનએસઈ ખાતે ભાવ ૭.૫૫ ટકા ઘટીને રૂ. ૩૫૫ના મથાળે બંધ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે કેએસએચ ઈન્ટરનેશનલના જાહેર ભરણામાં પ્રાઈસબૅન્ડ શૅરદીઠ રૂ. ૩૬૫થી ૩૮૪ નિર્ધારિત કરવામાં આવી હતી. આ કંપની વર્ષ ૧૯૮૧થી કાર્યરત છે અને મહારાષ્ટ્રમાં રાયગઢ ખાતે એકમ ધરાવે છે અને વિવિધ પ્રકારનાં મેગ્નેટ વાઈન્ડિંગ વાયર બનાવે છે. કંપની પાસે ૧૧૭ ગ્રાહકો છે, જેમાં મુખ્યત્વે ભારત બિજલી, વર્જિના ટ્રાન્સફોર્મર કોર્પોરેશન, ભેલ, જ્યોર્જિયા ટ્રાન્સફોર્મર કોર્પોરેશન, હિટાચી એનર્જી ઈન્ડિયા અને સિમેન્સ એનર્જી ઈન્ડિયા વગેરેનો સમાવેશ થાય છે. ■

# ઓરિયન્ટ સિમેન્ટ અને અંબુજા સિમેન્ટમાં ઉછાળો

નવી દિલ્હી: અંબુજા સિમેન્ટ લિ. તેની એસીસી સહિતની પેટા કંપનીઓને મર્જ કરીને એક સિમેન્ટ પ્લેટફોર્મ બનાવીને ભારતમાં સિમેન્ટ પાવર હાઉસ બનાવી રહ્યું હોવાના અહેવાલ સાથે આજે સવારે ઓરિયન્ટ સિમેન્ટના શૅરના ભાવમાં ૧૦ ટકા જેટલો અને અંબુજા સિમેન્ટના શૅરના ભાવમાં ચાર ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. આજે બીએસઈ ખાતે સત્રના આરંભે ઓરિયન્ટ સિમેન્ટના શૅરના ભાવ ૯.૮૫ ટકાની તેજી સાથે રૂ. ૧૮૦ આસપાસ, અંબુજા સિમેન્ટના ભાવ ૪.૩૦ ટકા વધીને રૂ. ૫૬૩.૨૫ આસપાસ અને એસીસીના શૅરના ભાવ ૧.૪૭ ટકા વધીને રૂ. ૧૮૦૨ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. મર્જર પશ્ચાત્ એસીસી લિ., ઓરિયન્ટ સિમેન્ટ, પેન્ના સિમેન્ટ અને સાંઘી ઈન્ડસ્ટ્રીઝ વાર્ષિક ૧૦.૭ કરોડ ટનની ક્ષમતા સાથે અંબુજાના અભિન્ન અંગ બનશે. નોંધનીય બાબત એ છે કે અંબુજા સિમેન્ટના બૉર્ડે ગત સોમવારે એસીસી અને ઓરિયન્ટ સિમેન્ટનાં અમાલગમેશનને મંજૂરી આપી હતી.

આ મંજૂરીથી કામગીરીની કાર્યક્ષમતાઓ ખૂલશે, ઉત્પાદન અને પરિવહન અથવા તો લૉજિસ્ટિકને શ્રેષ્ઠ બનાવાશે અને કાર્યક્ષમ મૂડીનો ઉપયોગ શક્ય બનશે. વધુમાં આ સુધારાથી નફાકારકતા વધશે, ક્ષમતા વિસ્તરણને ટેકો મળશે અને લાંબાગાળે શૅર ધારકોના વળતરમાં પણ વધારો થશે, એમ કંપનીએ એક યાદીમાં જણાવ્યું છે. આ યોજના અંતર્ગત એસીસીનાં પ્રત્યેક માન્યતાપ્રાપ્ત રૂ. ૧૦ની મૂળ કિંમતનાં ૧૦૦ ઈક્વિટી શૅરધારકને અંબુજા સિમેન્ટના શૅરદીઠ રૂ. બેની મૂળ કિંમતનાં ૩૨૮ શૅર ફાળવવામાં આવશે. તે જ પ્રમાણે ઓરિયન્ટ સિમેન્ટના માન્યતાપ્રાપ્ત પ્રત્યેક રૂ. એકની મૂળ કિંમતના ૧૦૦ ઈક્વિટી શૅરધારકને અંબુજા સિમેન્ટના રૂ. બેની મૂળ કિંમતના ૩૩ શૅર ફાળવવામાં આવશે. અગાઉ એસીએલના બૉર્ડે સાંઘી ઈન્ડસ્ટ્રી અને પેન્ના સિમેન્ટના અંબુજામાં મર્જરને બૉર્ડે ગત સાલ ડિસેમ્બરમાં મંજૂરી આપી હતી અને તેની સરકારી મંજૂરીઓની પ્રક્રિયા ચાલી રહી હોવાનું કંપનીએ યાદીમાં ઉમેર્યું હતું. ■

# અમરેલીની ચલાલા નગરપાલિકામાં આંતરિક વિખવાદ બાદ ભાજપના પાલિકા પ્રમુખે રાજીનામું ધર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લાના ચલાલા (દાન ભગત)માં ભાજપ શાસિત નગરપાલિકામાં પાલિકા પ્રમુખ નયનાબેન વાળાએ સભ્યોના ભારે વિરોધ અને અસંતોષ બાદ અંતે કલેક્ટરને પોતાનું રાજીનામું સોંપી દીધું હતું. ભાજપની સ્પષ્ટ બહુમતી અને વિપક્ષ વગરની નગરપાલિકામાં નવાજૂનીએ અમરેલી ભાજપના આંતરિક વિખવાદને પુનઃ સપાટી પર લાવી દીધો છે.

મળતી વિગતો અનુસાર, અમરેલી જિલ્લાના રાજકારણમાં અને ખાસ કરીને ભાજપના ગઢ ગણાતા ચલાલામાં મોટો રાજકીય ભૂકંપ આવ્યો છે. ધારીના ધારાસભ્ય જે.વી. કાકડિયાના વતન ચલાલાની ભાજપ શાસિત નગરપાલિકામાં લાંબા સમયથી ચાલતો આંતરિક વિખવાદ હવે સપાટી પર આવ્યો છે. પાલિકાના સભ્યોના ભારે વિરોધ, અસંતોષ અને ખેંચતાણ બાદ અંતે પાલિકા પ્રમુખ નયનાબેન વાળાએ જિલ્લા કલેક્ટરને પોતાનું રાજીનામું સોંપી દીધું હતું. સત્તાવાર રીતે કૌટુંબિક કારણો આગળ ધરવામાં આવ્યા હોવા છતાં, આ રાજીનામા પાછળ પક્ષનો આંતરિક જૂથવાદ મુખ્ય કારણ હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે ચલાલા નગરપાલિકામાં તમામ ૨૪ બેઠક પર ભાજપનું એકહથ્થુ શાસન હોવા છતાં, છેલ્લા કેટલાક સમયથી પ્રમુખ અને સભ્યો વચ્ચે ગંભીર મતભેદો સર્જાયા હતા. વિરોધ કરી રહેલા સભ્યોનો આક્ષેપ હતો કે પ્રમુખ દ્વારા મનસ્વી રીતે વહીવટ કરવામાં આવતો હતો અને સભ્યોને વિશ્વાસમાં લીધા વિના જ નિર્ણયો લેવાતા હતા, જેના કારણે શહેરના વિકાસના કામો રૂંધાયાં હતાં. ઉલ્લેખનીય છે કે, થોડા સમય પૂર્વે જ બહુમતી સભ્યોએ પ્રમુખ વિરુદ્ધ મોરચો માંડ્યો હતો, જેના દબાણ હેઠળ અંતે આ રાજીનામું પડ્યું હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ■

# રાજકોટના દુકાનદારોએ પાથરણાવાળાના ત્રાસથી બપોર સુધી બંધ પાળ્યો, ૧,૫૦૦ વેપારી જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં મંગળવારે વેપારીઓ અને શેરી ફેરિયાઓ વચ્ચેનો વિવાદ વધુ વકર્યો હતો, જેના કારણે લાખાજીરાજ રોડ પર આવેલા સદીઓ જૂના લાખાજી રાજ માર્કેટમાં બંધનું એલાન કરવામાં આવ્યું હતું, જેમાં દુકાનો બપોરે ૧ વાગ્યા સુધી બંધ રહી હતી.

વેપારીઓનો આરોપ છે કે ફેરિયાઓ દ્વારા સતત અતિક્રમણને કારણે તેમના વેપાર-ધંધાને અસર થાય છે. ખાસ કરીને રવિવારે ફેરિયાઓ દુકાનોની બહાર સાદડીઓ નાખી બેસી જાય છે, લોકોની એન્ટ્રી બંધ થઈ જાય છે અને અવરજવરમાં અગવડતા રહે છે. વેપારીઓના જણાવ્યા મુજબ, છેલ્લા પાંચ વર્ષથી હેરાનગતિ ચાલુ છે અને વારંવાર વિરોધ છતાં, બજાર વિસ્તારમાંથી કાયમી ધોરણે અતિક્રમણ દૂર કરવાની તેમની માગણીનો કોઈ ઉકેલ આવી રહ્યો નથી.



(તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

મંગળવારે પાડવામાં આવેલા બંધમાં લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ અને સાંગણવા ચોકની આસપાસના વિસ્તારોના લગભગ ૧,૫૦૦ વેપારી જોડાયા હતા. સાંગણવા ચોક ખાતે પણ ધરણાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ વેપારીઓએ તાત્કાલિક વહીવટી હસ્તક્ષેપની માગણી સાથે મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપ્યું હતું.

લાખાજીરાજ રોડ વેપારી સંગઠનના સૂત્રએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે ૧૦૦ વર્ષથી વધુ જૂનું અને કરિયાણાથી લઈને કપડાં અને ફૂટવેર સુધીની દૈનિક ઘરની જરૂરિયાતો પૂરી પાડતું આ બજાર વર્ષોથી ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. તેમણે ચેતવણી આપી હતી કે જો મંગળવારના વિરોધ અને રજૂઆત પછી પણ આ મુદ્દો ઉકેલાશે નહીં, તો વેપારીઓ તેમની આખા અઠવાડિયા સુધી બજાર બંધ રાખવા તૈયાર છે. ■

# જામનગરની સરકારી મેડિકલ કોલેજમાં ૨૮ પીજી બેઠકો વધારાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરની જાણીતી એમ.પી.શાહ મેડિકલ કૉલેજ ખાતે પીજી મેડિકલની ૨૮ બેઠક વધારવામાં આવી હોવાની માહિતી મળી હતી. અહીં અલગ અલગ ૨૨ પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ થાય છે. આ નિર્ણયને પગલે મેડિકલ કમિટીના નિર્ણય મુજબ એમડી-એનેસ્થેસિયોલોજીમાં ૦૫ બેઠકો વધીને ૨૨, એમડી-જનરલ મેડિસિનમાં ૦૯ બેઠકો વધીને ૩૦, એમડી-કોમ્યુનિટી મેડિસિનમાં ૦૩ બેઠકો વધીને ૧૫ અને એમડી-રેડિયો ડાયગ્નોસિસમાં ૦૩ બેઠકો વધીને ૧૫ થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ભાવનગરમાં પતિને દોરડાથી બાંધી પત્નીએ પિતા અને ભાઈ સાથે મળી માર માર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના ભરતનગર વિસ્તારમાં આવેલા શેત્રુંજય રેસિડેન્સીમાં રહેતા અને પોસ્ટ ઓફિસમાં નોકરી કરતા યુવાનને પત્ની સાથે ઝઘડો થતા પત્ની એ ફોન કરી તેના પિયરિયાને બોલાવતા યુવાનના સસરા, મોટા સસરા અને સાળાએ આવી તેની પત્ની સાથે મળી પ્રથમ યુવાનને દોરડા વડે બાંધી દઈ ઢીંકાપાટુ વડે માર મારી સાળાએ સાણસીથી ચીંટિયા ભરી ઇજાઓ કર્યાની ફરિયાદ યુવાને નોંધાવી હતી.

શહેરના ભરતનગર વિસ્તારમાં આવેલા શેત્રુંજય રેસીડેન્સી વિભાગ-૧માં રહેતા અને હેડ પોસ્ટ ઓફિસમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા રાહુલભાઈ જયંતીલાલ ભટ્ટે ભરતનગર પોલીસ મથકમાં તેના પત્ની અમિતાબેન રાહુલભાઈ ભટ્ટ, તળાજા તાલુકાના ઈસોરા ગામે રહેતા સસરા રોહિતભાઈ રાઘવજીભાઈ જાળેલા, સાળા સુભાષ રોહિતભાઈ જાળેલા અને મોટા સસરા વેણી રાઘવજીભાઈ જાળેલા સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે રાત્રીના નવ કલાકના અરસા દરમિયાન તેને તેમજ તેના પત્ની વચ્ચે બાળકોના કપડાં લેવા બાબતે વાતચીત કરતા હતા ત્યારે બન્ને વચ્ચે બોલાચાલી થતા ઝઘડો અને ધોલ-થપાટ થઈ હતી. તે વાતને લઈ તેના પત્ની અમિતાબેને તેના પિયરમાં ફોન કરતા તેના સસરા, સાળા અને મોટા સસરાએ વેગન આર કારમાં તેના ઘરે આવી ઘરમાં ઘૂસી દરવાજો બંધ કરી દઈ તેના સાળાએ તેને દોરી વડે હાથ પગ બાંધી દઈ નીચે પછાડી ગોંધી રાખી તેના સસરા, સાળા, મોટા સસરાએ ઢીંકાપાટુનો માર મારી તેમજ તેના સાળાએ સાણસી વડે ચીટિયા ભરી લોખંડના સળિયા વડે માર મારી ફ્રેક્ચર કરી નાખી ઈજા પહોંચાડી હતી. રાહુલભાઈએ નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે તમામ સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. ■

# નલિયા કરતા જૂનાગઢ-અમરેલી ઠંડા, પણ શિયાળાની મજા જામતી નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડિસેમ્બર મહિનાના માત્ર દસ દિવસ બાકી રહ્યા હોવા છતાં સૌરાષ્ટ્રભરમાં ઠંડીનો માહોલ જામતો નથી. આ સમયગાળામાં ઠેરઠેર તાપણા થતાં હોય, લોકો ગરમ કપડાં વિના રહી શકતા ન હોય તેમ જ ખાણીપીણી દરેકમાં ઠંડીની મોમસ ભાગ ભજવતી હોય છે, પરંતુ આ વર્ષે શિયાળાની ઠંડી જોઈએ તેવી વર્તાતી નથી. આમ થવાથી અમુક ખેતી અને બાગાયતી પાકને પણ અસર થવાની સંભાવના છે.

મંગળવારની વાત કરીએ તો કચ્છના નલિયા કરતા જૂનાગઢ અને અમરેલીમાં વધારે ઠંડી નોંધાઈ હતી. હવામાન ખાતાના આંકડા પ્રમાણે નલિયામાં લઘુતમ તાપમાન ૧૪.૬ ડિગ્રી નોંધાયું હતું જ્યારે અમરેલીમાં ૧૨ ડિગ્રી અને જૂનાગઢમાં ૧૨.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત પોરબંદરમાં ૧૫ ડિગ્રી, ભાવનગરમાં ૧૫, જામનગરમાં પણ ૧૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જ્યારે રાજકોટમાં ૧૩.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ દરેક મથકોમાં મહત્તમ તાપમાનની વાત કરીએ તો ૩૦ ડિગ્રી નોંધાયું હતું. ■

# વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સમાં અલંગનું રિસાઈકલિંગ હબ બનશે આકર્ષણનું કેન્દ્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તાર માટે વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સની બીજી આવૃત્તિ જાન્યુઆરી ૨૦૨૬માં રાજકોટ ખાતે યોજાવા જઇ રહી છે, જેમાં ગુજરાત ફરી એકવાર પોતાની દરિયાઈ શક્તિને વિશ્વ સમક્ષ રજૂ કરશે. ગુજરાત મેરિટાઈમ બોર્ડના માર્ગદર્શન હેઠળ વિકસિત અલંગ સોસિયા શિપ રિસાઈક્લિંગ યાર્ડ વૈશ્વિક શિપ રિસાઈક્લિંગ ક્ષેત્રમાં લગભગ ૩૨ ટકા યોગદાન આપે છે.

અલંગમાં અત્યાર સુધી ૮,૮૦૦થી વધુ જહાજોનું સુરક્ષિત અને નિયમિત રીતે રિસાઈક્લિંગ થયું છે, જેમાંથી મળતી સામગ્રીનો ૯૯.૯૫ ટકા સુધીનો પુનઃઉપયોગ થતો હોવાથી આ સ્થળ ગ્રીન-ઇકોનોમી મોડલનું ઉત્તમ ઉદાહરણ છે. જોખમી હોય કે બિનજોખમી સામગ્રી, દરેકનો વૈજ્ઞાનિક નિકાલ અહીં થાય છે.

વર્ષ ૨૦૨૪૨૫ દરમિયાન વૈશ્વિક પડકારો વચ્ચે પણ અલંગે સ્થિર કામગીરી નોંધાવી અને ૧૧૩ જહાજોનું રિસાઈક્લિંગ કર્યું હતું. વર્ષ ૨૦૨૫-૨૬ની શરૂઆતમાં જહાજોના આગમનમાં ૧૩ ટકા વૃદ્ધિ નોંધાતા ક્ષેત્રમાં ફરી સકારાત્મક ગતિ દેખાઈ રહી છે. ગુજરાત સરકારે આગામી ૧૦ વર્ષમાં ૧૫,૦૦૦ જહાજોનું રિસાઈક્લિંગ કરવાનું મિશન, જેમાં અલંગની ક્ષમતાને ૪.૫ મિલિયન એલડીટીથી વધારીને ૯ મિલિયન એલડીટી સુધી વિસ્તૃત કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

રાજકોટ ખાતે ૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬માં યોજાનારી વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ-કચ્છ અને સૌરાષ્ટ્રમાં અલંગને માત્ર રિસાઈક્લિંગ યાર્ડ તરીકે નહીં, પરંતુ રાજ્યની મેરિટાઈમ શક્તિ, ગ્રીન ટેક્નોલોજી, સરળ અને અનુકૂળ વ્યવસાયિક પરિસ્થિતિના ઉત્તમ ઉદાહરણ તરીકે રજૂ કરવામાં આવશે, તેમ અખબારી યાદીમાં જણાવવામા આવ્યું હતું. ■

# ભાવનગર-બોટાદ જિલ્લા કક્ષાની બહેનો માટેની સાંસદ ખેલ મહોત્સવ સ્પર્ધાનો નિમુબેન બાંભણિયાએ આરંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના સિદસર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે ભાવનગર-બોટાદ જિલ્લા કક્ષાની બહેનો માટેની સાંસદ ખેલ મહોત્સવ સ્પર્ધાનો કેન્દ્રીય રાજ્ય પ્રધાન નિમુબેન બાંભણિયાએ પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે નિમુબેન બાંભણિયાએ જણાવ્યું હતું કે, દેશનાં વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ સાંસદ ખેલ મહોત્સવ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. સાંસદ ખેલ મહોત્સવ થકી આજે શહેર, જિલ્લા અને અંતરિયાળ વિસ્તારના યુવાઓની પ્રતિભાને યોગ્ય પ્લેટફોર્મ મળી રહ્યું છે. ૧.૭૮લાખથી વધુ ખેલાડીઓએ રજિસ્ટ્રેશન કરાવીને રમતક્ષેત્રે અભૂતપૂર્વ રસ દાખવ્યો છે. તે બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતાં. દિવ્યાંગ ખેલાડીઓમાં રહેલી કુશળતા, કૌવતને બહાર લાવવા માટે સાંસદ ખેલ મહોત્સવ ખુબ જ મહત્વપૂર્ણ બની રહ્યો છે, વિવિધ રમતો થકી દરેક ખેલાડીઓમાં ખેલદિલીની ભાવના વિકસી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું.

સાંસદ ખેલ મહોત્સવ સ્પર્ધા દરમિયાન કેન્દ્રીય રાજયમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા અને મેયર ભરતભાઈ બારડે ભૂલાતી જતી નારગેલ જેવી રમતો રમીને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ સ્પર્ધામાં જિલ્લાભરના ૨૫૦૦થી વધુ મહિલા રમતવીરોએ તેમજ ૩૦૦થી વધુ ભાઈઓએ વિવિધ રમતોમાં સહભાગી થયાં હતાં. કોથળા દોડ, સંગીત ખુરશી, નારગેલ, ગોળ ફેંક જેવી રમતો રમાડવામાં આવી હતી. ■

# રાજકોટના નવા રિંગરોડ પર નિર્માણાધિન બ્રિજનો સ્લેબ તૂટ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના નવા ૧૫૦ ફૂટ રિંગરોડ પર ટીલાળા ચોક પાસે નિર્માણાધિન એક બ્રિજનો સ્લેબ તૂટી પડતા ફરી વિવાદ સર્જાયો હતો. જોકે આ મામલે રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (ઔડા)એ એવો જવાબ આપ્યો હતો કે કામ ચાલી રહ્યું હતું તે દરમિયાન સ્લેબનો ભાગ બેસી ગયો હતો અને તેથી કામ બંધ કરવાની સૂચના આપી સ્લેબનો ભાગ તોડી પાડવા જણાવવામાં આવ્યું હતું.



(તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નવા ૧૫૦ ફૂટ રિંગરોડ પર હાલ ફોરટ્રેકની કામગીરી ચાલી રહી છે. જેમાં ટીલાળા ચોક નજીક એક બેઠાપુલનું કામ ચાલી રહ્યું છે. સોમવારે પુલનો સ્લેબ ભરતી સમયે એક ગાળો બેસી ગયો હતો.બ્રિજને તોડી કાટમાળ દૂર કરવા કામગીરી હાથ ધરવામાં આવી છે. સદનસીબે જાનહાનિ થતા અટકી છે

શહેરમાં એક બેઠા પુલનું કામ ચાલી રહ્યું છે. સોમવારે સ્લેબ ભરતાની સાથેજ પડી ભાંગ્યો હતો. આ ઘટનામાં જાનહાનિ ટળી હતી. મનપાએ કોન્ટ્રાક્ટરને સ્લેબ તોડી કટમાળ દૂર કરવાનો આદેશ આપ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અધિકારીના જણાવ્યા અનુસાર સ્લેબનું ટોટલ વજન અંદાજિત ૨૦૦ ટનનું હતું, જે નમી પડ્યો હતો.

મનપાના એન્જિનિયરે તાત્કાલિક તંત્રને જાણ કરી હતી અને તકેદારીપૂર્વક કાટમાળ ખસેડવામાં આવ્યો હતો. પુલનું કામ ફરી ટૂંક સમયમાં શરૂ થઈ જશે, તેમ પણ અધિકારીએ જણાવ્યું હતું. ■

# ભાવનગર જિલ્લામાં ૧.૨૭ લાખથી વધુ લાભાર્થી મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહારનો લાભ મેળવી રહ્યા છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ પી.એમ.પોષણ યોજના હેઠળ રાજ્યની શાળાઓના વિદ્યાર્થીઓને બપોરનું ગુણવત્તાયુક્ત ભોજન આપવામાં આવે છે. સુપોષિત ગુજરાત મિશન હેઠળ રાજ્યની પોષણલક્ષી યોજનાઓને સુદૃઢ કરી વ્યાપ વધારવા અનેક નવાં આયોજન હાથ ધરવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ-૨૦૧૩ અને ભારત સરકારની માર્ગદર્શિકામાં જણાવ્યા મુજબ પી.એમ.પોષણ યોજના હેઠળ સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ પ્રાથમિક શાળાના બાલવાટીકાથી ધોરણ ૮ સુધીના વિદ્યાર્થીઓને નિયત જથ્થાનું અને નિયત કેલરી પ્રોટીન ધરાવતું બપોરનું ભોજન આપવાનું હોય છે. સરકારી અને ગ્રાંટ ઇન એઇડ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને બપોરના ભોજન ઉપરાંત શિક્ષણ કાર્ય શરૂ થાય તે પહેલાં-પ્રાર્થના સમયે પૌષ્ટિક અલ્પાહાર-બ્રેકફાસ્ટ આપવામા આવે છે.

જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં પી.એમ.પોષણ યોજના અંતર્ગત મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાનો લાભ કુલ ૯૩૩ મધ્યાહ્ન ભોજન કેન્દ્રો ઉપર સરકારી તેમજ ગ્રાંટ ઈન એઈડ પ્રાથમિક શાળાઓમાં બાલવાટિકાથી લઈને ધોરણ ૮ સુધી બપોરનાં ગરમ ભોજન ઉપરાંત શાળાનાં રસોડામાં જ તૈયાર કરી આપવામાં આવે છે. જેમાં નવેમ્બર-૨૫ દરમિયાન અંદાજીત ૧,૨૭,૫૨૬ લાભાર્થીઓએ લાભ લીધેલ છે.

આમ, મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના હેઠળ વિદ્યાર્થીઓને બપોરના ભોજન ઉપરાંત પૌષ્ટિક અલ્પાહાર શાળાના રસોડામાં તૈયાર કરીને આપવામાં આવે છે તેમજ બાળકો માટેના અલ્પાહાર માટે સોમવારથી શનિવાર સુધીનું મેનૂ તૈયાર કરીને અલગ અલગ અલ્પાહાર આપવામાં આવે છે. ■

# ભાવનગરમાં તા. ૨૮ ડિસેમ્બરે પત્રકાર એકતા પરિષદનું જિલ્લા અધિવેશન યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ નવા વર્ષનું પત્રકાર એકતા પરિષદનું જિલ્લા અધિવેશન ભાવનગર શહેરના શિવશક્તિ હોલ, ક્રેસન્ટ ખાતે સવારે ૧૦ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. ભાવનગર બોટાદના ૨૫૦ જેટલા પત્રકારો, સાથે જિલ્લા, ઝોન, પ્રદેશ અને ૩૪ જિલ્લાના પ્રમુખોની ટીમ પણ અધિવેશનમાં આવવા આમંત્રણ અપાઈ રહ્યા છે જેની સંભવિત સંખ્યા ૧૫૦ જેટલી થાય તેવી સંભાવના છે. જિલ્લા અધ્યક્ષ મિલનભાઈ કુવાડિયાના નેતૃત્વમાં આયોજન સમિતિ સક્રિય બની છે, રાજસ્થ આગેવાનો, અધિકારીઓ, સમાજ શ્રેષ્ઠીઓ ને આમંત્રણ અપાઈ રહ્યા છે.

અધિવેશનમાં આવનાર આશરે ૪૦૦ પત્રકારો, આમંત્રિતો માટે ભોજન, સન્માન અને ભેટની વ્યવસ્થાઓ ગોઠવાઈ રહી છે, ત્યારે લોકો પણ સહકાર આપી રહ્યા છે. આ અધિવેશન માત્ર ખાધું, પીધું ને રાજ કર્યું, એટલા પૂરતું સીમિત નથી, પરંતુ સમગ્ર ગુજરાતમાં પત્રકાર એકતા પરિષદ સાથે જોડાયેલા હજારો પત્રકારોને નાના મોટાના ભેદભાવ વિના ૧૦ લાખ નો અકસ્માત વીમા કવચ સંગઠન દ્વારા પૂરું પાડવાનો પ્રારંભ ભાવનગર કરી રહ્યું છે.

છેલ્લાં સાત વર્ષ થી પત્રકારો ની સમસ્યાઓ માટે જરૂરી લડત સાથે સરકારમાં રજૂઆતો કરતા પોઝિટિવ પરિણામ પણ મળ્યા છે, છતાં ચર્ચા ચાલુ છે, ત્યારે માત્ર પત્રકારની નહીં, પત્રકારના પરિવારની ચિંતા માટેનું વર્ષ ઉજવવા નક્કી કર્યું છે, પ્રદેશ સમિતિ, ૧૨ ઝોન અને મહિલા વિંગની વિશેષ જવાબદારી દરેક જિલ્લા ટીમ સાથે ખભે ખભો મિલાવી, પત્રકારોના વીમા માટેના ડોક્યુમેન્ટ્સ તેમજ સદસ્યતા માટેના ફોર્મ એકત્ર કરવા આયોજન કરવામાં આવ્યું છે. સૌનો સાથ સૌનો સહકાર એક વર્ષમાં ૩૪ જિલ્લાના પત્રકારો ને ૧૦ લાખ વીમાનો લાભ મળી રહે એવો ટાર્ગેટ પ્રદેશ સમિતિ માં નક્કી થયો છે,ત્યારે પ્રદેશ ના ઉપપ્રમુખો પણ બે ત્રણ જિલ્લા કે મહા મંત્રીઓ પણ બે ત્રણ જિલ્લા ની જવાબદારી સંભાળે તેવી વ્યવસ્થા ગોઠવાઈ રહી છે.

સામાન્ય રીતે રાત દિવસ ટુ વ્હિલર લઈ દોડતા પત્રકારનો જીવ પડીકે બંધાયેલો હોય છે, ત્યારે આકસ્મિક કાઈ ઘટના બને તો પરિવારનું કોણ..? આ પરિવારોની ચિંતા એટલે ૧૦ લાખના અકસ્માત વીમાનું કવચ સંગઠન પૂરું પાડશે. ભાવનગર, બોટાદ અને સ્ટેટ મહિલા વિંગ ના પ્રીમિયમ ભરાઈ ગયા છે. આ સંમેલનમાંઉપસ્થિત રહેવા,અધિવેશનમાં ભાગ લેવા પત્રકારોને લાભુભાઈ કાત્રોડીયા દ્વારા આમંત્રણ પાઠવાયું છે. ■

# ગાંધીધામમાં દબાણ હટાઓ ઝુંબેશ જારી

## રાજવી ફાટકથી ભવાની નગર ફાટક સુધીના વિસ્તારમાં ૭૦થી વધુ કાચા-પાકા અતિક્રમણ હટાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ઔદ્યોગિક શહેર ગાંધીધામ સંકુલમાં મહાનગરપાલિકા દ્વારા છેડવામાં આવેલી મેગા ડિમોલિશન ડ્રાઈવ ફરી આગળ વધી છે અને રાજવી ફાટકથી ભવાનીનગર રેલવે ફાટક સુધીના વિસ્તારમાં પેયજળની લાઈન ઉપર ખડકી દેવામાં આવેલાં દબાણોને હટાવી લેવામાં આવ્યાં હતા.

આ દબાણોને લઈને પાણીની ક્ષતિગ્રસ્ત લાઈનોના સમારકામ માટે મુશ્કેલીઓ ઊભી થઈ રહી હતી. પાણીના વેડફાટના કારણે માર્ગનું ધોવાણ થતાં મહાનગરપાલિકાના વહીવટી તંત્રએ નોટિસ મર્યાદા પૂર્ણ થયે ૭૦ જેટલા અતિક્રમણોને દૂર કર્યા હતા.

આ અંગે મનપાની દબાણ શાખાના ઇન્સ્પેક્ટર ગાયત્રી પ્રસાદ જોશીએ જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરુવાણીની સૂચના બાદ નાયબ મ્યુનિસિપલ કમિશનર સંજય રામાનુજ, પાણી વિભાગના દિનેશ પૂજારા, લાઈટ વિભાગના જિજ્ઞેશ જોશી સહિતના ૧૫ કર્મચારીનો કાફલો ચાર ટ્રેક્ટર અને ત્રણ જેસીબી સાથે રાજવી ફાટકથી ભવાની નગર ફાટક સુધી ફેલાયેલાં દબાણ સ્થળ પર પહોંચ્યો હતો અને ૭૦ જેટલાં દબાણોને શાંતિપૂર્વક માહોલમાં હટાવી લેવામાં આવ્યાં હતાં.

તેમણે ઉમેર્યું હતું કે, વર્ષોથી અતિક્રમણોના ભાર તળે દબાયેલો ૮૦ ફૂટનો માર્ગ ખુલ્લો થયો છે. વહીવટી તંત્ર દ્વારા પાણીની લાઈનમાં રહેલા લીકેજો દૂર કરીને ક્ષતિગ્રસ્ત થયેલા અત્યંત વ્યસ્ત માર્ગની ત્વરિત મરામત કરવામાં આવશે. ભૂતકાળમાં અહીં દબાણ હટાવવાની કાર્યવાહી નિષ્ફળ રહી હતી, ત્યાર પછી મહાનગરપાલિકા દ્વારા નોટિસો આપીને દબાણો દૂર કરવામાં આવ્યાં હોવાનું ગાયત્રીબેન જોશીએ ઉમેર્યું હતું. ■

# કચ્છમાં ઠંડી-ઝાકળની જબરી ગેરહાજરીઃ ઘઉંના ઉત્પાદન પર અસર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પોષ મહિનો શરૂ થઇ ચૂક્યો હોવા છતાં આ રણપ્રદેશ કચ્છમાં હજુ તેની તાસીર પ્રમાણે ઠંડી અનુભવાતી નથી અને કચ્છના ઇતિહાસમાં પ્રથમ વખત પસાર થઇ ગયેલા સમગ્ર માગસર મહિનામાં પણ હાડથીજાવતી ઠંડીની ગેરહાજરી અનુભવાઈ હતી અને લોકોને ખાસ કરીને રાત્રી દરમ્યાન પંખા 'ઓન' કરવા પડ્યા હતા. આશ્ચર્યજનક રીતે શહેરોના નવા વિકસતા જતા વિસ્તારોમાં, જ્યાં ઠંડી વધુ પડવી જોઈએ ત્યાં પણ ઠંડીનું પ્રમાણ ઓછું રહેતાં, આ વખતે શિયાળો એકંદરે હજુ સુધી હૂંફાળો રહેવા પામ્યો છે.

કચ્છનું તાપમાન રાત્રી દરમ્યાન ઊંચું રહેતું હોવાથી આ શિયાળા દરમ્યાન રાત્રી હૂંફાળી થવા પામી છે. ભુજમાં લઘુતમ તાપમાન સામાન્ય વર્ષો કરતાં આ વર્ષે અત્યારસુધી લગભગ છ ડિગ્રી જેટલું ઊંચું રહેવા પામ્યું છે, તો રાજ્યના સૌથી ઠંડા મથકમાં જેનો સમાવેશ થાય છે તે કચ્છના અબડાસા તાલુકાના નલિયા ખાતે લઘુતમ તાપમાન લગભગ પાંચ ડિગ્રી સે. જેટલું ઊંચું રહેવા પામ્યું છે, જેને લઈને રાત્રી હૂંફાળી બની જવા પામી છે અને આવું પ્રથમવાર બની રહ્યું છે.

રાજ્યના કાંઠાળ વિસ્તારોની વાત કરીએ તો દ્વારકા અને ઓખા વિસ્તારમાં જાણે હજુ શિયાળો આવ્યો જ ન હોય તેમ લઘુતમ તાપમાન અનુક્રમે ૨૦ ડિગ્રી અને ૨૨ ડિગ્રી સે. રહેવા પામ્યું છે, જયારે પોરબંદર, વેરાવળ અને દમણમાં લઘુતમ તાપમાન ૧૬થી ૧૭ ડિગ્રી સે. જેટલું રહેવા પામ્યું છે. આ ઉપરાંત શિયાળો હોવા છતાં મહત્તમ તાપમાન પણ નોંધપાત્ર રીતે ઊંચા જણાયાં છે.

કચ્છમાં હજુ સુધી શિયાળો આક્રમક ન બનતાં ગરમ વસ્ત્રો અને વસાણાની બજારમાં ઘરાકી જામી નથી.

આ પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક છે અને જો આવું જ વાતાવરણ રહેશે અને પોષ મહિનાના બાકી રહેતા ૨૭ દિવસો આવા જ પસાર થશે તો ઘઉંના ઉત્પાદન પર અને અન્ય શિયાળુ પાક પર તેની વિપરીત અસર થવાનો ભય દર્શાવાઈ રહ્યો છે. ■